CMYK CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ ભાદરવા વદ - ૬ | શુક્રવાર તા.૦૨-૧૦-૨૦૨૬ | અંક : ૮૬ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# અરવલ્લીમાં પોલીસ અને બિશ્નોઇ ગેંગનું સામસામું ફાયરિંગ

## પોશડોડા ભરેલી કારને રોકવા જતા માફિયાઓનું પોલીસ પર ફાયરિંગ, પોલીસે સામું ૩ રાઉન્ડ ફાયરિંગ કર્યું, ૧ આરોપીને પગમાં ગોળી વાગતા પકડાયો, પીઆઈ સહીત ૩ પોલીસ ઈજાગ્રસ્ત

મોડાસા,

અરવલ્લી જિલ્લાના માલપુર નજીક આવેલા મોરડુંગરી પાસે માદક પદાર્થોની હેરાફેરી કરતા શખ્સો અને પોલીસ વચ્ચે અથડામણની ઘટના બહાર આવી છે. અરવલ્લી પોલીસ દ્વારા પોશડોડા ભરેલી એક શંકાસ્પદ કારને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જે દરમિયાન આરોપીઓ દ્વારા નાસી જવાના ઈરાદે પોલીસ ટીમ પર ગોળીબાર શરૂ કરી દેવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનામાં પોલીસે સ્વબચાવમાં વળતો જવાબ આપતા બંને પક્ષે સામસામે ૫ રાઉન્ડ જેટલું ફાયરિંગ થયું હતું.



આખરે એક આરોપીને પગના ભાગે ગોળી વાગતા તેને ઝડપી લેવામાં પોલીસને મોટી સફળતા મળી છે.વહેલી સવારે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા.આ શખ્સો બિશ્નોઇ ગેંગના માણસો હોવાનું ખુલ્યું હતું.

મળતી વિગતો અનુસાર, પોલીસે શંકાસ્પદ કારને રોકવાની કોશિશ કરતા જ બુટલેગરોએ પોલીસ પર બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ હુમલાનો સામનો કરતા અરવલ્લી લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઇ એમ.એચ. ઝાલાએ જવાબી કાર્યવાહી રૂપે ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ગોળીબારના આ અવાજોથી આસપાસનો વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. ફાયરિંગની આ ઘટનામાં એક આરોપીને પગમાં ગોળી વાગી જતાં તે ઘાયલ થયો હતો, જેને પરિણામે પોલીસે ભારે જહેમત અને જીવના જોખમે પણ આરોપીને દબોચી લીધો હતો અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ સામસામી અથડામણ અને ઝપાઝપીમાં પોલીસ અધિકારીઓ અને જવાનોને પણ ઈજાઓ પહોંચી છે. જેમાં ન્ઝ્મ્ એમ.એચ. ઝાલા, જૈં પી.પી. સોલંકી તેમજ છજૈં કલ્પેશભાઈ ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાસ્થળેથી અને આરોપીની કારની તપાસ લેતા પોલીસને બે ઘાતક હથિયારો મળી આવ્યા હતા. પકડાયેલા આરોપી પાસેથી એક અને કારમાંથી બીજી એમ કુલ બે માઉઝર પિસ્તોલ જપ્ત કરવામાં આવી છે. ચોંકાવનારી બાબત એ છે કે, આ માદક પદાર્થોની હેરાફેરીના નેટવર્કમાં ફરી એકવાર કુખ્યાત બિશ્નોઇ ગેંગનું નામ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

# તીરંદાજીમાં મહિલા રિકર્વ ટીમે ગોલ્ડ જીત્યો

નાગોયા,

એશિયન ગેમ્સ ૨૦૨૬ના ૧૪મા દિવસે આજે ભારતે ૧૧મો ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો. તીરંદાજીમાં મહિલા રિકર્વ ટીમે દક્ષિણ કોરિયાને ૫-૩થી હરાવીને ઈતિહાસ રચી દીધો. ભારત તરફથી કીર્તિ, કુમકુમ અને અંકિતાએ મુશ્કેલ સ્થિતિમાં સારી રમત દાખવતા આ જીત નોંધાવી હતી. એશિયન ગેમ્સના ૭૫ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર ભારતની મહિલા રિકર્વ ટીમે એશિયન ગેમ્સમાં કોઈ ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. આ મેચ શરૂઆતથી જ ટક્કરની રહી હતી. સ્થિતિ પણ અનુકુળ નહોતી. એટલા માટે બંને ટીમના ખેલાડીઓ માટે પરફેક્ટ ૧૦ નો સ્કૉર કરવો મુશ્કેલ હતો.

બંને ટીમે કુલ ૪૮ શૉટ ફટકાર્યા હતા જેમાંથી ફક્ત ૧૨ વખત ખેલાડીઓ ૧૦નો સ્કૉર કરી શક્યા હતા. મુશ્કેલ સ્થિતિમાં બંને તરફથી ૭ અને ૮નો



સ્કૉર પણ થયો હતો. પહેલા સેટમાં ભારત અને દક્ષિણ કોરિયા ૫૪-૫૪થી બરાબરી પર હતા. બીજા સેટમાં પણ બંને ટીમે ૫૬-૫૬ નો સ્કૉર કર્યો હતો.

જોકે ત્રીજા સેટમાં ભારતે લીડ મેળવી અને ૫૫-૫૧થી જીતીને સેટ પોતાના નામે કર્યો હતો. આ સાથે ૨ બહુમુલ્ય પોઈન્ટ પણ મળ્યા હતા. ત્યાં સુધી ભારતને ૪-૨ની લીડ મળી ગઈ હતી.છેલ્લા સેટમાં ભારતે ડ્રૉ રમવાની જરૂર હતી.

# ફ્લાયદુબઈ ઘટના બાદ પાઈલટની સુરક્ષા ઉપર ઊઠ્યા સવાલ

## ભારતીય વાયુસેનાના નિવૃત્ત પાઈલટ અને વરિષ્ઠ વિંગ કમાન્ડર પ્રશાંત કરડેએ આપી ચેતવણી

મુંબઈ,

ફ્લાયદુબઈની દુબઈથી તેલ અવીવ જતી ઉડાનમાં બનેલી ગંભીર ઘટના બાદ પાઇલટોના વર્તન અને તેમની વિચારધારાને સમજવા માટે નવી મૂલ્યાંકન પદ્ધતિ આવશ્યકતા હોવાનું મહત્વપૂર્ણ નિવેદન ભારતીય વાયુસેનાના નિવૃત્ત પાઈલટ અને વરિષ્ઠ વિમાન કમાન્ડર વિંગ કમાન્ડર પ્રશાંત કરડેએ આપ્યું છે.

૩૭ વર્ષમાં ૧૬ હજારથી વધુ કલાક ઉડાનનો અનુભવ ધરાવતા કરડેએ જણાવ્યું કે પાઈલટોની પસંદગી પ્રક્રિયા કડક હોવા છતાં વ્યક્તિની વિચારધારા ઉગ્રતાવાદી વલણને સમજવું મુશ્કેલ છે.

કરડેએ જણાવ્યું હતું કે ઉડ્ડયન ક્ષેત્રમાં કામગીરી સાથે નજીકથી સંકળાયેલા પાઈલટો અને અન્ય કર્મચારીઓના વર્તન તથા વલણનું મૂલ્યાંકન અને સતત દેખરેખ રાખવા માટે નવી વ્યવસ્થા સમયની જરૂરિયાત છે. ત્યાં સુધી ઉડ્ડયન ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોએ આસપાસના લોકો અને તેમના વર્તન અંગે સતર્ક, સક્રિય અને જવાબદાર રહેવું જરૂરી હોવાનું તેમણે કહ્યું હતું.ફ્લાયદુબઈની બોઈંગ ૭૩૭ મેક્સ ઉડાનમાં બનેલી આ ઘટનાએ વૈશ્વિક ઉડ્ડયન ક્ષેત્ર અને ખાસ કરીને પાઈલટ સમુદાયને હચમચાવી દીધો હોવાનું કરડેએ જણાવ્યું હતું.

# સમૃદ્ધિ એક્સપ્રેસ-વે પર ભયાનક અકસ્માત:સાતના મોત

## પૂરપાટ ઝડપે આવી રહેલી એક ટ્રક અને પિકઅપ વાન વચ્ચે સામસામે જોરદાર ટક્કર, વેનમાં ફસાયેલા લોકોને ક્રેન અને કટરની મદદથી બહાર કઢાયા

નાગપુર,

મહારાષ્ટ્રના સૌથી ફાસ્ટેસ્ટ ગણાતા હિન્દુ હૃદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરે સમૃદ્ધિ મહામાર્ગ એટલે કે સમૃદ્ધિ એક્સપ્રેસવે (Samruddhi Expressway) પર વધુ એક અત્યંત દર્દનાક અને ભીષણ માર્ગ અકસ્માતમાં સાત લોકોના મૃત્યુ થયાહોવાની માહિતી સામે આવી રહી છે.

મહારાષ્ટ્રના નાગપુર નજીક સમૃદ્ધિ એક્સપ્રેસવે પર પૂરપાટ ઝડપે આવી રહેલી એક ટ્રક અને પિકઅપ વાન વચ્ચે થયેલી સામસામેની જોરદાર ટક્કરમાં સાત લોકોનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. આ દુર્ઘટનામાં અન્ય ઘણા મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, જેમને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાની માહિતી પણ સૂત્રો દ્વારા મળી રહી છે. અકસ્માત એટલો ગમખ્વાર હતો કે પિકઅપ વાનનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

પ્રાથમિક અહેવાલો મુજબ, સમૃદ્ધિ એક્સપ્રેસવે પર આગળ જઈ રહેલા અથવા વળાંક લઈ રહેલા વાહનને પાછળથી પૂરઝડપે આવી રહેલી ટ્રકે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભીષણ હતો તેનો અવાજ સાંભળીને આસપાસના સ્થાનિકો અને પેટ્રોલિંગ ટીમ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પિકઅપ વેનમાં ફસાયેલા લોકોને ક્રેન અને કટરની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા. વાહનમાં સવાર સાત મુસાફરોના ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરુ ઊડી ગયા હતા, જ્યારે ગંભીર ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સ મારફતે નજીકની સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે



ઉદ્ઘાટન બાદથી જ સમૃદ્ધિ મહામાર્ગ પર અકસ્માતોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. ઓવર સ્પિડિંગ (Over-speeding), ડ્રાઈવરોને આવતી ઊંઘનું ઝોકું (Highway Hypnosis) અને વાહનોના ટાયર ફાટવા જેવી સમસ્યાઓ જીવલેણ સાબિત થઈ રહી છે. ઘટનાની માહિતી મળતાં જ સ્થાનિક પોલીસ અને હાઈવે ઓથોરિટીના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ટ્રાફિક વ્યવહાર પૂર્વવત કરવામાં આવ્યો છે અને અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા આગળની કાનૂની તપાસ હાથ ધરાઈ છે.

# ત્રણ હજાર કરોડના ડ્રગ્સ સાથે પકડાયેલા પાંચ પાકિસ્તાની ૧૩મી સુધી રિમાન્ડ પર

## ૩ હજાર કરોડનું ડ્રગ્સ ઝડપાયું તે ઈરાની બોટ વલસાડના નારગોલ બંદરે લંગારવામાં આવી

અમદાવાદ,

ત્રણ હજાર કરોડના ડ્રગ્સ કેસમાં પકડાયેલા પાંચ આરોપીઓનો સઘન પોલીસ સાયન્સ સાથે ગુજરાત એટીએસ દ્વારા આજે મેટ્રો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં કોર્ટે તમામ પાકિસ્તાની આરોપીઓને ૧૩ ઓક્ટોબર સુધી રિમાન્ડ પર સોંપવા આદેશ કર્યો છે.

ગુજરાત એટીએસ અને કોસ્ટગાર્ડ દ્વારા લક્ષદીપ નજીક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ઈરાની બોટમાંથી અંદાજે ૩ હજાર કરોડની કિંમતનું ૫૨૬ કિલો સ્થ ડ્રગ્સ ઝડપી પાડવામાં આવ્યું છે. જેમાં ૫ પાકિસ્તાની નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી આ કરોડો રૂપિયાના ડ્રગ્સ ભરેલી વિદેશી બોટને વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના નારગોલ બંદરે લંગારવામાં આવી છે. જ્યાં માછીમારોમાં ભારે કુતૂહલ જોવા મળ્યું છે અને મરીન પોલીસ તેમજ એસઓજી દ્વારા બોટની ઝીણવટભરી તપાસ માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

ત્રણ હજાર કરોડના ડ્રગ્સ કેસમાં પકડાયેલા પાંચ આરોપીઓનો સઘન પોલીસ સાયન્સ સાથે ગુજરાત એટીએસ દ્વારા આજે મેટ્રો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં કોર્ટે તમામ પાકિસ્તાની આરોપીઓને ૧૩ ઓક્ટોબર સુધી રિમાન્ડ પર સોંપવા આદેશ કર્યો છે. એટીએસની તપાસમાં એવો ખુલાસો થયો છે કે, ઈરાનથી બોટ લોડ કરી તમિલનાડુની બોટને કન્સાઈનમેન્ટ સોંપવાનું કાવતરું હતું.પકડાયેલા પાકિસ્તાનીઓ પાસેથી ડ્રગ્સ માફિયાઓની લિંક અને હવાલા કાંડ અંગે પોલીસે પૂછપરછ શરૂ કરી છે. બીજી તરફ એનઆઈએ સહિતની એજન્સીઓ પણ તપાસમાં જોડાશે. ડ્રગ્સ કેસમાં પકડાયેલા આરોપી મોહમ્મદ યાકુબ બલુચી, શક્તિઉલ્લાહ, ફરીદુલ્લાહ, અહમદ ખાન અને વાહીદુલ્લાહ ખાનને એટીએસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત સાથે મેટ્રો કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરવામાં આવ્યા હતા.

જ્યાં સરકારી વકીલ પી. આર. જોષીએ રિમાન્ડ અરજી અંગે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, પ્રાથમિક માહિતી મુજબ આ બોટ ઈરાનથી લોડ કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે, જેથી તે દિશામાં પણ વધુ પૂછપરછ કરાશે. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય જળસીમા નજીક તમિલનાડુની ’થેલાપતિ’ નામની બોટને ડ્રગ્સનું કન્સાઈનમેન્ટ સોંપવાનું હતું કે કેમ તે અંગે પણ તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. આરોપીઓને કોના ઈશારે આ ડ્રગ્સનો પુરવઠો સપ્લાય કરવાનો હતો તેમજ આ અગાઉ પણ તેઓએ આવા કોઈ ગેરકાયદે કન્સાઈનમેન્ટ મોકલ્યા હતા કે કેમ તે અંગે પણ સઘન પૂછપરછ હાથ ધરાશે. આ ગેરકાયદે ગોરખધંધામાંથી આરોપીઓને અત્યાર સુધીમાં કેટલો નાણાકીય લાભ મળ્યો છે તે દિશામાં પણ એટીએસ તપાસનો દોર આગળ ધપાવશે.

# ગૌતમ અદાણી ફોર્બ્સની યાદીમાં ચમક્યા, દેશના સૌથી ધનિક વ્યક્તિ બન્યા

## રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી બીજા સ્થાને

નવીદિલ્હી,

ભારતના સૌથી ધનિક લોકોની એક નવી તસવીર સામે આવી છે. ગૌતમ અદાણીએ ફોર્બ્સ ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૬ માં ફરી એકવાર નંબર-૧ સ્થાન મેળવ્યું છે. અદાણી પરિવારની સંપત્તિમાં એક જ વર્ષમાં ૨૦.૭ બિલિયન (આશરે ૧.૯૮ લાખ કરોડ)નો વધારો થયો છે, જેના કારણે તેમની કુલ સંપત્તિ ૧૧૨.૭ બિલિયન (આશરે ૧૦.૮૧ લાખ કરોડ) થઈ છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી બીજા સ્થાને છે. નોંધપાત્ર રીતે, નબળા શેરબજાર અને રૂપિયામાં ૮.૫% ઘટાડો હોવા છતાં, ભારતના ૧૦૦ સૌથી ધનિક વ્યક્તિઓની સંયુક્ત સંપત્તિ લગભગ ૧ ટ્રિલિયન રહી છે.

ગૌતમ અદાણી અને તેમનો પરિવાર ફોર્બ્સની ૨૦૨૬ ની ૧૦૦ સૌથી ધનિક ભારતીયોની યાદીમાં ટોચ પર છે. તેમની કુલ સંપત્તિ ૧૧૨.૭ બિલિયન હોવાનો અંદાજ છે. અદાણી પરિવારની સંપત્તિ એક જ વર્ષમાં ૨૦.૭ બિલિયન વધી છે. જો કે, આ સંપત્તિ ૨૦૨૨ માં લગભગ ૧૫૦ બિલિયનના રેકોર્ડ સ્તરથી નીચે છે. અદાણી ગ્રુપ હાલમાં એક મોટી વિસ્તરણ યોજના બનાવી રહ્યું છે અને એઆઇ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં લગભગ ૧૦૦ બિલિયનનું રોકાણ કરવાની તૈયારી કરી રહ્યું છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી આ વખતે બીજા ક્રમે છે. તેમની કુલ સંપત્તિ ૮૬.૩ બિલિયન છે, જે અગાઉના અંદાજ કરતાં ૧૮.૭ બિલિયન ઓછી છે. રિલાયન્સના શેર ખાસ કરીને તેના રિટેલ બિઝનેસમાં માર્જિન દબાણથી પ્રભાવિત થયા હતા. દરમિયાન, અંબાણીની ટેલિકોમ કંપની, જિયો પ્લેટફોર્મ્સને આઇપીઓ માટે નિયમનકારી મંજૂરી મળી છે. આ આઇપીઓ આશરે ૩.૮ બિલિયન એકત્ર કરી શકે છે અને

# ગડકરીએ ઉત્તરપૂર્વને મોટી ભેટ આપી, ૧,૧૭૬ કરોડના ખર્ચે તિસ્તા નદી પર ૬-લેનનો પુલ બનાવાશે



સિલિગુડી અને સિક્કિમ વચ્ચે તથા ઉત્તરપૂર્વમાં કનેક્ટિવિટીને મજબૂત બનાવશે

નવીદિલ્હી,

સિક્કિમ અને ઉત્તરપૂર્વની મુસાફરી કરતા પ્રવાસીઓ માટે મોટા સમાચાર આવ્યા છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે તિસ્તા નદી પર ૧,૧૭૬ કરોડના ખર્ચે નવા છ-લેન પુલના નિર્માણને મંજૂરી આપી છે.

આ પુલ પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ જિલ્લામાં સેવોક ખાતે એનએચ-૧૦ પર બનાવવામાં આવશે. આ આશરે ૬.૯ કિલોમીટર લાંબો પ્રોજેક્ટ, જેમાં તેનો એપ્રોચ રોડ પણ શામેલ છે, સિલિગુડી અને સિક્કિમ વચ્ચે અને ઉત્તરપૂર્વમાં કનેક્ટિવિટીને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે તિસ્તા નદી પર નવા છ-લેન પુલ માટે ૧,૧૭૬ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આ પુલ પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ જિલ્લામાં સેવોક ખાતે એનએચ-૧૦ પર બનાવવામાં આવશે. એપ્રોચ રોડ સહિત તેની કુલ લંબાઈ આશરે ૬.૯ કિલોમીટર હશે. NH-10 એ સિલિગુડીથી સિક્કિમને જોડતા મુખ્ય રસ્તાઓમાંનો એક છે. પ્રવાસન, વેપાર, સ્થાનિક અવરજવર અને અન્ય આવશ્યક પરિવહનને કારણે આ માર્ગ પર સતત ટ્રાફિક રહે છે.નવા પુલથી મુસાફરો અને માલસામાનને ફાયદો થવાની શક્યતા છે. હાલના રોડ નેટવર્કમાં ભારે ટ્રાફિક જામ થઈ રહ્યો છે. નવા છ-લેન પુલના નિર્માણથી વધારાની વાહન ક્ષમતા મળશે અને સેવોકની આસપાસ ટ્રાફિક જામ ઓછો કરવામાં મદદ મળશે. આનો હેતુ સિલિગુડી, સિક્કિમ અને ઉત્તરપૂર્વ વચ્ચે મુસાફરો અને માલસામાનની અવરજવરને સરળ બનાવવાનો છે. સુધારેલ રોડ કનેક્ટિવિટી સ્થાનિક વ્યવસાયો અને પર્યટનને પણ લાભ પહોંચાડવાની અપેક્ષા છે.

સિલિગુડી કોરિડોરને ઘણીવાર "ચિકન નેક" તરીકે ઓળખવામાં આવે છે. તે ઉત્તરપૂર્વને દેશના બાકીના ભાગ સાથે જોડતો એક મહત્વપૂર્ણ ભૂમિ માર્ગ છે.

ટ્રાફિક, હવામાન અથવા અન્ય કારણોસર આ સાંકડા વિસ્તારમાં ટ્રાફિક વિક્ષેપ સમગ્ર ઉત્તરપૂર્વમાં રોડ કનેક્ટિવિટીને અસર કરી શકે છે. તેથી, સેવોક ખાતે એક મજબૂત અને વધુ સક્ષમ પુલ બનાવવાને આ મહત્વપૂર્ણ માર્ગની રોડ ક્ષમતા વધારવા તરફ એક પગલું માનવામાં આવે છે.

આ પ્રોજેક્ટ ૬૧,૫૦૦ કરોડના કોરિડોર સાથે પણ જોડાશે. તિસ્તા બ્રિજ એકમાત્ર મોટો પ્રોજેક્ટ નથી. ગડકરીએ અગાઉ ૬૧,૫૦૦ કરોડના ખર્ચે ૬૩૦ કિલોમીટર લાંબા સિલિગુડી-ગુવાહાટી-શિલોંગ હાઈવે કોરિડોરની જાહેરાત કરી હતી. ઉત્તર પ્રદેશમાં સિલિગુડીથી ગોરખપુરને જોડતો એક એક્સપ્રેસવે પણ વિકસાવવામાં આવી રહ્યો છે. આસામમાં હાલમાં આશરે ૪,૭૦૦ કિલોમીટરના ૨૬૫ રોડ પ્રોજેક્ટ્સ નિર્માણાધીન છે, જેનો કુલ ખર્ચ આશરે ૨ લાખ કરોડ છે. પરિણામે, તિસ્તા બ્રિજને ઉત્તરપૂર્વમાં ચાલી રહેલા મુખ્ય રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તરણનો મુખ્ય ભાગ ગણી શકાય.

CMYK CMYK

# ગુજરાત સરકાર ૧૭૪ મુસાફરોનો જીવ બચાવનાર કેપ્ટન સ્મિત મચ્છરને 'વિશિષ્ટ ગુજરાત ગરિમા એવોર્ડ' થી સન્માનિત કરશે

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેપ્ટન સ્મિતની અસીમ ખુમારી અને બહાદુરીને બિરદાવી




ગાંધીનગર,

ઈઝરાયલ જઈ રહેલી ફ્લાઈટમાં કો-પાયલટના હુમલાથી ગંભીર રીતે ઘાયલ થવા છતાં ૧૭૪ મુસાફરોનો જીવ બચાવનાર કેપ્ટન સ્મિત મચ્છરની શૌર્યગાથાને બિરૂદાવતા ગુજરાત સરકારે મોટો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેપ્ટન સ્મિતની અસીમ ખુમારી અને બહાદુરીને બિરદાવતા તેમને રાજ્યના અત્યંત પ્રતિષ્ઠિત 'વિશિષ્ટ ગુજરાત ગરિમા એવોર્ડ' થી સન્માનિત કરવાની સત્તાવાર જાહેરાત કરી છે.

ઈઝરાયલ જઈ રહેલ ફ્લાઈટના પાયલટ કેપ્ટન સ્મિત મચ્છરના સાહસને આજે આખી દુનિયા સલામ કરી રહી છે. હુમલાના કારણે લોહીલુહાણ હોવા છતા તેમણે અદમ્ય સાહસ દાખવીને ૧૭૪ મુસાફરોના જીવ બચાવ્યા, એ વાત અત્યંત પ્રેરણાદાયી અને સરાહનીય છે. મૂળ ગુજરાતના આ વીર સપૂતે પોતાના શૌર્યથી સમગ્ર વિશ્વમાં ગુજરાત અને દેશનું નામ રોશન કર્યું છે. તેમની રગોમાં વહેતી ગુજરાતી ખુમારી પર આપણને સૌને અત્યંત ગર્વ છે. તેમના આ અસાધારણ શૌર્ય અને માનવતાના કાર્યને સન્માનવા માટે, ગુજરાત સરકાર કેપ્ટન સ્મિત મચ્છરને 'વિશિષ્ટ ગુજરાત ગરિમા એવોર્ડ' થી સન્માનિત કરશે. સમગ્ર ગુજરાત તેમના ઝડપથી સાજા થવા માટે પ્રાર્થના કરી રહ્યું છે. દેશવાસીઓની સંવેદના અને પ્રાર્થના કેપ્ટન સ્મિત મચ્છરની સાથે છે.દુબઈથી તેલ અવીવ જઈ રહેલી 'ફ્લાયદુબઈ' ના પ્લેનમાં થયેલા હુમલાનો સામનો કરતા કેપ્ટન સ્મિત મચ્છરે ૧૭૪ લોકોનો જીવ બચાવ્યા અને ફ્લાઈટને સુરક્ષિત લેન્ડ કરાવી. કો-પાયલટ દ્વારા ગંભીર રીતે ઘાયલ કરવામાં આવ્યા હોવા છતાં સ્મિત મચ્છરે હાર ન માની અને પોતાના જીવ કરતા ફ્લાઈટના પેસેન્જર્સના જીવને ઉપર રાખતા તેમણે સૌને બચાવી લીધા.

# રાજ્યસભા સાંસદ રાજેશ શુકલાની ચૂંટણીને પડકારતી પિટિશન કોંગ્રેસ નેતા તુષાર ચૌધરી દ્વારા દાખલ

## ગુજરાત હાઈકોર્ટે રાજેશ પરમાનંદ શુક્લા સહિત સંબંધિત પક્ષકારોને નોટિસ ઈશ્યૂ કરી

અમદાવાદ,

ગુજરાતમાંથી રાજયસભા ચૂંટણીને લઈને ગુજરાત હાઈકોર્ટમાં મહત્ત્વની ચૂંટણી પિટિશન દાખલ કરવામાં આવી છે. ભાજપના રાજયસભા સાંસદ રાજેશભાઈ પરમાનંદભાઈ શુકલાની ચૂંટણીને પડકારતી આ પિટિશન કોંગ્રેસ નેતા તુષાર ચૌધરી દ્વારા દાખલ કરવામાં આવી છે. પિટિશન પર સુનાવણી કરતાં ગુજરાત હાઈકોર્ટે રાજેશ પરમાનંદ શુક્લા સહિત સંબંધિત પક્ષકારોને નોટિસ ઈશ્યૂ કરી છે.

ચૂંટણી પિટિશનમાં રાજેશ શુક્લાની ઉમેદવારી દરમિયાન રજૂ કરવામાં આવેલા સોગંદનામાને લઈને ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. અરજદાર પક્ષનો દાવો છે કે ઉમેદવારીના એફિડેવિટમાં રાજેશભાઈ સામે નોંધાયેલા ફોજદારી કેસની જરૂરી વિગતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ મુદ્દાને ચૂંટણી પિટિશનમાં મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.

પિટિશનમાં જણાવ્યા મુજબ, રાજેશભાઈ શુક્લા સામે ઝની કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮ અને ૪૭૧ હેઠળ ફોજદારી કેસ નોંધાયેલો હોવા છતાં ઉમેદવારીના સોગંદનામામાં આ કેસની વિગતો જાહેર કરવામાં આવી ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. અરજદાર પક્ષે કોર્ટ સમક્ષ સવાલ ઉઠાવ્યો છે કે ઉમેદવાર સામે ફોજદારી કાર્યવાહી ચાલી રહી હોય તો ચૂંટણી ઉમેદવારી સમયે તેની વિગતો સોગંદનામામાં જાહેર કરવાની કાનૂની જવાબદારીનું પાલન થયું હતું કે નહીં.

સાથેજ આ સંબંધિત ફોજદારી કેસને રદ કરાવવા માટે ગુજરાત હાઈકોર્ટમાં ક્વોશિંગ પિટિશન પણ દાખલ કરવામાં આવી હોવાનો ઉલ્લેખ ચૂંટણી પિટિશનમાં કરવામાં આવ્યો છે. અરજદાર પક્ષે આ સમગ્ર પરિસ્થિતિને ઉમેદવારીના સોગંદનામા સાથે જોડીને કોર્ટ સમક્ષ રજૂ કરી છે અને દાવો કર્યો છે કે કેસ સંબંધિત જરૂરી માહિતી એફિડેવિટમાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવી નહોતી.

# વસ્ત્રાપુરમાં વિઝા કન્સલ્ટન્સી ચલાવતી મહિલા સાથે રૂ.૩૦.૯૪ લાખની છેતરપિંડી

અમદાવાદ,

વસ્ત્રાપુરમાં વિઝા કન્સલ્ટન્સી ચલાવતી ૬૬ વર્ષીય મહિલા સાથે ઓસ્ટ્રિયાની વર્ક પરમિટ વિઝાના નામે રૂપિયા ૩૦.૯૪ લાખની છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે. રાજુલબહેન ઉપાધ્યાયે મુંબઈની ઓરા એમ ઓવરસિઝ કન્સલ્ટન્સીના માલિક આકાશ પરમાર અને તેના બે પાર્ટનર જય રાવલ તથા દિવ્યેશ પટેલ સામે ફરિયાદ કરી છે.

ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૨૫માં રાજુલબહેને પોતાના પાંચ ગ્રાહકોના ઓસ્ટ્રિયાના વર્ક પરમિટ વિઝાનું કામ મુંબઈની એજન્સીને સોંપ્યું હતું. આ માટે ૧૧ જાન્યુઆરી ૨૦૨૫થી અલગ-અલગ સમયે બેંક ટ્રાન્સફર, ઓનલાઈન અને રોકડ મળી કુલ રૂપિયા ૩૦,૯૪,૪૨૦ ચૂકવવામાં આવ્યા હતા.

જોકે એજન્સી દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજોમાં ખામી હોવાના કારણે એમ્બેસીએ જુલાઈ અને ઓક્ટોબર ૨૦૨૫માં બે અરજી નામંજૂર કરી હતી. આ ઉપરાંત અન્ય ત્રણ ગ્રાહકો માટે પણ માત્ર ઓફર લેટર આપવામાં આવ્યા બાદ વિઝાની પ્રક્રિયા આગળ વધારવામાં આવી ન હતી. કામ પૂર્ણ ન થતાં રાજુલબહેને આરોપીઓ પાસે રકમ પરત માગી હતી. જોકે વારંવારની માગણી છતાં રૂપિયા પરત ન મળતાં અને સંતોષકારક જવાબ ન મળતાં અંતે વસ્ત્રાપુર પોલીસમાં ત્રણેય સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# સતત સુધારણા પ્રક્રિયા હેઠળ બાકી રહી ગયેલા અને નવા મતદારોની નોંધણી માટે રાજ્યવ્યાપી ખાસ ઝુંબેશ યોજાશે

## નવા/પ્રથમ વખતના પાત્ર યુવા મતદારો અને બાકી રહી ગયેલા નાગરિકોને મતદારયાદીમાં નામ નોંધાવવાની તક

ગાંધીનગર,

ઓક્ટોબર અને નવેમ્બર માસ દરમિયાન ૪ ખાસ રવિવારે (૧૧/૧૦, ૧૮/૧૦, ૨૫/૧૦ અને ૦૧/૧૧) મતદાન મથકો પર વિશેષ કેમ્પ યોજાશે

માત્ર ફોર્મ ૬ ભરી મતદારયાદીમાં નામ સામેલ કરાવી શકાશે ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર, જે રાજ્યોમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે, ત્યાં સતત સુધારણા પ્રક્રિયા અંતર્ગત મતદારયાદીમાં નોંધણીથી બાકી રહી ગયેલા તેમજ ૧૮-૧૯ વર્ષના નવા પાત્ર યુવા મતદારો માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સંદર્ભે ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી સંદીપ સાગળે દ્વારા રાજ્યના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને કલેક્ટરશ્રીઓને વિસ્તૃત માર્ગદર્શિકા સાથે આયોજન કરવા સૂચનાઓ આપવામાં આવી છે. આ ખાસ ઝુંબેશની મુખ્ય બાબતો અને પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે.

ખાસ ઝુંબેશની મુખ્ય બાબતો અને પ્રવૃત્તિઓ: ૧. **શિક્ષણ સંસ્થાઓમાં જાગૃતિ અને SVEEP પ્રવૃત્તિઓ:-** આ ખાસ ઝુંબેશ હેઠળ તમામ મતદાર નોંધણી અધિકારીઓ (ERO) અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ (AERO) દ્વારા વિવિધ કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓમાં SVEEP પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. તેમજ વિવિધ સ્થળોએ બેનરો અને સ્થાનિક સમાચારપત્રો દ્વારા વ્યાપક જાગૃતિ ફેલાવવામાં આવશે. ૨. **વિશેષ ઝુંબેશના દિવસો:-** નાગરિકોની સુવિધા માટે નીચે મુજબના ૪ રવિવારો દરમિયાન તમામ મતદાન મથકો પર વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવશે: તા. ૧૧/૧૦/૨૦૨૬, તા. ૧૮/૧૦/૨૦૨૬, તા. ૨૫/૧૦/૨૦૨૬, તા. ૦૧/૧૧/૨૦૨૬

આ દિવસોમાં સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૫:૦૦ કલાક સુધી ડેઝીગ્નેટેડ ઓફિસર અને બૂથ લેવલ ઓફિસર (BLO) મતદાન મથકો પર ઉપસ્થિત રહીને હક્ક-દાવા અને વાંધા અરજીઓ (ફોર્મ્સ) સ્વીકારશે.

૩. **અરજી ફોર્મ્સ અંગે સ્પષ્ટતા:** હાલનો સમયગાળો Non-SIR હોવાથી 'મતદાર નોંધણી નિયમો, ૧૯૬૦' હેઠળ માત્ર ફોર્મ-૬ ભરીને કોઈપણ પત્રતા ધરાવતી વ્યક્તિ મતદારયાદીમાં પોતાનું નામ સામેલ કરાવી શકશે.

# સુરેન્દ્રનગરના પૂર્વ કલેકટર કે. રાજેશને સરકારે નિવૃત્ત કરી દીધા

## લાંચ-રુશ્વત, જમીન કૌભાંડ અને હથિયાર લાયસન્સ આપવા જેવા મુદાઓમાં ફસાયેલા હતા

સુરેન્દ્રનગર,

જીલ્લામાં કલેકટર તરીકે ફરજ બજાવી ચૂકેલા આઈએએસ કે. રાજેશ સામે આકરું પગલું ભરવામાં આવ્યું છે. લાંચ-રુશ્વત, જમીન કૌભાંડ અને હથિયાર લાયસન્સ આપવા ઉપરાંત વ્યાપક નાણાકીય ઉચાપત અને ગેરરિતી આચરવા બદલ તેમના વિરોધમાં તપાસ ચાલી રહી છે. આ સંદર્ભે સી.બી.આઈ દ્વારા તેમની ધરપકડ પણ કરવામાં આવી હતી અને ૨૦૨૨ માં કેન્દ્રીય તપાસ એજન્સી દ્વારા ભ્રષ્ટાચારમાં તેમની ધરપકડ કરી અને તેમના મળતીયાઓને પણ પૂછપરછ માટે લઈ જવામાં આવ્યા હતા.

જીલ્લા કલેકટર તરીકે તે ફરજ બજાવતા હતા ત્યારે સરકારી જમીન ખાનગી વ્યક્તિઓના નામે કરવામાં આવી હોવાનું પણ એક કૌભાંડ કરવામાં આવ્યું હતું. ૨૦૨૨ના વર્ષમાં હથિયાર પરવાના ઈસ્યુ કરવા માટે વચેટીયાઓને રાખી અને તેમાંથી પણ રૂપિયા લેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. આ અંગે તપાસ કરવામાં આવતા રતનપર તેમજ અન્ય બેંકોમાંથી તેમને પાંચ કરોડ રૂપિયાની મોટી રકમ પણ મળી આવી હતી અને તેમની સાથે એક રાજકીય અગ્રણીના ભત્રીજા દ્વારા જમા કરાવવામાં આવી હોવાનું પણ સામે આવ્યું હતું.

# આઈસર કન્ટેનરમાં પ્લાસ્ટિક વેસ્ટની આડમાં લઈ જવાતો ૨૨.૭૨ લાખનો દારૂ ઝડપાયો

## બગોદરા પોલીસે ૪૫૦૦ બોટલ દારૂ,કન્ટેનર-મોબાઈલ સહિત કુલ રૂ. ૪૨.૭૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો




અમદાવાદ,

અમદાવાદ જિલ્લાના બગોદરા પોલીસે બગોદરા ધંધુકા ચોકડી પાસેથી આઈસર કન્ટેનરમાં પ્લાસ્ટિક વેસ્ટની આડમાં લઈ જવાતો દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ૪૫૦૦ બોટલ દારૂ અને કન્ટેનર-મોબાઈલ સહિત કુલ રૂ. ૪૨.૭૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી હરિયાણાના ડ્રાઈવરની ધરપકડ કરી છે

મળતી માહિતી મુજબ, બગોદરા પોલીસે બગોદરા-ધંધુકા ચોકડી પાસેથી એક આઈસર કન્ટેનર ઝડપી પાડ્યું હતું. તપાસ દરમિયાન કન્ટેનરમાં પ્લાસ્ટિક વેસ્ટની આડમાં દારૂની હેરાફેરી થતી હોવાનું સામે આવ્યું હતું.

કન્ટેનરની તપાસ કરતાં તેમાંથી ૩૭૫ પેટીમાં ભરેલી ૪૫૦૦ બોટલ દારૂ મળી આવ્યો હતો. આ દારૂના જથ્થાની કિંમત રૂ.૨૨.૭૨ લાખ થાય છે. દારૂ ઉપરાંત કન્ટેનર અને મોબાઈલ સહિત કુલ રૂ.૪૨.૭૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

પોલીસે કન્ટેનરના ડ્રાઈવર અનીલકુમાર લૌહારને ઝડપી પાડ્યો છે, જે હરિયાણાનો રહેવાસી છે. આ ઉપરાંત દારૂ ભરનાર વિજયકુમાર જાટ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

# પાટણમાં રૂ. ૨.૫૮ કરોડના સાયબર ફ્રોડનો પર્દાફાશ, ૩ શખ્સ સામે ગુનો

## ત્રણેય બેંક ખાતાઓ સામે નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર આશરે ૨૭ ફરિયાદો નોંધાઈ હતી

પાટણ,

પાટણ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ઓનલાઈન નાણાકીય છેતરપિંડી સાથે જોડાયેલા એક મોટા કૌભાંડનો ખુલાસો થયો છે. પોલીસ ફરિયાદ મુજબ, સાયબર ફ્રોડ કરતી ગેંગને કમિશનના બદલામાં પોતાના બેંક ખાતા અને બેંક કિટ ઉપલબ્ધ કરાવનારા ત્રણ શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. તપાસમાં આ ખાતાઓ મારફતે કુલ રૂ.૨,૫૮,૦૮,૭૬૯.૪૮ના અનધિકૃત ટ્રાન્ઝેક્શન થયાનું સામે આવ્યું છે.

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધવલની ફરિયાદના આધારે વાંણા ગામના બચુજી નાગરાજી ઠાકોર, પાટણની ગીતાજલી સોસાયટીના પાર્થપુરી પ્રવિણપુરી ગૌસ્વામી અને મહાદેવનગર સોસાયટીના આત્મારામ અમૃતભાઈ નાઈ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

પોલીસ ફરિયાદ મુજબ, આરોપીઓએ પોતાના નામે ખોલાવેલા વિવિધ બેંક ખાતા તેમજ સંબંધિત બેંક કિટ સાયબર ફ્રોડ સાથે સંકળાયેલા અન્ય લોકોને ઉપયોગ માટે આપી હતી. તેના બદલામાં તેઓ કમિશન મેળવતા હોવાનો આરોપ છે.

તપાસ દરમિયાન સામે આવેલી વિગતો અનુસાર, ૨ એપ્રિલ ૨૦૨૫થી ૨૮ જુલાઈ ૨૦૨૬ દરમિયાન આ ત્રણ બેંક ખાતાઓનો ઉપયોગ કરીને ઓનલાઈન છેતરપિંડી સંબંધિત કુલ રૂ.૨,૫૮,૦૮,૭૬૯.૪૮ના અનધિકૃત ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યા હતા. આ રકમના વ્યવહારોને લઈને પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# કોંગ્રેસના મેનિફેસ્ટામાં ગાંધીનગરને સ્લમ ફ્રી સિટી બનાવવાનો મુખ્ય સંકલ્પ

## ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને પાયાની સુવિધાઓ આપવાનો મુખ્ય સંકલ્પ

ગાંધીનગર,

ગાંધીનગર મહાપાલિકા ચૂંટણીને લઈને કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિપક્ષ નેતા ડો. તુષાર ચૌધરી દ્વારા પક્ષનો મેનિફેસ્ટો અને પાંચ વર્ષનું કમિટમેન્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ મેનિફેસ્ટોમાં ગાંધીનગરને સ્લમ ફ્રી સિટી બનાવવાની સાથે ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને પાયાની સુવિધાઓ આપવાનો મુખ્ય સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ગાંધીનગરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગગનચુંબી ઈમારતો બની રહી છે તથા કેટલાક વિસ્તારોમાં જમીનના ભાવ સ્ક્વેર ફૂટના ૨૫,૦૦૦ સુધી પહોંચી ગયા છે, પરંતુ ગટર વ્યવસ્થા, પાકા રસ્તા અને જાહેર શૌચાલય જેવી પાયાની સુવિધાઓનો ભારે અભાવ હોવાનો આક્ષેપ વિપક્ષ નેતા ડો. તુષાર ચૌધરીએ કર્યો છે.

વર્તમાન ભાજપ શાસિત મનપા પાયાની સુવિધાઓ આપવામાં નિષ્ફળ રહી હોવાનું જણાવતા અમિત ચાવડાએ ઉમેર્યું હતું કે ભાજપના પાંચ વર્ષના વહીવટમાં ગાંધીનગરની મૂળ ઓળખ બદલાઈ ગઈ છે અને રસ્તાઓ પર ખાડા પડી ગયા છે. ત્યારે મેનિફેસ્ટોના મુખ્ય મુદ્દાઓ અને વચનો અનુસાર ગાંધીનગરને સંપૂર્ણપણે સ્લમ ફ્રી સિટી બનાવી જરૂરિયાતમંદોને પાયાની તમામ સુવિધાઓ પૂરી પાડવી, ટેક્સ વસૂલવામાં આવે તો નાગરિકોને પાકા રસ્તા, સફાઈ અને શુદ્ધ પીવાનું પાણી મળવું જોઈએ તેવો દાવો, મહિલાઓ માટે ૫૦% ટેક્સ રાહત, મહિલાઓના નામે રહેલી મિલકતોના પ્રોપર્ટી ટેક્સમાં ૫૦% રાહત આપવાનું વચન, નિયમિત ટેક્સ ભરતા પરિવારોને રૂ. ૨ લાખ સુધીનું અકસ્માત વીમા કવચ અપાશે, જેના પ્રીમિયમની સંપૂર્ણ જવાબદારી કોર્પોરેશન ઉઠાવશે, કોન્ટ્રાક્ટ અને ફિક્સ પગાર પ્રથા નાબૂદી, મનપામાં સફાઈ કર્મચારી, ડ્રાઈવર, કોમ્પ્યુટર ઓપરેટર અને માળી સહિતના કર્મચારીઓ માટે કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરી સીધો લાભ આપવો, તથા ૨૦૨૭ બાદ સમગ્ર ગુજરાતમાંથી કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરવાનું લક્ષ્ય છે.

# બરડા અભયારણ્યના માલધારીઓને સ્વૈચ્છિક રીતે અભયારણ્ય બહાર વસાવવાની સરકારની યોજના

## નેશનલ ટાઈગર કન્વર્ઝેશન ઓથોરિટીની માર્ગદર્શિકા અનુસાર સરકાર માલધારીઓને કુટુંબ દીઠ ૧૫ લાખ રૂપિયા અપાશે

દ્વારકા,

પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાનો ૧૯૨.૩૧ ચોરસ કિલોમીટર વિસ્તાર બરડા અભયારણ્ય એશિયાઈ સિંહોના બીજા રહેઠાણ તરીકે પ્રસ્થાપિત થઈ રહ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વન્ય પ્રાણી સંરક્ષણ અને સિંહની સુરક્ષા માટે તથા માનવ-વન્ય પ્રાણી ઘર્ષણ અટકાવવા ઉપરાંત બરડા અભયારણ્યના માલધારી પરિવારોને શિક્ષણ, આરોગ્ય અને રોજગારી જેવી સુવિધાઓ સાથે વિકાસના કામોનો લાભ આપી મુખ્યધારામાં જોડવાનો એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં બરડા અભયારણ્યના માલધારીઓને સ્વૈચ્છિક રીતે અભયારણ્ય બહાર વસાવવાની યોજનાની જાહેરાત ૭૭માં વન મહોત્સવ અન્વયે પોરબંદરમાં કરી છે.

આ યોજના અનુસાર નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરીટીની ગાઈડલાઈન મુજબ લાભાર્થીઓને કુટુંબ દીઠ રૂ.૧૫ લાખની સમગ્ર રકમ એક સાથે ચુકવવામાં આવશે અને સ્વૈચ્છિક સ્થળાંતર બાદ તેઓના બરડા વિસ્તારમાં અન્ય કોઈ હક્કહિત માન્ય રહેશે નહિ.

ઉપરાંત આ અંગે અન્ય કોઈ વધારાની રકમ ચૂકવવાપાત્ર રહેશે નહિ. મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું છે કે, સ્થળાંતરિત થનારા કુટુંબ દીઠ રાજય સરકારની યોજના મુજબ રહેઠાણ માટે નિયમોનુસાર ૧૦૦ ચોરસ વારના પ્લોટની વિના મુલ્યે ફાળવણી કરવા માટે સબંધિત કલેકટરશ્રી/ જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા અભયારણ્ય અને ઈકો સેન્સેટીવ ઝોનની હદ બહાર અને મહાનગરપાલિકાની હદથી ૧૦ કિ.મી. અને નગરપાલિકાની હદથી ૫ (પાંચ) કિ.મી. બહારના વિસ્તારમાં કોઈ પણ ગામની બાજુમાં જમીન વિનામુલ્યે આપી શકાશે.

# દૂધની આડમાં ગાંજાનો વેપાર! આંતી ગામમાં તબેલામાં ખાડો ખોદીને છુપાવેલો ૫૫ કિલો ગાંજો ઝડપાયો

## પોલીસ દ્વારા ગાંજા સહિત કુલ ૨૭.૫૫ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો




વડોદરા,

આંતી ગામમાં તબેલામાં ખાડો ખોદીને છુપાવવામાં આવેલો ૫૫ કિલો ગાંજાનો જથ્થો ઝડપાતા એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે બે આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસની કાર્યવાહી ચાલુ છે. આ મામલે ઇલ્યાસ ઉર્ફે શેરૂ અહેમદભાઈ મલેકની ધરપકડ કરવામાં આવી છે અને ગાંજા સહિત ૨૭.૫૫ લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે. પોલીસ પૂછપરછમાં ગાંજો બચુભાઈ ડોસુભાઈ સિંધાએ આપ્યો હોવાનું સામે આવ્યું છે. બચુભાઈ સિંધા અને મુસ્તાક મલેક હાલ ફરાર છે, જેને ઝડપી પાડવા પોલીસ તપાસ કરી રહી છે.

વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં ગેરકાયદેસર રીતે સંગ્રહ કરવામાં આવેલા ગાંજાના જથ્થા સામે પાદરા પોલીસે મોટી કાર્યવાહી કરી છે. પાદરા પોલીસને આંતી ગામમાંથી ગાંજાનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસની કાર્યવાહી દરમિયાન કુલ ૫૫ કિલો ગાંજો ઝડપી પાડવામાં આવ્યો છે. ગાંજાનો આ જથ્થો તબેલામાં ખાડો ખોદીને છુપાવી રાખવામાં આવ્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

પોલીસે ગાંજાના જથ્થા સાથે ઇલ્યાસ ઉર્ફે શેરૂ અહેમદભાઈ મલેકની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા મુજબ, આરોપી દ્વારા ગાંજાનો જથ્થો વેચાણ માટે સંગ્રહ કરવામાં આવ્યો હતો. તબેલામાં ખાડો ખોદીને તેમાં ગાંજાનો જથ્થો છુપાવવામાં આવ્યો હોવાની માહિતીના આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ગાંજા ઉપરાંત અન્ય મુદ્દામાલ પણ કબજે કર્યો છે.

# બાકી રહેલા અને યુવા મતદારો માટે મતદાર યાદીમાં નામ નોંધાવવાની સુવર્ણ તક

## રાજકોટ જિલ્લામાં સતત મતદારયાદી સુધારણા પ્રક્રિયા અંતર્ગત ખાસ ઝુંબેશનો આજથી પ્રારંભ

**ચાર રવિવારે 'ખાસ ઝુંબેશના દિવસો'નું આયોજન:મતદાન મથક ખાતે હક-દાવા-વાંધા અરજીઓ સ્વીકારાશે**

રાજકોટ:

ભારતના ચૂંટણી પંચ દ્વારા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન ની કામગીરી પૂર્ણ થઈ હોય, તેવા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મુખ્ય ચૂંટણી અધિકારી જિલ્લા ચૂંટણી અધિકારી તથા મતદાર નોંધણી અધિકારી દ્વારા સતત મતદારયાદી સુધારણા પ્રક્રિયા અંતર્ગત વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ મતદારયાદીમાં નોંધણી કરાવવાથી બાકી રહી ગયેલા તમામ પાત્ર નાગરિકો તથા ૧૮-૧૯ વર્ષના યુવા/પ્રથમ વખતના મતદારોના નામની નોંધણી કરવાનો છે.

આ ખાસ ઝુંબેશ અન્વયે રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ડો. ઓમ પ્રકાશના માર્ગદર્શન હેઠળ તમામ વિધાનસભા મતવિભાગોમાં મતદાર નોંધણી અધિકારીઓ અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા આજે તા. ૦૧ ઓક્ટોબર, ૨૦૨૬થી યુવા મતદાર નોંધણીની કામગીરી શરૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, યુવા અને પ્રથમ વખતના મતદારોમાં મતદાર નોંધણી અંગે જાગૃતિ લાવવા માટે કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ ખાતે 'સ્વીપ' (Systematic Voters' Education and Electroal Participation) અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ યોજાશે.

નોંધનીય છે કે, નાગરિકોની સરળતા માટે ઓક્ટોબર અને નવેમ્બર માસના રવિવાર એટલે કે તા. ૧૧-૧૦-૨૬, ૧૮-૧૦-૨૬, ૨૫-૧૦-૨૬ અને ૦૧-૧૧-૨૬ના રોજ મતદાન મથકો ખાતે 'ખાસ ઝુંબેશના દિવસો'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સવારે ૧૦ કલાકથી સાંજે ૦૫ કલાક સુધી ડેઝીગ્નેટેડ ઓફિસર્સ અને બુથ લેવલ અધિકારીઓ દરેક મતદાન મથક પર હક-દાવા તથા વાંધા અરજીઓ સ્વીકારશે. આ સમગ્ર ઝુંબેશ સુચારુ રીતે સંપન્ન થાય, તે માટે સુપરવાઈઝરો અને ચૂંટણી અધિકારીઓ દ્વારા મતદાન મથકોની મુલાકાત લઈને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

# રાજકોટમાં બી.ટી.સવાણી કિડની હોસ્પિટલની મુલાકાત લેતા રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા




**૧૦૮ ઈમરજન્સી સેવાની શરૂઆત માત્ર ૧૪ એમ્બ્યુલન્સથી થઈ હતી, જે આજે ૧૫૦૦ એમ્બ્યુલન્સના વિશાળ નેટવર્ક સાથે ગુજરાતભરમાં કાર્યરત છે : મંત્રી**

રાજકોટ:

ગુજરાતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ રાજકોટ શહેરના યુનિવર્સિટી રોડ પર સ્થિત બી.ટી.સવાણી કિડની હોસ્પિટલની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે હોસ્પિટલ દ્વારા દર્દીઓને પૂરી પાડવામાં આવતી આરોગ્યલક્ષી સુવિધાઓની સમીક્ષા કરી હતી.

રાજ્યકક્ષાના મંત્રીશ્રીએ હોસ્પિટલ ખાતે ડાયાલિસિસ વિભાગ, રોબોટિક સર્જરી યુનિટ, પુરુષ તથા સ્ત્રીઓ માટેના જનરલ વિભાગ, ઓપરેશન થિયેટર, આઈ.સી.યુ., કિડની ટ્રાન્સપ્લાન્ટ વિભાગ તેમજ નિર્માણાધીન મલ્ટી ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ સેન્ટરનું નિરીક્ષણ કરીને ઉપલબ્ધ તબીબી સાધનો, દવાઓનો સ્ટોક અને દર્દીઓની સારવાર પદ્ધતિ અંગે સંબંધિત અધિકારીઓ તથા તબીબોને જરૂરી સૂચનાઓ આપી હતી. તેમજ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને સ્વાસ્થ્ય વિશે ખબરઅંતર પૂછીને સંવેદના દાખવી હતી.

આ પછી હોસ્પિટલના બોર્ડ રૂમ ખાતે મંત્રીશ્રીની હોસ્પિટલના ટ્રસ્ટીઓ અને તબીબી ટીમ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં જન-આરોગ્યના વિવિધ મુદ્દાઓ, સરકારી આરોગ્ય યોજનાઓનો લાભ છેવાડાના દર્દીઓ સુધી પહોંચાડવા અને ગુણવત્તાયુક્ત કીડની સારવાર ઉપલબ્ધ કરાવવા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠકમાં મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, દર્દીઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને હોસ્પિટલ પરિસરમાં સ્વચ્છતા જળવાય રહે, તે માટે આરોગ્ય ખાતા દ્વારા સિવિલ હોસ્પિટલોમાં હાઉસકીપિંગ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. તેમણે સરકારની આરોગ્ય સેવાઓ બાબતે ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ દર્દીઓને ડાયાલિસિસ સહિતની સારવાર પૂરી પાડવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વ્યક્તિ જન્મે ત્યારથી સંપૂર્ણ જીવન જીવે ત્યાં સુધી જરૂરી તમામ તબીબી સહાય પૂરી પાડવામાં આવે છે, જેના માટે સરકાર બજેટમાં પણ બહોળું ભંડોળ ફાળવે છે.

મંત્રીશ્રીએ ૧૦૮ સેવા અંગે જણાવ્યું હતું કે, રાજ્યમાં ૧૦૮ ઈમરજન્સી સેવાની શરૂઆત લગભગ માત્ર ૧૪ એમ્બ્યુલન્સથી થઈ હતી, જે આજે વટવૃક્ષ બનીને અંદાજે ૧૫૦૦ જેટલા એમ્બ્યુલન્સ વાહનોના વિશાળ નેટવર્ક સાથે સમગ્ર ગુજરાતમાં કાર્યરત છે. હાલમાં સરેરાશ દર સાડા બાર મિનિટે એક કોલ પ્રાપ્ત કરીને ૧૦૮ સેવાની ટીમ પીડિત સુધી ત્વરિત પહોંચીને તબીબી સહાય પૂરી પાડે છે. વિદેશ સાથે સરખામણી કરતા ગુજરાતની આ ઈમરજન્સી રીસપોન્સ સેવા અત્યંત ઝડપી સાબિત થઈ છે.

આ તકે ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળા, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી શ્રી આર. આર. ફૂલમાળી, આરોગ્ય અધિકારી શ્રી પી. કે. સિંઘ, કિડની ઈન્સ્ટિટ્યૂટના ચેરમેન શ્રી નાનુભાઈ મકવાણા, અગ્રણી શ્રી વિજયભાઈ ડોબરીયા સહિત ટ્રસ્ટીઓ, તબીબો અને મેડિકલ સ્ટોરના સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રાધ્ધ પક્ષની અસર: રાજકોટ શહેર - જિલ્લામાં મિલ્કત લે - વેચમાં ૧૩થી ૧૫ ટકાનો ઘટાડો

**શહેરમાં ૧૫ ટકા અને જિલ્લામાં ૧૩ ટકા ઓછા દસ્તાવેજ નોંધાયા : દસ્તાવેજ ફી અને સ્ટેમ્પ ડયુટીની આવકમાં ફટકો**

રાજકોટ:

રાજકોટ જિલ્લામાં ગત સપ્ટેમ્બર માસ દરમ્યાન ૧૨,૫૨૪ મિલકતોનું વેચાણ થયું હતું. અને રાજય સરકારને દસ્તાવેજ ફી અને સ્ટેમ્પ ડયુટી પેટે રૂા.૭૪.૪૧ કરોડથી વધુની આવક થઈ હતી, ઉલ્લેખનીય છે કે હાલ શ્રાધ્ધ પક્ષ ચાલી રહ્યો હોય પરંપરાગત માન્યતાઓના કારણે રિયલ એસ્ટેટ ક્ષેત્રે પૂરતી થોડી મંદી નજરે પડી હતી. નોંધનીય બાબત એ પણ છે કે ગયા ઓગષ્ટ કરતા સપ્ટેમ્બરમાં ૧૪૪૦ દસ્તાવેજ ઓછા નોંધાયા હતા. જે શ્રાધ્ધ પક્ષની અસર દેખાડે છે.

પ્રાપ્ત વધુ વિભાગો અનુસાર રાજકોટ શહેર અને જીલ્લામાં ગત સ્પટેમ્બર ૨૦૨૬માં ૧૨૫૨૪ મિલ્કતોનું વેચાણ થતા તેના દસ્તાવેજોનાં રજીસ્ટ્રેશન સબ રજીસ્ટ્રાર કચેરીમાં થયા છે.આ દસ્તાવેજોની ફી અને સ્ટેમ્પ ડયુટી થકી રાજય સરકારને રૂ.૭૪.૪૧ કરોડની આવક થઈ છે. જોકે ગત માસની તુલનામાં મિલકતના વેચાણમાં ઘટાડો થયો છે.રાજકોટ શહેરમાં મિલકતની લે-વેચમાં ૧૫ ટકા અને સમગ્ર જિલ્લામાં ૧૩ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો છે. ઓગસ્ટ મહિનાની સરખામણીમાં સપ્ટેમ્બર મહિનામાં ૧,૪૪૦ દસ્તાવેજ ઓછા નોંધાયા છે.

જેના કારણે સરકારી તંત્રની આવકમાં કરોડો રૂપિયાનું ગાબડું પડ્યું છે.મિલકતની નોંધણી માટે રાજકોટ શહેરમાં આઠ અને જિલ્લામાં દસ સબ રજિસ્ટાર કચેરીઓ આવેલી છે. ઓગસ્ટ મહિનામાં રાજકોટ જિલ્લામાં કુલ ૧૪,૪૫૩ દસ્તાવેજો નોંધાયા હતા, જ્યારે સપ્ટેમ્બર મહિનામાં ઘટીને માત્ર ૧૨,૫૨૪ દસ્તાવેજ જ નોંધાયા છે.

સામાન્ય રીતે રાજકોટ જિલ્લામાં સરેરાશ ૧૩ થી ૧૪ હજાર દસ્તાવેજની દર મહિને નોંધણી થતી હોય છે.રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોમાં નોંધાયેલા દસ્તાવેજોની વિગત જોઈએ તો, ઓગસ્ટની સરખામણીએ સપ્ટેમ્બરમાં શહેરમાં ૯૮૨૧ થી ઘટીને ૭૯૪૧ દસ્તાવેજ થયા છે. મોરબી રોડ પર ૭૦૧ દસ્તાવેજોનો ઘટાડો નોંધાયો છે જે ૨૭.૬૩% જેટલો થાય છે.

રતનપર વિસ્તારમાં ૧૬૬ દસ્તાવેજ ઓછા થતાં ૧૭.૬૦% નો ઘટાડો થયો છે. રૈયા વિસ્તારમાં ૧૭૪ દસ્તાવેજ ઘટીને ૧૭.૬૩% ઘટાડો દર્શાવે છે. મવડીમાં ૧૧૮ દસ્તાવેજ ઓછા થતાં ૧૩.૭૧% અને કોઠારિયામાં ૪૩ દસ્તાવેજો ઘટીને ૪.૬૬% નો ઘટાડો થયો છે.રાજકોટ તાલુકામાં ખેતીના દસ્તાવેજોમાં ૧૧.૭૧% નો વધારો નોંધાયો છે.

રાજકોટ તાલુકામાં માત્ર ખેતીના દસ્તાવેજોની નોંધણી થતી હોવાથી રાજકોટ આસપાસ ખેતીની જમીનમાં મોટાપાયે સોદા થયા છે. આ સિવાય જિલ્લાના અન્ય તાલુકાઓમાં જેવા કે ગોંડલમાં ૧૦૬૭, લોધિકામાં ૬૦૫, કોટડાસાંગાણીમાં ૪૭૨, વિંછીયામાં ૮૯, પડધરીમાં ૨૧૧, જામકંડોરણામાં ૮૭, જેતપુરમાં ૬૩૮, ઉપલેટામાં ૪૩૬, ધોરાજીમાં ૨૮૦ અને જસદણમાં ૩૭૧ દસ્તાવેજો નોંધાયા છે.

# રાજકોટમાં વિશ્વ પોસ્ટકાર્ડ દિવસની ઉજવણી

**'મહાત્મા ગાંધી' વિષયક પોસ્ટકાર્ડ લેખનમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા**

રાજકોટ: રાજકોટ ફિલાટેલી બ્યુરો, રાજકોટ હેડ પોસ્ટ ઓફિસ દ્વારા ELT@ રાજકોટ ચેપ્ટરના સહયોગથી "વિશ્વ પોસ્ટકાર્ડ દિવસ-૨૦૨૬" નિમિત્તે પોસ્ટકાર્ડ લેખન કાર્યક્રમનું આયોજન પોસ્ટમાસ્ટર જનરલ, રાજકોટ રિજિયન કચેરી ખાતે કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં આગાખાન સ્કૂલ, વિરાણી સ્કૂલ, મુંજકા સરકારી શાળા તથા આલ્ફા સ્કૂલના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ "મહાત્મા ગાંધી" વિષય પર પોસ્ટકાર્ડ લખી સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહાત્મા ગાંધીના અમૂલ્ય યોગદાન તેમજ સત્ય અને અહિંસાના સિધ્ધાંતો અંગે વિચારો વ્યક્ત કર્યા હતા.

રાજકોટ રોટરી ક્લબના સહયોગથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર પાંચ વિદ્યાર્થીઓના નામે ફિલાટેલી ડિપોઝિટ એકાઉન્ટ ખોલી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે રાજકોટ હેડ પોસ્ટ ઓફિસના વરિષ્ઠ પોસ્ટમાસ્ટર શ્રી એ.એચ.ચાવડા, પોસ્ટમાસ્ટર જનરલ, રાજકોટ રિજિયનની કચેરીના સહાયક અધિક્ષક ટપાલ શ્રી પી.એમ. ભલસોડ તથા રાજકોટ એ.એસ.પી. શ્રી કે.જી. જસાણીએ વિદ્યાર્થીઓને ફિલાટેલીનું મહત્વ, પત્રલેખનની પરંપરા અને ટપાલ ટિકિટ સંગ્રહના શોખને વિકસાવવાની જરૂરિયાત અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક લેખન, પત્રલેખન પ્રત્યે રસ તથા મહાત્મા ગાંધીના આદર્શો અને મૂલ્યો પ્રત્યે જાગૃતિ લાવવાનો રહ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ આજના આધુનિક યુગમાં ઘણા લોકો સત્ય બોલવાનું ટાળે છે, છતાં તેઓ મહાત્મા ગાંધીના આદર્શોને અનુસરી જીવનમાં સત્યના માર્ગે ચાલશે અને હંમેશા સત્ય બોલવાનો સંકલ્પ કરશે તેવો ભાવ વ્યક્ત કર્યો હતો.

વધુમાં વિદ્યાર્થીઓએ ગાંધીજીના વિચારો આજના સમયમાં પણ એટલાં જ પ્રાસંગિક હોવાનું જણાવી સમાજમાં સત્ય, નૈતિકતા અને માનવતાના મૂલ્યો જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. વિદ્યાર્થીઓએ "ડિજિટલ ઉપવાસ" અને "ડિજિટલ સત્યાગ્રહ" જેવા આધુનિક વિષયો પર પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા.પોસ્ટકાર્ડ લેખન કાર્યક્રમમાં ELT@I રાજકોટના સચિવ શ્રીમતી મીનુ જસદણવાલા તથા રાજકોટ રોટરી ક્લબના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી સહયોગ પ્રાપ્ત થયો હતો.

# અતીતની યાદોને ઉજાગર કરવા ૫૦ વર્ષ બાદ ધ. વી.સી. ટેક્નિકલ હાઈસ્કૂલના વિદ્યાર્થી-ગુરુજનો મળશે

સન્ની વ્યાસ દ્વારા મોરબી:

આજથી પાંચ દાયકા પહેલા નવા અભ્યાસક્રમની સાથે કંઈક બનવાની પ્રબળ ઈચ્છા સાથે મોરબીની ધ. વી. સી. ટેકનિકલ હાયસ્કુલમાં ૧૯૭૬ થી ૧૯૭૮ દરમિયાન ૧૨ સાયન્સની પ્રથમ બેન્ચના અંદાજે ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ પરિવારજનો અપૂર્વ ઉત્સાહ સાથે વિદ્યાર્થી કાળની સંઘરી રાખેલી યાદોં ને વાગોળવા, તાજાકરવા સાથોસાથ મનભરીને આ સ્નેહમિલનને માણવા અધીરા બન્યા છે.નવો અભ્યાસક્રમ, પુસ્તકો પુરા સમયસર મળે નહી, ટાંચા સાધનો, લેબોરેટરીનો પણ અભાવ, જે તે વિષયના નિષ્ણાંત પ્રોફેસરોનો આવે ત્યારે કહેવાય આવ્યા જેવા વિપરીત સંજોગો અને નવો અભ્યાસક્રમ કેટકેટલી સમસ્યાઓને પણ મહાત આપી આજે ગુજરાત સહીત દેશભરમાં ગૌરવભેર પોતપોતાના વ્યવસાય કે અન્ય ક્ષેત્રોમાં રહી મોરબી સહીત ગુજરાતનું નામ રોશન કરવા સાથે રાષ્ટ્રભાવનાને




સમર્પિત આ વિદ્યાર્થી મિત્રો ઉપસ્થિત તત્કાલીન ગુરુજનોની ગુરુવંદના કરવા સાથે ભૂતકાળના સંસ્મરણો તાજા કરી વિદ્યાર્થી મિત્રો દ્વારા ગીતસંગીતની મોજ માણવા સાથે એ બચપણની યાદો તાજી કરી આત્મીયતા સભર ઘળીઓ માણસે અને ગુરુજનો પણ પોતાની આપેલ વિદ્યા - જ્ઞાનને પ્રકાશના પુંજ જેમ સમાજમાં સેવાભાવ સાથે પ્રકાશ ફેલાવનારા પોતાના શિષ્યોની પ્રગતિ જોઈ ગર્વનિ લાગણી અનુભશે

તાઃ ૪ ઓક્ટોબર, ૨૦૨૬, રવિવાર,સમયઃ સવારે ૯/૦૦ વાગ્યાથી સાંજ સુધી.સ્થળઃ નાલંદા વિદ્યાલય,વીરપર પાસે,મોરબી-રાજકોટ હાઈવે,મહિન્દ્રા કાર શોરૂમ વાળી શેરીમાં, મોરબી ખાતે યોજાનાર

અડધી સદીની દોસ્તીના આ પર્વને અવિસ્મરણીય, અકલ્પનિય બની રહે તે માટે આદરણીય ડો. ભાડેસીયા સાહેબના માર્ગદર્શન હેઠળ ઈન્દુલાલ રાણપરા, યોગેશભાઈ પટેલ, દિલીપભાઈ સોલંકર સહિતના મિત્રોની ટીમ ઉત્સાહભેર આયોજનને આખરી ઓપ આપી રહી છે.

# મૃતદેહ સોંપણીના નિયમો છે પણ અમલવારીમાં ઠાગાઠૈયા, હવે મેડિકલ ઓફિસરની હાજરી ફરજિયાત

## મૃતદેહની અદલા-બદલીની ગંભીર ભૂલ હવે પછી ન થાય તેના માટે કડક એક્શન જરૂરી

રાજકોટ:રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મૃતદેહની અદલા બદલી થઈ ગઈ અને બિનવારસુની જેમ નિવૃત્ત શિક્ષકના અંતિમ સંસ્કાર પણ થઈ ગયા. આ કિસ્સાએ તંત્રની બેદરકારીને ફરી છતી કરી. મૃતદેહ સોંપણીના નિયમો છે પણ અમલવારીમાં ઠાગાઠૈયા થયા છે. પણ હવે તંત્ર સફાળું જાગ્યું હોય તેમ મૃતદેહ સ્વીકાર અને સોંપણી વખતે મેડિકલ ઓફિસરની હાજરી ફરજિયાત બનાવાઈ છે.

બ્રહ્મસમાજ અગ્રણી હરસુખલાલ શાંતિલાલ ઠાકર (ઉંમર વર્ષ ૯૨)નું અવસાન થતા દીકરી અમેરિકા રહેતા હોય એટલે મૃતદેહ પીએમ રૂમના કોલ્ડ સ્ટોરેઝમાં રખાયો હતો. પછી જયારે પરિવાર મૃતદેહ લેવા આવેલ ત્યારે કોલ્ડ સ્ટોરેજમાં મૃતદેહ મળ્યો નહોતો.

તપાસ કરતા જાણવા મળેલ કે, બિનવારસુ ગોપાલભાઈ ઓધવજીભાઈ ધધડાનો મૃતદેહ કોલ્ડ સ્ટોરેજમાં હોય ત્યારે તેમના સગા આવેલા અને ગોપાલભાઈના બદલે હરસુખલાલનો મૃતદેહ લઈ ગયા હતા. બિન વારસુ મૃતદેહોનો અંતિમ સંસ્કાર કરતા સમાજ સેવકે સગાને સાથે રાખી આ મૃતદેહનો અગ્નિસંસ્કાર પણ કરી નાંખ્યો હતો.બનાવ સામે આવતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. સિવિલ હોસ્પિટલ તંત્ર અને પોલીસ તંત્રની ભૂલ સામે આવતા તત્કાલ મામલો શાંત પડે તે માટે તપાસ કમિટી રચાઈ હોવાનું સિવિલ અધિક્ષકે જણાવ્યું હતું. અધિક્ષકે એક આદેશ પણ જાહેર કર્યો છે.

જેમાં જણાવ્યું છે કે, મૃતદેહ શબપરિક્ષણ તથા જાળવણી બાબતે તમામ મેડિકલ ઓફિસર જણાવવાયું છે કે, શબપરીક્ષણ તથા જાળવણી માટે કોલ્ડ રૂમ ખાતે રાખવામાં આવતા મૃતદેહનું ઓળખ સ્વીકારવા તથા પોલીસ કે સગાને પરત આપતી વખતે પી.એમ. ડયુટી પરના મેડિકલ ઓફિસરએ રૂબરૂ હાજર રહીને ચકાસણી કરી અને સ્વીકારીને કે સોંપવાના રહેશે.

ઉપરાંત પી.એમ રૂમની સફાઈ બાબતે તથા કોલ્ડ સ્ટોરેજની જાળવણી (કોલ્ડ સ્ટોરેજ બંધ કે ચાલુ તાપમાનની નોંધણી બાબતે) ચકાસવાનું રહેશે અને ઉપરોકત બાબતે કોઈ પ્રશ્ન ઉદભવ થાય તો ફરજ પરના એસ.આઈ.નો તાત્કાલિક સંપર્ક કરવાનો રહેશે. અને જરૂર પડે અધિક્ષક કચેરી ખાતેથી માર્ગદર્શન મેળવવાનું રહેશે. આ બાબત સંવેદનશીલ હોય અચુક અમલ કરવા ભલામણ પણ કરાઈ છે.

# શનિવારે રાજકોટની કોર્ટમાં વકીલોની હડતાલ : ભાડા વિધેયક સામે વિરોધ




રાજકોટ:

શનિવારે રાજકોટની કોર્ટમાં વકીલોની હડતાલ અંગે એલાન કરાયું છે. ભાડા વિધેયક સામે વિરોધ નોંધાવ્યો છે. કોર્ટની સત્તા મ્યુ. કમિશનર અને ડે.કલેક્ટરને આપવાની જોગવાઈઓથી પક્ષકારો તથા વકીલો માટે કપરા સંજોગો બનશે તેવો અભિપ્રાય બાર એસો.એ વ્યક્ત કર્યો છે.

રાજકોટ બાર એસો. પ્રમુખ સુમિત વોરા અને સેક્રેટરી નિલેશ પટેલ દ્વારા જાહેર કરાયેલા ઠરાવમાં જણાવાયું છે કે, રાજકોટ બાર એશોસીએશન આ ઠરાવથી ઠરાવે છે કે, ગુજરાત સરકાર દ્વારા રેન્ટ એકટ ૨૦૨૬ માં કોર્ટની સતા મયુનીસીપલ કમીશ્નર તથા ડેપ્યુટી કલેકટરને આપવાની કરવામા આવેલ જોગવાઈઓથી પક્ષકારો તથા વકીલો ને ખુબજ તકલીફ પડે તેવા સંજોગો ઉપસ્થીત થાય તેમ હોય આ જોગવાઈઓ ને કાયદા માથી દુર કરવી જરૂરી છે .

જેથી ગુજરાત ભાડા વિધયક ૨૦૨૬ ની જોગવાઈઓ નો વિરોધ દર્શાવવા તેમજ તેમા જરૂરી સુધારા કરવા માટે રાજકોટ શહેરમા આવેલ તમામ કોર્ટોમાં એક દિવસની પ્રતિક હડતાલ તારીખ- ૩/૧૦/૨૦૨૬ ના શનીવારના રોજ રાખવાનુ ઠરાવવામા આવે છે .

અરજન્ટ કાર્યવાહી સિવાયની તમામ કોર્ટ કાર્યવાહીથી અલીપ્ત રહેવાનુ ઠરાવવામા આવે છે. તેમજ કોઈપણ પક્ષકારને નુકશાન ન જાય તે હેતુથી પક્ષકારો તેમજ વકીલઓની ગેરહાજરીમાં પક્ષકારોને નુકશાન થાય તેવા કોઈ હુકમો ન ફરમાવવા તેમજ કેસોમા યથાવત સ્થિતિ જાળવી રાખવા રાજકોટ શહેરમાં આવેલ તમામ કોર્ટના જજશ્રીઓને વિનંતી કરવામા આવે છે.

# પોલીસ વહીવટી પ્રક્રિયામાં મોટો ફેરફાર : પડધરી હવે રાજકોટ શહેરમાં, સરધાર ગ્રામ્ય પોલીસ હસ્તક રહેશે

રાજકોટ:

રાજકોટ શહેર અને ગ્રામ્ય પોલીસની સરહદોમાં ટૂંક સમયમાં જ એક મોટો અને ઐતિહાસિક ફેરફાર થવા જઈ રહ્યો છે. જામનગર રોડ પર આવેલા ખંઢેરી ક્રિકેટ સ્ટેડિયમની આસપાસ થયેલા વ્યાપક વિકાસ અને ટ્રાફિક તેમજ કાયદો-વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખીને પડધરી પોલીસ સ્ટેશનને રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ હેઠળ લાવવાની કવાયત તેજ કરવામાં આવી છે. આ સાથે જ, તાજેતરમાં મંજૂર થયેલા નવા સરધાર પોલીસ સ્ટેશનનો સમાવેશ રાજકોટ ગ્રામ્ય પોલીસ અંતર્ગત કરવામાં આવશે.

આ ભૌગોલિક અને વહીવટી ફેરફાર માટે રાજકોટ શહેર પોલીસ કમિશનર અને રાજકોટ રેન્જ આઈજી દ્વારા સંયુક્ત રીતે એક વિસ્તૃત પ્રપોઝલ તૈયાર કરીને રાજ્યના ગૃહ વિભાગને મોકલી આપવામાં આવી છે. આ દરખાસ્તને ટૂંક સમયમાં જ મંજૂરી મળે તેવી પૂરી સંભાવના છે. ગૃહ




વિભાગની લીલી ઝંડી મળતાની સાથે જ આ નવો બદલાવ સત્તાવાર રીતે અમલી બની જશે, જેનાથી બંને પોલીસ મથકોનું કાર્યક્ષેત્ર અને પોલીસિંગની પદ્ધતિ બદલાશે.

રાજકોટ શહેરની સરહદથી આશરે ૩૦ કિલોમીટર દૂર આવેલું પડધરી અત્યાર સુધી ગ્રામ્ય વિસ્તારમાં ગણાતું હતું. પરંતુ, જામનગર હાઈવે પર થઈ રહેલા સતત વિકાસ અને ખંઢેરી સ્ટેડિયમના કારણે આ રૂટ પર પ્રવૃત્તિઓ ખૂબ વધી ગઈ છે.

પડધરી પોલીસ સ્ટેશનનો શહેરમાં સમાવેશ થવાથી સ્થાનિક કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બનશે. પીઆઈ કક્ષાના અધિકારીઓ અને આધુનિક પીસીઆર વાન સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થતાં ગુનાખોરી પર અંકુશ મેળવવામાં સરળતા રહેશે. આ નિર્ણયથી જામનગર રોડ અને પડધરીની આસપાસના આર્થિક ક્ષેત્રોને બહુ મોટો ફાયદો થવાની આશા છે

**પશ્ચિમ રેલવે**
**રાજકોટ મંડળ**

**પ્રસ્તાવિત નવી ઓફિસ બિલ્ડિંગ**

**ઈ-ટેન્ડર સૂચના ક્રમાંક 01/2026-27, તારીખ 30-09-2026 ઈ-ટેન્ડર સૂચના ક્રમાંક 01/2026-27/GSU/RJT કામનું નામ:** રાજકોટ ડિવિઝનના ચીફ પ્રોજેક્ટ મેનેજર (ગતિ શક્તિ યુનિટ) માટે પ્રસ્તાવિત નવી ઓફિસ બિલ્ડિંગ. **અંદાજિત NIT કિંમત:** રૂ. 1,61,79,582.72/- **ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:** 21-10-2026 ના રોજ 15:00 કલાકે **ઓફિસનું સરનામું:** ચીફ પ્રોજેક્ટ મેનેજર, ગતિ શક્તિ યુનિટ, રાજકોટ, જંક્શન રોડ, કોઠી કમ્પાઉન્ડની સામે, રાજકોટ - 360001 **વેબસાઈટ:** "www.ireps.gov.in" RJT 157

અમને લાઇક કરો: facebook.com/WesternRly

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# મોબાઈલ યુગમાં નાના વેપારીની મોટી તાકાત

માર્કેટિંગની દુનિયામાં આજે એક નવો શબ્દ ખૂબ સંભળાય છે. તે શબ્દ છે સ્ક્રેપી માર્કેટિંગ. સ્ક્રેપી એટલે હિંમતવાન, જુસ્સાથી ભરેલો, ઓછામાંથી વધુ મેળવવાની ધગશ ધરાવતો. વિક્રેતા અથવા માર્કેટિંગ પર્સન.આપણા જૂના શાસ્ત્રોમાં સમયના ચાર ભાગ બતાવ્યા છે. આજના વિદ્વાનો સમયને જ્ઞાનના આધારે વહેંચે છે. તેઓ કહે છે કે આ જ્ઞાનનો યુગ છે. જેની પાસે જ્ઞાન છે તેની પાસે બધું છે. આ જ્ઞાનને ઘર ઘર સુધી પહોંચાડવાનું કામ ઈન્ટરનેટે કર્યું છે. ઈન્ટરનેટ એ જ્ઞાનનો ધોરી માર્ગ છે. તેના કારણે ધંધા રોજગારની રીત સાવ બદલાઈ ગઈ છે. ધંધાનો આધાર ગ્રાહક સુધી પહોંચવા પર છે અને ગ્રાહક સુધી પહોંચવાનું સાધન એટલે માર્કેટિંગ.ત્રીસ ચાલીસ વર્ષ પહેલાનું માર્કેટિંગ અને આજનું માર્કેટિંગ વચ્ચે આસમાન જમીનનો ફરક છે.પહેલા વેપારી રાહ જોતો, ગ્રાહક દુકાને આવે તેની. આજે વેપારી ગ્રાહકના ખિસ્સામાં રહેલા મોબાઈલમાં પહોંચી ગયો છે. કહેવાય છે કે દુનિયામાં બાળકોના જન્મ કરતા અનેકગણી ઝડપે નવી વેબસાઈટો બની રહી છે. માણસોના જીવન કરતા વધુ ઝડપે વિડિયો મુકાઈ રહ્યા છે. શોધયંત્રો પર દરરોજ અબજો શોધ થાય છે. આટલી ભીડમાં તમારો અવાજ ગ્રાહક સુધી પહોંચે તે જ સાચી કળા છે.આ કળાને સમજાવતું એક જાણીતું પુસ્તક છે. તેના લેખક કહે છે કે હવે ધંધો પહેલાની જેમ સામાન્ય રીતે ચાલશે નહીં. બધું બદલાઈ ગયું છે. ટેક્નોલોજીએ માર્કેટિંગની વ્યાખ્યા બદલી નાખી છે. પહેલા કહેવાતું કે ગ્રાહક રાજા છે. હવે ગ્રાહક રાજા ઉપરાંત ભાગીદાર પણ છે. તે વસ્તુ ખરીદે છે, વાપરે છે, અભિપ્રાય આપે છે અને બીજાને ભલામણ પણ કરે છે. સોશિયલ મીડિયાએ એક તરફી પ્રચારને અનેક તરફી સંવાદ બનાવી દીધો છે. ફેસબુક, વોટ્સએપ બિઝનેસ, ગુગલ બિઝનેસ જેવા સાધનોએ નાના વેપારીને પણ મોટું મેદાન આપ્યું છે. આ વસ્તુ માર્કેટિંગ ને લગતા એક પુસ્તકમાં સરસ રીતે સમજાવવામાં આવી છે.નિક વેસ્ટરગાર્ડ નામના લેખકે માર્કેટિંગનું એક અનોખું પુસ્તક લખ્યું છે. પુસ્તકનું નામ છે ગેટ સ્ક્રેપી. આ પુસ્તકમાં લખવામાં આવ્યું છે કે ઉત્તમ માર્કેટિંગ માટે સ્ક્રેપી એટલે કે જુસ્સાદાર, લડાયક માનસિકતાને બિરદાવવી જોઈએ. જો તમારી કંપની નાની હોય અને સાધનો પણ ઓછા હોય તો સ્ક્રેપી માર્કેટિંગ જરૂરી છે. સ્ક્રેપી માર્કેટિંગ તમારી ઓનલાઈન સ્ટ્રેટેજી અને યુક્તિઓ બંને પર ધ્યાન આપે છે. આ પ્રકારની વ્યૂહાત્મક વિચારસરણીમાં કૂદકો મારતા પહેલા જુઓ, વિચારો, પછી આગળ વધો. અહીં એક જૂની કહેવત લાગુ પડે છે કે મોટા લાભ માટે સરખું આયોજન કરો અને તેને સરખી રીતે સમજો. અહીં યુક્તિ એટલે તમે તમારા આયોજનને કઈ રીતે અમલમાં મૂકો છો તે સમજવું. તમારા માર્કેટિંગ આયોજનને એકદમ સરળ અને સ્પષ્ટ રાખો.ઈ.સ. ૧૯૮૩ની આસપાસ આ લેખકે સંબંધ આધારિત માર્કેટિંગની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે માત્ર માલ વેચો નહીં, સંબંધ બાંધો. ગ્રાહકની જરૂર સમજો, તેની વાત સાંભળો, તેને આદર આપો. વિશ્વાસ બંધાશે તો ધંધો આપમેળે વધશે. આ વાત આજે વધુ સાચી પડી છે. આજનો ગ્રાહક હોશિયાર છે. તેને છેતરી શકાતો નથી. તે સરખામણી કરે છે, સમીક્ષા વાંચે છે, પછી નિર્ણય લે છે. એટલે જે વેપારી સાચું બોલશે, નિયમિત સંપર્કમાં રહેશે, ફોલોઅપ લેશે, તે જ આગળ વધશે.સ્ક્રેપી માર્કેટિંગનો મૂળ મંત્ર છે કે સાધન ઓછા હોય તો ચિંતા ન કરો, યુક્તિ સારી રાખો. મોટી કંપની પાસે કરોડોનું બજેટ છે, નાના વેપારી પાસે નથી. પણ નાના વેપારી પાસે મહેનત છે, લગન છે, ગ્રાહકને નામથી ઓળખવાની તાકાત છે.

## વરસાદના વિરામ વચ્ચે આકાશનું લીલોતરીથી ફ્રેમિંગ...



ફ્રાઈડે ફોટો સ્ટોરી
- જયદીપ એ. દવે.

વરસાદના અંતિમ રાઉન્ડ દરમ્યાન હળવા ઝાપટા સ્વરૂપે મેઘરાજા પોતાની હાજરી પૂરાવી રહ્યા છે. જોકે, વાદળો હવે કાળામાંથી ગોરા થયા છે, જેના કારણે ભૂરા આકાશમાં કોન્ટ્રાસ્ટ કલર જોવા મળે છે. તેમાં પણ ઊઘડતી બપોરે સર્જાયેલા દશ્યમાં વરસાદથી ન્હાઈને તાજા-માજા લાગતા બે વૃક્ષોની બનેલી ફ્રેમમાંથી ડોકિયું કરતા ભૂરા આકાશ અને સફેદ વાદળોની સાથે રાત્રે નહીં પણ દિવસે વિહરતું નિશાચર ચામાચીડિયું સબ્જેક્ટિવ તસવીરનું સર્જન કરે છે.

# પ્રભુ પ્રાપ્તિની પ્રબળ ઈચ્છા

યુવાને સંતને કહ્યું : 'ગુરુદેવ! આપ મને મારવા તો ન જ ઈચ્છો, તો આવું કેમ કર્યું?' સંતે પ્રશ્ન કર્યોઃ 'જ્યારે તારું ગળું મેં પાણીમાં ડૂબાડયું ત્યારે સૌથી વધારે તને શેની જરૂર હતી?'

પ્રભુ મેળવવાની આપણે વાતો તો કરીએ છીએ, પણ ખરેખર પ્રભુને મેળવવા માટે આપણી ભીતર તલસાટ છેપ ? નાનકડા ઉદાહરણ દ્વારા આ તલસાટને સમજવાનો પ્રયાસ કરીએ.

એક સંત. ખૂબ વિદ્વાન. લોકો તેઓની પાસે પોત-પોતાની પરેશાની લઈને આવે. જેની જે પણ સમસ્યા હોય, સંત તેનું સુચારુ સમાધાન આપે.

એક દિવસ એક ભક્ત સંતની પાસે આવ્યો. તેણે કહ્યું : 'ગુરુદેવ ! વર્ષોથી હું પ્રભુભક્તિ તો કરું છું, આટ-આટલી પ્રભુભક્તિ કર્યા પછી હજી સુધી પ્રભુનું મિલન થતું નથી. આપ ઉપાય બતાવો, પ્રભુને મેળવવા મારે શું કરવું જોઈએ?'

સંતે યુવાનને કહ્યું : 'ચાલ, આપણે નદીકિનારે જઈએ. ત્યાં તને પ્રભુપ્રાપ્તિનો ઉપાય બતાવીશ.'

સંતની પાછળ પાછળ યુવાન પણ નદી કિનારે ગયો. સંત યુવકને લઈને નદીની અંદર ગયા. બંને નદીમાં એટલા અંદર ગયા કે હવે માત્ર માથું જ બહાર હતું. બાકી આખું શરીર અંદર હતું. સંતે યુવાનને આંખ બંધ કરવા માટે કહ્યું. જેવી યુવાને આંખ બંધ કરી કે તરત જ સંતે તેનું ગળું પકડીને નદીમાં ડૂબાડી દીધું. અચાનક આવું થવાથી યુવાન હેબતાઈ ગયો. પાંચ-દસ સેકન્ડ પછી શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી. એટલે પોતાનું મસ્તક પાણીમાંથી બહાર કાઢવા તે મહેનત કરવા લાગ્યો, પણ સંતે તો ગળું મજબૂત રીતે પકડી રાખ્યું હતું કે તે બહાર કાઢી જ ના શકે. સમય વધતા તે તરફડવા લાગ્યો. હવે ન રહેવાતા તેણે વધુ મહેનત કરીને પણ પોતાનું ગળું બહાર કાઢયું. જેવું ગળું બહાર નીકળ્યું. ત્યારે તેને શાંતિની અનુભૂતિ થઈ.

યુવાને સંતને કહ્યું : 'ગુરુદેવ ! આપ મને મારવા તો ન જ ઈચ્છો, તો પછી આવું કેમ કર્યું?'

સંતે સરસ ઉત્તર આપતા પ્રશ્ન કર્યોઃ 'જ્યારે તારું ગળું મેં પાણીમાં ડૂબાડયું ત્યારે સૌથી વધારે તને શેની જરૂર હતી?'

'શ્વાસ લેવાની.'

'બસ, મારે આ જ કહેવું હતું કે શ્વાસ લેવા માટેની ખૂબ ઈચ્છા થઈ, તે માટે તું તરફડવા લાગ્યો. તેવી જ રીતે આટલા વર્ષો સુધી તેં પ્રભુની પૂજા-ભક્તિ વિગેરે ખૂબ કર્યું પણ પ્રભુ મેળવવાની આટલી પ્રબળ ઈચ્છા ક્યારેય થઈ ખરી ? પ્રભુ મેળવવા માટે ક્યારેય તું તરફડયો છે ખરો ? જો આવો તરફડાટ જાગશે, આવી પ્રબળ ઈચ્છા થશે, ત્યારે પ્રભુ તને અવશ્ય મળી જશે!'

સદગુરુના પ્રેક્ટિકલ ઉત્તરથી યુવાનને ખૂબ સંતોષ થયો.

# મનને ઊંચાઈ પર રાખીએ : ખુશ રહીએ



દુનિયાની લગભગ દરેક વ્યક્તિના જીવન જીવવાના અંદાજ વિભિન્ન પ્રકારના મળે છે. કોઈને એકાંતમાં જીવવું ગમે છે, તો કો'કને લોકોની વચ્ચે રહેવું ગમે છે; કો'કને ધર્મમય જીવન ગમે છે, તો કો'કને મોજ-શોખ સાથેનું જીવન ગમે છે; કેટલાકને સાદા પહેરવેશ સાથે પ્રેમ હોય છે, તો કેટલાક સ્ટાઈલીશ વસ્ત્રોના દીવાના હોય છેપ આવું તો એક નહિ, બલ્કે અનેક બાબતોમાં આપણને જોવા મળશે કે જેમાં દુનિયાના લોકોની પસંદગીના વિષયો અલગ-અલગ હોય. પરંતુ એક બાબત એવી છે કે જેમાં સૌની પસંદગી બેમત એક છે. સુખમાં રહેવું-ખુશીમાં રહેવું આ દુનિયાના પ્રત્યેક જીવને ગમે છે. હા, એ ખુશીના અને સુખના માપદંડમાં ફર્ક હોઈ શકે. પરંતુ સુખ અને ખુશી સૌની પસંદગીનો વિષય છે તે નિઃશંક છે.

એથી જ આજથી શરૂ થતી લેખશ્રેણિમાં આપણે વિચાર કરીશું જીવન ખુશીઓથી ભરપૂર બની રહે તે માટેના રસપ્રદ ઉપાયોનો.

ખુશીઓ મેળવવા તેમજ અનુભવવા માટેનો પ્રથમ ઉપાય છે ઊંચાઈ પર રહેતા શીખો :-

પ્રથમ નજરે ન સમજાય તેવા આ ઉપાયને આપણે એક ઘટના દ્વારા

સમજીએ :

પહાડી વિસ્તાર હોવાનાં કારણે એ વિસ્તારમાં ભયંકર વરસાદ પડે. ક્યારેક મૂશળધાર વરસેલા વરસાદનાં કારણે ભયાનક પૂર આવે અને તેનાં કારણે પહાડની નીચે વસેલા ગ્રામજનોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે. પૂરનાં કારણે ખેતી ધોવાય-પશુઓ/ માનવોના મૃત્યુ થાય - અનેક લોકો બેઘર બની જાય. ઉપરાંત ઘરવખરી વગેરે તણાઈ જાય તે નુકસાન અલગ.

વાતને વર્ષોના વહાણા વીત્યા. એક વાર એક સંત આ ગામમાં પધાર્યા. ગામના લોકોની મુશ્કેલીઓ જાણીને સંતનું કરૂણાશીલ હૈયું ભરાઈ આવ્યું. લોકોએ સંતને વિનંતી કરી કે 'મહાત્મન્ ! કોઈ યોગ્ય માર્ગ બતાવો, જેથી અમારી આ વર્ષોની વિપદાનો અંત આવેપ' 'આનો ઉપાય તો બહુ સરળ છે.' સંતે કહ્યું : 'તમે સૌ આ પહાડની વિશાળ સમથળ ભૂમિમાં જઈને નિવાસ કરો. જેથી ભયંકર પૂર પણ તમને નુકસાન નહિ કરે.' લોકો સંતની વાત સ્વીકારીને ઉપર પહોંચ્યા. યોગ્ય સ્થાન જોઈને નિવાસ કરવા લાગ્યા. ઊંચાઈ પર રહેવાનાં કારણે પૂર વગેરેથી સલામત બની ગયા.

જીવનને ખુશીસભર બનાવવાની પ્રથમ ફોર્મ્યુલા પણ આ જ છે કે ઊંચાઈ પર રહેતા શીખીએ. જમીનથી ઉપર રહેનારને પૂર વગેરે નુકસાન કરતા નથી. તેમ મનને નિરાશ કરે તેવી દુ:ખદ ઘટનાઓથી ઉપર રહેનારને આ ઘટનાઓ પણ નાખુશ કરી શકતી નથી. ઘટનાઓથી ઉપર રહેવું એટલે મનને તે ઘટનાઓથી અલિપ્ત રાખવું - દૂર રાખવું. યાદ રહે, દુ:ખદ ઘટનાઓના પૂર જ્યાં વારંવાર આવે તેનું નામ જિંદગી છે અને એ પૂર આવે ત્યારે મનને

વિશેષ

સમજણના પહાડ પર ચઢાવી દેવું એ ખુશીનો માર્ગ છે. અપનાવીશું આપણે ખુશીનો આ માર્ગ?

# ગુજરાતના કિનારે આવશે ભારતની ઊર્જા લક્ષ્મી

આખો પ્રોજેક્ટ ભારત માટે એક ગૌરવ સમાન હશે. સમુદ્રના પેટાળમાંથી પસાર થતી એક પાઈપલાઈન માત્ર ગેસ કે તેલ લાવવાનું સાધન નથી, તે ભારતના આત્મવિશ્વાસની, દૂરંદેશીની અને દુનિયા સાથે કદમ મિલાવીને ચાલવાની તૈયારીની નિશાની છે.

હોર્મુઝની ખાડીમાં જ્યારે તણાવ વધે છે ત્યારે દુનિયાભરના દેશોના શ્વાસ અટકી જાય છે, કારણ કે ત્યાંથી જ મોટા ભાગનું તેલ અને ગેસ પસાર થાય છે.

## ઓમાન અને સંયુક્ત આરબ અમીરાતના દરિયાકાંઠેથી નીકળીને અરબી સમુદ્રના ઊંડા પાણીમાંથી પસાર થઈને સીધી ગુજરાત અને મહારાષ્ટ્રના કિનારે પહોંચતી આ પાઈપલાઈન ભારતની ઊર્જા સુરક્ષાને નવો આધાર આપશે.

ભારત જેવો દેશ જે પોતાની જરૂરિયાતનું મોટા ભાગનું ખનિજ તેલ બહારથી મંગાવે છે, તેના માટે આ એક સતત ચિંતાનો વિષય રહ્યો છે. જહાજો મારફતે આવતો ગેસ અને તેલ ક્યારેક મોડો પડે, ક્યારેક ખર્ચ વધારી દે અને ક્યારેક આંતરરાષ્ટ્રીય તણાવને કારણે અટકી પણ જાય. આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે ભારતે હવે એક નવી વ્યૂહરચના પર કામ શરૂ કર્યું છે, જે સામાન્ય માણસના રસોડાથી માંડીને દેશના અર્થતંત્ર સુધી દરેકને સ્પર્શે એવી છે.

આ વ્યૂહરચનાનું નામ છે સમુદ્રની નીચે પાઈપલાઈન પાથરવી. ઓમાન અને સંયુક્ત આરબ અમીરાતના દરિયાકાંઠેથી નીકળીને અરબી સમુદ્રના ઊંડા પાણીમાંથી પસાર થઈને સીધી ગુજરાત અને મહારાષ્ટ્રના કિનારે પહોંચતી આ પાઈપલાઈન ભારતની ઊર્જા સુરક્ષાને નવો આધાર આપશે. શરૂઆતમાં આ યોજના માત્ર ગેસ માટે વિચારાઈ હતી, પણ હવે દરિયાઈ માર્ગે ક્રૂડ ઓઈલ લાવવાની શક્યતા પર પણ તકનિકી અભ્યાસ ચાલી રહ્યો છે. ઊંડા સમુદ્રમાં પાઈપલાઈન નાખવાની ટેકનોલોજી, તેનો ખર્ચ અને તેની સલામતી જેવા તમામ પાસાંની ઝીણવટભરી તપાસ થઈ રહી છે.

કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે તાજેતરમાં યુએઈના વિદેશ વેપાર મંત્રી સાથેની મુલાકાત બાદ આ વાતની પુષ્ટિ કરી હતી. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારે હવે ઓમાન અને યુએઈથી ભારત સુધી સીધી સમુદ્રની નીચે પાઈપલાઈનના પ્રોજેક્ટને પોતાની ટોચની પ્રાથમિકતાઓમાં સામેલ કર્યો છે. આ પ્રોજેક્ટને મિડલ ઈસ્ટ ટુ ઈન્ડિયા ડીપ વોટર પાઈપલાઈન તરીકે ઓળખવામાં આવે છે. નામ જ બતાવે છે કે આ કોઈ નાનું કામ નથી, આ ઈજનેરીનો એક અદભુત પ્રયોગ છે.

વિચાર કરો, સમુદ્રની સપાટીથી લગભગ ત્રણ હજાર ચારસો પચાસ મીટરની ઊંડાઈએ પાઈપલાઈન પાથરવી એ કેટલું મોટું પડકારભર્યું કામ છે. ત્યાં પાણીનું દબાણ અત્યંત ઊંચું હોય છે, સમુદ્રની સપાટી પર ખડકો હોય છે અને ખીણોમાંથી માર્ગ કાઢવાનો હોય છે. ભવિષ્યમાં તેનું સમારકામ કરવું પડે તો પણ એ સહેલું નથી. છતાં ભારત અને તેના ભાગીદાર દેશો આ પડકાર ઝીલવા તૈયાર થયા છે, કારણ કે તેનો લાભ એટલો મોટો છે કે મહેનત વસૂલ થઈ જાય.

આ પાઈપલાઈનની લંબાઈ બારસોથી બે હજાર કિલોમીટર જેટલી હશે અને તેનો અંદાજિત ખર્ચ ચાલીસ હજાર કરોડ રૂપિયાની આસપાસ મૂકવામાં આવ્યો છે. તેની ક્ષમતા રોજના ત્રણ કરોડ દસ લાખ ઘનમીટર કુદરતી ગેસ પહોંચાડવાની હશે. એક વખત આ વ્યવસ્થા કાર્યરત થઈ જાય પછી ઓમાન, યુએઈ, કતાર અને સાઉદી અરેબિયાના ગેસ અને તેલના ભંડારમાંથી સીધો અને અવિરત પુરવઠો મળતો રહેશે. વચ્ચે કોઈ જહાજની રાહ જોવી નહીં પડે, હોર્મુઝની ખાડીના તણાવની ચિંતા નહીં

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

રહે અને હવામાન બગડે તોપણ પુરવઠો અટકશે નહીં.

સામાન્ય માણસને થશે કે આટલા ઊંડા સમુદ્રની વાતથી મારા ઘરને શું લેવાદેવા. પણ લેવાદેવા ઘણી છે. આજે આપણે જે એલપીજીનો બાટલો વાપરીએ છીએ, જે સીએનજીથી વાહન ચાલે છે, જે ખાતરથી ખેતર લીલું રહે છે અને જે વીજળીથી કારખાના ધમધમે છે, તે બધામાં ગેસનો મોટો ફાળો છે. જ્યારે ગેસ અને તેલ જહાજમાં આવે છે ત્યારે તેનું ભાડું લાગે, વીમાનો ખર્ચ લાગે અને રસ્તામાં વિલંબ થાય તો બજારમાં ભાવ વધી જાય. પાઈપલાઈનથી આ વચ્ચેનો ખર્ચ ઘટશે. પરિવહન અને વીમાનો ખર્ચ ઘટશે એટલે બજારમાં અચાનક ભાવ વધારાના જે આંચકા આવે છે તેનું દબાણ ભારત પર ઓછું પડશે. સીધી ભાષામાં કહીએ તો રસોડાનો ખર્ચ સ્થિર રહેવામાં મદદ મળશે અને ઉદ્યોગોને સસ્તી ઊર્જા મળશે.

ભારત આજે પોતાની જરૂરિયાતનું લગભગ અઠ્યાસી ટકા ખનિજ તેલ આયાત કરે છે. દેશમાં આવતો અડધાથી વધુ એલપીજી અને એલએનજી કતાર અને યુએઈમાંથી આ જ દરિયાઈ માર્ગે જહાજોમાં આવે છે. એટલે આ પાઈપલાઈન માત્ર એક નવો રસ્તો નથી, તે ભારતની ઊર્જાની નાડીને મજબૂત કરવાનો ઉપાય છે. જ્યારે દેશ પોતાની ઊર્જા જરૂરિયાત માટે સુરક્ષિત માર્ગ ઊભો કરે છે ત્યારે તેની વિદેશ નીતિ પણ મજબૂત બને છે, તેને કોઈના દબાણમાં આવવું પડતું નથી.

આ પ્રોજેક્ટમાં આશાનું એક કિરણ પહેલેથી દેખાયું છે. પ્રોજેક્ટ વિકસાવનાર સાઉથ એશિયા ગેસ એન્ટરપ્રાઈઝે લગભગ પચીસ કરોડના ખર્ચે ત્રણ કિલોમીટર લાંબી પાઈપલાઈન પાથરીને તેની પરીક્ષણ સફળતાપૂર્વક કર્યું છે. સમુદ્રના સર્વે માટેનું આ પહેલું પગલું હતું. હવે એકવાર બધી શરતો પૂરી થઈ જાય પછી નિર્માણમાં લગભગ પાંચથી સાત વર્ષનો સમય લાગવાની ધારણા છે. પાંચ સાત વર્ષ લાંબો સમય લાગે, પણ જે કામ સદીઓ સુધી લાભ આપવાનું હોય તેને ઉતાવળે ન કરાય.




ગુજરાત માટે આ વાત વિશેષ ગૌરવની છે. આ પાઈપલાઈન ગુજરાતના દરિયાકાંઠે આવશે. જે ગુજરાતે વેપાર માટે દરિયો ખેડ્યો છે, જેના બંદરોએ સદીઓથી દુનિયાને જોડી છે, તે જ ગુજરાત હવે ઊર્જા કોરિડોરનું પ્રવેશદ્વાર બનશે. અહીંથી ગેસ દેશના ખૂણે ખૂણે પહોંચશે. રોજગારી વધશે, નવા ઉદ્યોગો આવશે અને તકનિકી જાણકારી પણ વધશે. ઊંડા સમુદ્રમાં કામ કરતા ઈજનેરો, ડાઈવર્સ, વૈજ્ઞાનિકો અને કામદારોનો એક નવો વર્ગ તૈયાર થશે.

કોઈપણ મોટા સ્વપ્નની જેમ આમાં પણ મુશ્કેલીઓ છે. ઊંડાઈનું દબાણ, ખર્ચનો બોજો, પર્યાવરણની ચિંતા અને આંતરરાષ્ટ્રીય સહકારની જરૂરિયાત, આ બધું સંભાળવું પડશે. પણ ભારતે અગાઉ પણ અઘરા કામો પાર પાડ્યા છે. સમુદ્રની નીચેથી ઊર્જા લાવવાનો આ પ્રયાસ એ દિશામાં એક મજબૂત પગલું છે કે ભારત હવે માત્ર ખરીદનાર દેશ નથી, તે ભવિષ્યની વ્યવસ્થા ઘડનાર દેશ છે.

આ પાઈપલાઈન દેખાતી નથી, તે સમુદ્રની નીચે હશે, પણ તેની અસર દરેક ઘરમાં દેખાશે. જ્યારે રસોઈનો ગેસ સમયસર અને વ્યાજબી ભાવે મળશે, જ્યારે કારખાનાને અટક્યા વિના ઊર્જા મળશે, જ્યારે દેશને કોઈ ખાડીના તણાવની બીક નહીં રહે, ત્યારે આપણને સમજાશે કે આજે લેવાયેલો આ નિર્ણય કેટલો દૂરંદેશીભર્યો હતો. આખો પ્રોજેક્ટ ભારત માટે ગૌરવ સમાન હશે, કારણ કે તે આપણને શીખવે છે કે સાચી તાકાત શસ્ત્રોમાં નથી હોતી, સાચી તાકાત પોતાના લોકોના જીવનને સુરક્ષિત અને સરળ બનાવવાની દૃષ્ટિમાં હોય છે.

# એશિયન ગેમ્સમાં ભારતનો ૧૧મો ગોલ્ડ: મહિલા રિકર્વ ટીમે પ્રથમ વખત રચ્યો ઈતિહાસ

## ફાઈનલમાં દક્ષિણ કોરિયાને ૫-૩થી હરાવ્યું; અંકિતા ભગત, કીર્તિ અને કુમકુમ મોહોડની ત્રિપુટીએ અપાવ્યો ઐતિહાસિક વિજય



નાગોયા (જાપાન),

એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતીય ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન યથાવત્ છે. ભારતે વધુ એક ગોલ્ડ મેડલ પોતાના નામે કરતાં મેડલની સંખ્યા ૬૭ સુધી પહોંચાડી છે. શુક્રવારે ભારતીય મહિલા રિકર્વ તીરંદાજી ટીમે ફાઈનલમાં દક્ષિણ કોરિયાને ૫-૩થી હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. અંકિતા ભગત, કીર્તિ શર્મા અને કુમકુમ મોહોડની ત્રિપુટીએ શાનદાર પ્રદર્શન કરીને ભારતને આ ઐતિહાસિક સફળતા અપાવી હતી.

મહિલા રિકર્વ ટીમ માટે આ જીત ખાસ બની છે, કારણ કે એશિયન ગેમ્સના ઈતિહાસમાં ભારતે આ ઈવેન્ટમાં પ્રથમ વખત ગોલ્ડ મેડલ જીત્યો છે. દક્ષિણ કોરિયાની મજબૂત ટીમ સામે ભારતીય ખેલાડીઓએ શરૂઆતથી જ સંતુલિત રમત દર્શાવી હતી. મુકાબલામાં દબાણની સ્થિતિ ઊભી થઈ ત્યારે ભારતીય તીરંદાજોએ સચોટ નિશાન સાધીને મહત્વના પોઈન્ટ મેળવ્યા હતા.

૧૭ વર્ષની કુમકુમ મોહોડે નિર્ણાયક તબક્કામાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે દબાણ વચ્ચે મહત્વપૂર્ણ તીરો પર ૧૦ પોઈન્ટ મેળવીને ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી હતી. અંકિતા ભગતે પોતાના અનુભવનો ઉપયોગ કરીને ટીમને સંભાળી હતી, જ્યારે કીર્તિ શર્માએ પણ ટીમના વિજયમાં મહત્વનું યોગદાન આપ્યું હતું.વર્તમાન એશિયન ગેમ્સમાં તીરંદાજીમાં ભારતનો આ ચોથો ગોલ્ડ મેડલ છે. ભારતે કમ્પાઉન્ડ ટીમ ઈવેન્ટમાં ત્રણેય ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યા છે. હવે મહિલા રિકર્વ ટીમે પણ ગોલ્ડ જીતતાં ભારતીય તીરંદાજોનું પ્રદર્શન વધુ મજબૂત બન્યું છે.

એશિયન ગેમ્સના ૧૩મા દિવસે ભારત કુલ ૬૭ મેડલ સાથે મેડલ ટેલીમાં ૭મા સ્થાને છે. ભારતે અત્યાર સુધીમાં ૧૧ ગોલ્ડ, ૨૩ સિલ્વર અને ૩૩ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. તીરંદાજી ઉપરાંત કુશ્તી સહિતની અન્ય રમતોમાં પણ ભારતીય ખેલાડીઓ મેડલ માટે મેદાનમાં ઉતરી રહ્યા છે.

કુશ્તીમાં ભારતના સુજીત કલકલે પુરુષોની ફ્રીસ્ટાઈલ ૬૫ કિલોગ્રામ કેટેગરીમાં શાનદાર જીત મેળવી સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું છે.

# શુભમન ગિલે ઐતિહાસિક ઈનિંગ રમીને એમએસ ધોનીનો ૨૧ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો



ગુવાહાટી,

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન શુભમન ગિલે એકલા હાથે વેસ્ટ ઈન્ડીઝ સામે ૨૨૩ રનની ઐતિહાસિક ઈનિંગ રમી, જેનાથી ટીમ ઈન્ડિયા ત્રણ મેચની વનડે શ્રેણીની બીજી મેચમાં જીત મેળવી. આ ઈનિંગ સાથે, શુભમન ગિલે ઘણા રેકોર્ડ તોડી નાખ્યા જે વર્ષોથી અતૂટ હતા. આમાંથી એક વર્લ્ડ કપ વિજેતા ભારતીય કેપ્ટન એમએસ ધોની પાસે હતો, અને વિરાટ કોહલી તેને તોડવા માટે સૌથી વધુ સંભવિત દાવેદાર માનવામાં આવતો હતો. જોકે, તે પણ આમ કરવામાં નિષ્ફળ ગયો, અને આ ઈનિંગ સાથે ગિલે ધોનીનો ૨૧ વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો.

ભારતીય ટીમ માટે વનડે ક્રિકેટમાં રન ચેઝમાં સૌથી વધુ ઈનિંગ્સનો રેકોર્ડ અગાઉ એમએસ ધોનીના નામે હતો, જેણે ૨૦૦૫માં શ્રીલંકન ટીમ સામે રન ચેઝ કરતી વખતે અણનમ ૧૮૩ રન બનાવ્યા હતા. ત્યારથી તેણે આ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. વિરાટ કોહલી પણ આ યાદીમાં છે, તેણે ૨૦૧૨માં મીરપુર ખાતે પાકિસ્તાની ટીમ સામે ટાર્ગેટનો પીછો કરતી વખતે ૧૮૩ રનની ઈનિંગ્સ રમી હતી. જોકે, ૨૦૧૨ની ઈનિંગ્સમાં તેણે પોતાની વિકેટ ગુમાવી દીધી હતી, જેના કારણે કોહલી બીજા સ્થાને રહ્યો હતો. હવે, શુભમન ગિલે આ બંને દિગ્ગજોને પાછળ છોડી દીધા છે અને યાદીમાં ટોચનું સ્થાન મેળવ્યું છે, ભારત માટે રન ચેઝમાં સૌથી વધુ વનડે સદી ફટકારનાર ખેલાડી બન્યો છે.

# રોહિત શર્માએ સદી પૂરી કર્યા પછી પોતાની નવી ઉજવણી શૈલી જાહેર કરી



ગુવાહાટી,

ભારત અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચેની ત્રણ મેચની વનડે શ્રેણીની બીજી મેચ ગુવાહાટીના બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. બંને ટીમોએ ૮૧૧ રન બનાવ્યા હતા, જ્યારે ટીમ ઈન્ડિયાએ ૮ વિકેટથી મેચ જીતી હતી, શ્રેણીમાં ૨-૦ની અજેય લીડ મેળવી હતી. આ મેચમાં, વેસ્ટ ઈન્ડીઝે ભારતીય ટીમ માટે ૪૦૬ રનનો વિશાળ લક્ષ્યાંક રાખ્યો હતો, જે ટીમ ૪૩.૩ ઓવરમાં પ્રાપ્ત કરવામાં સફળ રહી હતી. ભારતીય કેપ્ટન શુભમન ગિલે અણનમ બેવડી સદી ફટકારી હતી, જ્યારે હિટમેન રોહિત શર્મા, જેનું ફોર્મ તપાસ હેઠળ હતું, તેણે પણ શાનદાર સદી રમી હતી. જ્યારે રોહિતે આ મેચમાં તેની સદી પૂરી કરી, ત્યારે તેણે ખૂબ જ અલગ રીતે ઉજવણી કરી, જેનો ઉલ્લેખ તેણે મેચ પછીના પોતાના નિવેદનમાં પણ કર્યો હતો.

વેસ્ટ ઈન્ડીઝ સામેની બીજી વનડેમાં, રોહિત શર્માએ ૭૫ બોલમાં ૧૦૧ રન બનાવ્યા. મેચ પછી બ્રોડકાસ્ટર સાથે વાત કરતા, રોહિતે તેની ઉજવણી શૈલી વિશેના પ્રશ્નનો જવાબ આપતા કહ્યું, "હું તે ઉજવણી મારી પાસે રાખું છું." કેટલીક વસ્તુઓ ફક્ત તમારી સાથે રહેવી જોઈએ, અને મેં આ મારા માટે કર્યું અને તે શેર કરી શકતો નથી, તેથી હા, તે ઉજવણી મારા માટે હતી. ગિલ સાથે બેટિંગ અંગેના પ્રશ્નના જવાબમાં રોહિતે કહ્યું, "મને લાગે છે કે, જેમ તમે કહ્યું હતું, વિકેટ સારી હતી. અમે ફક્ત બેટિંગ ચાલુ રાખવા માંગતા હતા. સાચું કહું તો, અમે સ્કોરબોર્ડ વિશે વધુ વિચારી રહ્યા ન હતા. અમે ફક્ત બોલની ગુણવત્તા અનુસાર રમવાનો અને ભાગીદારી બનાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. મને લાગે છે કે જ્યારે તમે આવા લક્ષ્યનો પીછો કરી રહ્યા હોવ, ત્યારે તમારે મોટી ભાગીદારી બનાવવી પડે છે, અને અમે તે જ કર્યું." બીજી બાજુ, ગિલ શાનદાર હતો. તેનો સમગ્ર ઈનિંગ દરમિયાન તેની બેટિંગ પર સંપૂર્ણ નિયંત્રણ હતો, અને અંત સુધી અણનમ રહેવું પણ અદ્ભુત હતું.

# "અનુપમા" દ્વારા ઘર-ઘરમાં જાણીતી બનેલી રૂપાલી ગાંગુલીએ તેના પિતાનું અધૂરું સ્વપ્ન પૂર્ણ કર્યું



મુંબઈ,

"અનુપમા" દ્વારા ઘર-ઘરમાં જાણીતી બનેલી રૂપાલી ગાંગુલી ઘણીવાર કોઈને કોઈ કારણોસર સમાચારમાં રહે છે. ક્યારેક તેના શોની સફળતા માટે, ક્યારેક તેના અંગત જીવન માટે. જોકે રૂપાલી ગાંગુલીએ આજે ટોચની ટીવી અભિનેત્રીઓમાંની એક તરીકે પોતાને સ્થાપિત કરી છે, એક સમય એવો હતો જ્યારે તેના પરિવારને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. એક કાર્યક્રમ દરમિયાન, રૂપાલી ગાંગુલીએ પોતાના જીવનના સૌથી મુશ્કેલ દિવસો વિશે વાત કરી અને કેવી રીતે તેના પિતાના નિર્ણય પછી તેના પરિવારે બધું ગુમાવ્યું.

એફસીસીઆઈ ફ્રેમ્સ ૨૦૨૬ કાર્યક્રમ દરમિયાન રૂપાલી ગાંગુલી પોતાના સ્વર્ગસ્થ પિતા અનિલ ગાંગુલીને યાદ કરીને ભાવુક થઈ ગઈ. રૂપાલી ગાંગુલીએ સમજાવ્યું કે તેના પિતા ફિલ્મ નિર્માતા બનવા માંગતા હતા, જેના કારણે તેમણે પોતાના જીવનમાં ઘણા મુશ્કેલ નિર્ણયો લીધા. તે દિવસોમાં, ફિલ્મ નિર્માતાઓ કોર્પોરેટ સિસ્ટમનો ભાગ નહોતા; તેમને પોતાની ફિલ્મો બનાવવા માટે પોતાના પૈસા રોકાણ કરવા પડતા હતા, પોતાના ઘર પણ વેચવા પડતા હતા. રૂપાલી ગાંગુલીએ સમજાવ્યું કે આના કારણે તેના પરિવારે ખૂબ જ મુશ્કેલ સમયનો સામનો કરવો પડ્યો. ધીમે ધીમે, તેના પરિવારે બધું ગુમાવી દીધું. તેના પિતાનું હંમેશા મુંબઈમાં ઘર રાખવાનું સ્વપ્ન હતું.

રૂપાલી ગાંગુલીએ કહ્યું, "મારા પિતા એક ફિલ્મ નિર્માતા હતા. તે સમય હતો જ્યારે લોકો કોર્પોરેટ ફિલ્મ વ્યવસાયનો ભાગ નહોતા. તેઓ પોતાની ફિલ્મો બનાવતા હતા અને તે માટે પોતાના ઘર પણ વેચી દેતા હતા. મારા પરિવારે પણ આવા જ સમયમાંથી પસાર થવું પડ્યું. ધીમે ધીમે અમે બધું ગુમાવ્યું. મારા પિતાનું ફક્ત એક જ સ્વપ્ન હતુંઃ મુંબઈમાં ઘર ધરાવવાનું. હું એક સામાન્ય ભત્રીજાવાદની બાળકી હતી, એક પ્રખ્યાત ફિલ્મ નિર્માતાની પુત્રી. મારા પિતાનું ફક્ત એક જ સ્વપ્ન હતું.

# સુનિતા આહુજાએ કૃષ્ણા અને કાશ્મીરા સાથે પાર્ટી કરી, બેબી પિંક ગ્લિટરી આઉટફિટમાં સ્ટાઈલિશ દેખાતી હતી



મુંબઈ,

ગોવિંદા અને સુનિતા આહુજા એક સમયે બોલિવૂડના નંબર વન કપલ હતા, પરંતુ છેલ્લા કેટલાક મહિનામાં તેમના સંબંધોમાં તણાવના અહેવાલો સામાન્ય બની ગયા છે. તાજેતરમાં, ગોવિંદાએ તેની "રૂપા" કો-સ્ટાર અને કથિત ગર્લફ્રેન્ડ કોમલ રાની સ્વર્ણકર સાથે લાલબાગચા રાજાની મુલાકાત લીધી હતી, અને ત્યારથી તે સોશિયલ મીડિયા યુઝર્સનું નિશાન બની ગયો છે. તાજેતરમાં, દિવ્યા ખોસલાએ ગોવિંદાની કોમલ રાની સાથેની સફર પર પણ સવાલ ઉઠાવ્યા હતા, જેનો જવાબ સુનિતા આહુજાએ આપ્યો હતો. તેણીએ એક પોસ્ટ શેર કરી હતી જેમાં જણાવ્યું હતું કે તેણી પાસે અભિનેતા અથવા તેના સહ-અભિનેતા વિશે કંઈ કહેવાનું નથી. દરમિયાન, ગોવિંદા સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે, સુનિતાની તેના પરિવાર સાથેની નિકટતા વધુ મજબૂત થઈ રહી છે. તાજેતરમાં, સુનિતા ફરી એકવાર કૃષ્ણા અભિષેક અને કાશ્મીરા શાહ સાથે જોવા મળી હતી.ગોવિંદા સાથે ચાલી રહેલા વિવાદ વચ્ચે, સુનિતા આહુજા ફરી એકવાર કૃષ્ણા અભિષેક અને કાશ્મીરા શાહ સાથે જોવા મળી હતી. તેમનો પુત્ર યશવર્ધન આહુજા પણ હાજર હતો. સુનિતા પાર્ટીમાં ચમકતા બેબી પિંક આઉટફિટમાં પહોંચી હતી અને કશ્મીરાને જોઈને હસવા લાગી હતી. સુનિતા આહુજાનો કાશ્મીરા સાથેનો સંબંધ હવે ચર્ચાનો વિષય બની ગયો છે. એક સમય હતો જ્યારે બંને પરિવારો વચ્ચે અણબનાવ હતો, પરંતુ હવે કૃષ્ણા અને કાશ્મીરા ખુલ્લેઆમ સુનિતાને ટેકો આપી રહ્યા છે. સુનિતા આવતાની સાથે જ કાશ્મીરાએ તેને ભેટી પડી અને તેના ગાલ પર ચુંબન કરીને પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો.

પાર્ટી વેન્યુમાં પ્રવેશતા પહેલા, સુનિતા તેની પુત્રવધૂ કાશ્મીરાને ખુલ્લેઆમ લાડ લડાવતી જોવા મળી. બંનેએ સાથે ફોટા પડાવ્યા, અને યશવર્ધન પણ પરિવાર સાથે જોવા મળ્યો. નોંધનીય છે કે, આ સમય દરમિયાન કોઈએ ગોવિંદાનો ઉલ્લેખ કર્યો ન હતો, ફક્ત આનંદ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. એક સમય હતો જ્યારે સુનિતા અને કાશ્મીરા સારા સંબંધોમાં હતા. તેઓ વર્ષો સુધી બોલતા પણ નહોતા. પરંતુ હવે, જેમ જેમ સુનિતા અને ગોવિંદાના સંબંધો વધુને વધુ તણાવપૂર્ણ બનતા જાય છે, કાશ્મીરા સુનિતાને સૌથી વધુ ટેકો આપી રહી છે.

તાજેતરમાં, સુનિતા આહુજાએ ગોવિંદા અને કોમલ રાની સ્વર્ણકરના સંબંધો પર પણ ટિપ્પણી કરી હતી. દિવ્યા ખોસલાની પોસ્ટને પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર ફરીથી શેર કરતાં, સુનિતાએ કહ્યું કે તે ગોવિંદા કે તેના સહ-કલાકાર પર કોઈ ટિપ્પણી કરવા માંગતી નથી.

# અભિનેત્રી પ્રત્યુષા બેનર્જી આત્મહત્યા કેસમાં બોમ્બે હાઈકોર્ટે રાહુલ રાજ સિંહને રાહત આપી



મુંબઈ,

ટીવી અભિનેત્રી પ્રત્યુષા બેનર્જીના મૃત્યુના આરોપી રાહુલ રાજ સિંહને બોમ્બે હાઈકોર્ટે રાહત આપી છે. ટીવી સિરિયલ બાલિકા વધુમાં આનંદીનું પાત્ર ભજવીને પ્રત્યુષા ખ્યાતિ પામી હતી. જસ્ટિસ શિવકુમાર દિગેની બેન્ચે ૧ એપ્રિલ, ૨૦૧૬ ના રોજ પ્રત્યુષા અને રાહુલ રાજ વચ્ચે ફાંસી લગાવતા પહેલા થયેલી છેલ્લી વાતચીતના આધારે આ ચુકાદો આપ્યો હતો.

આ કેસ લગભગ ૧૦ વર્ષ જૂનો છે. ૨૪ વર્ષીય પ્રત્યુષા તેના ફ્લેટમાં મૃત હાલતમાં મળી આવી હતી. તેના તત્કાલીન બોયફ્રેન્ડ અને લિવ-ઈન પાર્ટનર, અભિનેતા-નિર્માતા રાહુલ રાજ સિંહ તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયા, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પ્રત્યુષાના ગળા પર નિશાન પણ જોવા મળ્યા.પ્રત્યુષાના માતાપિતાએ રાહુલ પર શારીરિક, માનસિક અને આર્થિક શોષણનો આરોપ લગાવતા પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે રાહુલના ત્રાસને કારણે પ્રત્યુષાએ આ આત્યંતિક પગલું ભર્યું. ત્યારબાદ, રાહુલ વિરુદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરણી, હુમલો અને ગુનાહિત ધાકધમકીનો આરોપ લગાવીને એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. દિંડોશી સેશન્સ કોર્ટે રાહુલની ડિસ્ચાર્જ અરજી ફગાવી દીધી હતી, અને તેની સામે આરોપો ઘડવાની પ્રક્રિયા આગળ વધવાની હતી.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ર | અ | મ | વા | ગુ | લા | મ | ક્ષ | કા | કા | અં | પ્રા |
| ગુ | મ | ના | મ | ક્ષ | ડ | શિ | કુ | ગ | તી | વિ | ળ |
| ર | ન | ઉ | ળ | ન | મ | ફ | દ | કુ | ઝ | ર | ધ |
| કુ | પ્રા | ધ | ણ | ર | રો | તા | ક | તી | ક્ષ | લ | વિ |
| ર | ક્ષ | ભો | બ | કા | તી | સ | પ | સા | ગ | કા | ક |
| ળો | અઃ | લ | સ | ડ | મ | રી | અ | સ | દ | ધ | ક |
| દ | ચ | દ | રા | ર | સા | મ | ચ | મ | ચી | કા | મા |
| શિ | ક | ધ | બં | વા | ર | દ | કા | ર | લા | મા | ગ |
| કા | ચા | લી | ધ | ગ | સ | ર | ળ | ગુ | ઈ | ઈ | જ્ઞા |
| ર | ર | જ્ઞા | ન | ઓ | લ | બા | ણ | મા | કા | મા | ખ |
| ભો | મ | વ | ધ | પ્ર | ભો | બ | મા | ન | ળો | ણે | તુ |
| વિ | પ્ર | અ | સા | ક | લ | દ | ળો | સ | મા | ફ | ર |

શબ્દ શોધો: ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# અજય દેવગણની 'દ્રશ્યમ ૩' ફિલ્મ રિલીઝ પહેલા જ બોક્સ ઓફિસ પર મજબૂત શરૂઆત




મુંબઈ,

અજય દેવગણની લોકપ્રિય ફિલ્મ ફ્રેન્ચાઈઝ 'દ્રશ્યમ'ના ત્રીજા ભાગને લઈને દર્શકોમાં ભારે ઉત્સાહ છે. 'દ્રશ્યમ ૩: ધ કન્ક્લુઝન' માટે એડવાન્સ બુકિંગ શરૂ થતાં જ ટિકિટનું વેચાણ ઝડપથી વધી ગયું છે. શરૂઆતના આંકડા દર્શાવે છે કે ફિલ્મ રિલીઝ પહેલા જ બોક્સ ઓફિસ પર મજબૂત શરૂઆત કરી રહી છે.ડેટા અનુસાર, ફિલ્મનું ઓપનિંગ ડે એડવાન્સ બુકિંગ બુકિંગ ખુલ્યાના ૨૪ કલાકમાં જ ૫ કરોડની આસપાસ પહોંચી ગયું છે. ટ્રેડ અંદાજ મુજબ ફિલ્મ તેના પહેલા દિવસે ૪૦ કરોડથી વધુની કમાણી કરશે.

'દ્રશ્યમ ૩: ધ કન્ક્લુઝન' માટે ચાર શો ડેટ માટે એડવાન્સ બુકિંગ ચાલુ છે. ઉપલબ્ધ ડેટા અનુસાર, ફિલ્મે અત્યાર સુધીમાં એડવાન્સ બુકિંગમાંથી આશરે ૨૬.૭૨ કરોડની કમાણી કરી છે. બ્લોક કરેલી સીટોને બાદ કરતાં, કુલ ટિકિટ આશરે ૧૯.૪૦ કરોડ હોવાનો અંદાજ છે. અત્યાર સુધીમાં ૭.૬૪ લાખથી વધુ ટિકિટ વેચાઈ છે, જ્યારે બ્લોક કરેલી સીટોને બાદ કરતાં, આ સંખ્યા આશરે ૫.૪૪ લાખ છે. કુલ ૨૬,૫૮૧ શો બુક થયા છે, જેમાં ૩૨ શો સંપૂર્ણપણે વેચાઈ ગયા છે.

ફિલ્મના ઓપનિંગ ડે, શુક્રવાર, ૨ ઓક્ટોબર માટે એડવાન્સ બુકિંગમાં સૌથી મોટો ધસારો જોવા મળી રહ્યો છે. પહેલા દિવસે અત્યાર સુધીમાં આશરે ?૧૪.૨૨ કરોડનું એડવાન્સ બુકિંગ નોંધાયું છે, જે પ્રેક્ષકોનો મજબૂત પ્રતિસાદ દર્શાવે છે. વર્તમાન બુકિંગ ટ્રેન્ડના આધારે, વેપાર ૪૦ કરોડથી વધુની ચોખ્ખી ઓપનિંગની અપેક્ષા રાખે છે. ફિલ્મના રિલીઝને પાંચ દિવસ બાકી છે, તેથી આગામી દિવસોમાં બુકિંગના આંકડામાં વધુ વધારો થવાની ધારણા છે.

રાજ્યવાર આંકડાઓ પર નજર કરીએ તો, મહારાષ્ટ્ર એડવાન્સ બુકિંગમાં આગળ છે. અહીં, ફિલ્મે બધી ઉપલબ્ધ શો તારીખો માટે આશરે ૮.૨૧ કરોડની કમાણી કરી છે, જે કુલ કમાણીના આશરે ૩૧% છે. દિલ્હી, આશરે ૫.૮૦ કરોડ સાથે, અને ગુજરાત, આશરે ૨.૧૦ કરોડ સાથે, મુખ્ય બજારો છે. ટોચના ૧૦ રાજ્યો ફિલ્મના કુલ એડવાન્સ બુકિંગમાં લગભગ ૯૦% હિસ્સો ધરાવે છે. શહેરોમાં, રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર પેકમાં આગળ છે. ફિલ્મે આશરે ૫.૮૦ કરોડ (કુલ કમાણીના આશરે ૨૨%) ની એડવાન્સ બુકિંગ રેકોર્ડ કરી છે. આ પછી, મુંબઈમાં આશરે ૪.૭૬ કરોડ (આશરે ૨.૧૬ કરોડ) અને પુણેમાં ૨.૧૬ કરોડ (આશરે ૨.૧૬ કરોડ) બુકિંગ નોંધાયું. ટોચના ૧૦ શહેરો ફિલ્મના કુલ એડવાન્સ બુકિંગમાં આશરે ૬૭% હિસ્સો ધરાવે છે.

શોટાઈમના આધારે 'દ્રશ્યમ ૩' માટે બુકિંગમાં પણ એક રસપ્રદ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. ઉપલબ્ધ માહિતી અનુસાર, સાંજના શો સૌથી ઝડપથી ભરાઈ રહ્યા છે. આશરે ૫,૪૦૬ શો સાથે, સાંજના શોમાં ૧૩% ઓક્યુપન્સી નોંધાઈ છે. દરમિયાન, રાત્રિ શોમાં આશરે ૧૧% ઓક્યુપન્સી જોવા મળી છે, જેમાં આશરે ૮,૪૦૦ શો છે. આ સૂચવે છે કે સાંજના શો દર્શકોની પસંદગી રહ્યા છે.

'દ્રશ્યમ ૩: ધ કન્ક્લુઝન' માટે એડવાન્સ બુકિંગનો સંપૂર્ણ કુલ સંગ્રહ હિન્દી ભાષાના શોમાંથી આવ્યો છે. આજની તારીખમાં, હિન્દી શોમાંથી બુકિંગ ૨૬.૭૨ કરોડ નોંધાયું છે. પાછલા ભાગની લોકપ્રિયતા અને વાર્તા પ્રત્યે પ્રેક્ષકોની ઉત્સુકતાને ધ્યાનમાં રાખીને, ત્રીજા ભાગના પ્રી-સેલ્સ પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે. રિલીઝ પહેલાના આ આંકડા ફિલ્મના શરૂઆતના બોક્સ ઓફિસ પ્રદર્શનનું ચિત્ર વધુ રસપ્રદ બનાવી રહ્યા છે.

# રાજકોટ શહેરમાં 'ડ્રોન'એ મચ્છરોના ૮૨૯૮ ઘરનો કર્યો ખાત્મો

## રોગચાળાને કાબુમાં લેવા હાઈટેક ડ્રોન ટેકનોલોજી અજમાવવામાં આવી



રાજકોટ,
રાજકોટના વોંકળા, નાળા અને આજી નદી કાંઠા આસપાસ મચ્છરોનો ઉપદ્રવ અને મચ્છરજન્ય રોગચાળાને કાબુમાં લેવા હાઈટેક ડ્રોન ટેકનોલોજી અજમાવવામાં આવી રહી છે. મચ્છરોનું બ્રિડીંગ શોધવા ડ્રોનનો ઉપયોગ થાય છે અને બાદમાં ડ્રોનથી જ દવા છંટકાવ કરવામાં આવી રહ્યો છે. છેલ્લા એક અઠવાડીયિામાં ડ્રોને મચ્છરના વધુ ૮૨૯૮ ઘર શોધી દવા છંટકાવથી તેનો ખાત્મો કરવામાં આવ્યો હતો.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વાહક નિયંત્રણ હેઠળ છેલ્લા અઠવાડીયામાં ફિલ્ડવર્કર, અર્બન આશા તથા સ્ઁઉંઉ દ્વારા કુલ૧,૯૧,૫૮૭ ઘરોમાં પોરાનાશક કામગીરીકરવામાં આવી છે. તેમજ ફિલ્ડવર્કરો દ્વારા૬૯૫ ઘરોમાં ફોગીંગ કામગીરીકરવામાં આવેલ છે.

આ કામગીરી હેઠળ રહેણાંક સિવાયના ૫૩૨ પ્રીમાઈસીસ, જેમાં બાંધકામ સાઈટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્સ, ભંગારનાડેલા, સેલર, હોલ/વાડી/પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરેનો સમાવેશ થાય છે, તેની મચ્છર ઉત્પત્તિ સબબ તપાસ કરવામાં આવી છે. જેમાં મચ્છર ઉત્પત્તિ અંગેરહેણાંક વિસ્તારમાં ૩૧૮ તથા કોમર્શિયલ વિસ્તારમાં ૯૨ આસામીઓને નોટિસ આપવામાં આવી છે.

# કોરોના કાળમાં ખડેપગે સેવા આપનારા રાજકોટ સિવિલ હોસ્પિટલના નર્સને નિવૃત વિદાયમાન અપાયું



રાજકોટ,
રાજકોટની પંડિત દિનદયાળ ઉપાધ્યાય સિવિલ હોસ્પિટલ ખાતે લાંબા સમયથી નર્સિંગ ક્ષેત્રે નિષ્ઠાપૂર્વકની સેવાઓ આપનાર આસિસ્ટન્ટ નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ જાગૃતિબેન દેસાઇ વય નિવૃત્ત થતાં ટીએનએઆઇ લોકલ યુનિટ દ્વારા વિદાય અને સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. દર્દીઓની આંતરડી ઠારનાર અને સ્ટાફમાં જે.ડી. મેડમ તરીકેનું આગવું સ્થાન ધરાવતા જાગૃતિબેનને સમગ્ર નર્સિંગ પરિવાર દ્વારા ગૌરવભેર વિદાયમાન આપવામાં આવેલ

વર્ષ ૧૯૯૫માં જામનગરથી રાજકોટ ખાતે બદલી થઇ હતી. કુલ ૩૫ વર્ષની સુદીર્ઘ નર્સિંગ ડ્યુટી દરમિયાન તેમણે દર્દીઓને સનિષ્ઠ અને સંવેદનાસભર સેવા પૂરી પાડી છે. ખાસ કરીને કોરોના મહામારી જેવી અત્યંત પડકારજનક પરિસ્થિતિમાં પણ તેમણે સાથી કર્મચારીઓ સાથે ખભેખભા મિલાવીને રાત-દિવસ જોયા વિના અવિરત કામગીરી કરી ફરજનિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું હતું.વાઇસ પ્રિન્સિપાલ અરૂણાબેન, નર્સિંગ સુપ્રિ. પ્રકાશ પ્રજાપતિ, નિરવ દુધરેજીયા, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા બખતરીયા, નિવૃત્ત કર્મચારી કાગડા બ્રધર તેમજ હોસ્પીટલના નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. જાગૃતિબેને સૌનો આભાર માની સેવાયજ્ઞ ચાલુ રાખવા સંકલ્પ લીધો હતો.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ઓછા પાણીએ શિયાળુ પાકનું ઉત્પાદન અંગે એક દિવસીય તાલીમ યોજાઈ

જૂનાગઢ,
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ઓછા પાણીએ શિયાળુ પાકનું ઉત્પાદન અંગે એક દિવસીય તાલીમ યોજાઈ હતી.

સંશોધન વૈજ્ઞાનિકશ્રી ખેતી ઈજનેરીની કચેરી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ, હેઠળ ચાલતી યોજના "સેન્ટર ઓફ એક્સલેન્સ ઓન સોઈલ એન્ડ વોટર મેનેજમેન્ટ" અંતર્ગત "પિયત પાણીની અછતની પરિસ્થિતિમાં ઓછા પાણીએ શિયાળુ પાકનું ઉત્પાદન" વિષય પર ગત એક દિવસીય ખેડૂત તાલીમ આયોજન કિસાન વિકાસ ભવન, સરદાર સ્મૃતિ કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં જુનાગઢ જિલ્લાના જુદા જુદા ૧૨ ગામોમાંથી કુલ ૭૫ ખેડૂતોએ ભાગ લીધો હતો.

આ તાલીમના ઉદ્ઘાટન કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને શ્રી ડૉ. વી.પી.ચોવટીયા, કુલપતિશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ઉપસ્થિત રહ્યા હતા. સૌપ્રથમ શ્રી ડૉ.જી.વી.પ્રજાપતિ, સંશોધન વૈજ્ઞાનિકશ્રી ખેતી ઈજનેરી દ્વારા તાલીમનો હેતુ અને પૂર્વ ભૂમિકા આપવામાં આવી હતી. શ્રી ડૉ.વી.પી.ચોવટીયા, કુલપતિશ્રીએ જણાવ્યું હતું કે ચાલુ વર્ષે અલ-નીનોની અસર હોવાથી આગામી શિયાળુ પાકોની સીઝનમાં દર વર્ષે ૧૦ થી ૧૨ પાણ આપીને પકવતા પાકોને ફક્ત કટોકટીની અવસ્થાએ ૫ થી ૬ પાણમાં પકવવાનું આયોજન ખુબ જ વિચારીને કરવું પડશે.

આ ઉપરાંત પુરતુ પાણી ઉપલબ્ધ હોઈ ત્યારે પણ જો જરૂર કરતા વધુ પિયત આપવામાં આવે તો ભૂગર્ભ જળના ક્ષારો જમીનમાં ભળવાથી જમીનનું સ્વાસ્થ્ય બગડે છે. આથી સૌરાષ્ટ્રના ખેડૂતોએ ટપક અને ફુવારા જેવી સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિઓ તરફ વળવું જરૂરી છે.

શ્રી ડૉ.એચ.સી.છોડવડિયા, સહ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ સંશોધનથી વિકસિત ટેકનોલોજી ખેડૂતો સુધી પહોંચાડવામાં તાલીમ, પ્રત્યક્ષ નિદર્શન અને વિસ્તરણ પ્રવૃત્તિઓની ભૂમિકા અંગે માહિતી આપી હતી.

# રાજકોટ રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ દ્વારા રાજયભરમાં ૧૦૫ સદગુરૂ સુપર મેગા નેત્રયજ્ઞનો પ્રારંભ

## ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છ નિર્ધારિત તારીખે વિનામુલ્યે નેત્રમણી આરોપણ કરાશે

રાજકોટ
સદગુરૂદેવ ભગવાનશ્રી રણછોડદાસજી બાપુની અસીમ કૃપા તથા આશીર્વાદથી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પીટલ રાજકોટ દ્વારા ગુજરાત રાજયના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં વિનામૂલ્યે ૧૦૫ (એકસો આઠ) સદગુરૂ સુપર મેગા નેત્રયજ્ઞનું તા.૧થી તા.૩૧ સુધી આયોજન કરેલ છે.

આ વિનામૂલ્યે સદગુરૂ સુપર મેગા નેત્રયજ્ઞમાં દર્દી ભગવાનને જે તે સ્થળેથી વિનામૂલ્યે જ સંસ્થાની બસ દ્વારા લઈ આવવા તથા ઓપરેશન બાદ કેમ્પના સ્થળે પરત મુકી જવામાં આવે છે.દર્દીને રહેવા જમવા, ચા પાણી નાસ્તો, શુધ્ધ ઘીનો શીરો, દવા, ટીપા, ચશ્મા, તથા નેત્રમણી વિનામૂલ્યે જ બેસાડી આપવામાં આવે છે. તા.૧લી ઓકટોબરથી તા.૩૧મી ઓકટોબર સુધીમાં રાજકોટ, અમરેલી, ભાવનગર, જામનગર, મોરબી, ગીર સોમનાથ, દ્વારકા, બોટાદ, જુનાગઢ, પોરબંદર, કચ્છ, સુરેન્દ્રનગર, ભુજ, અમદાવાદ, પાટણ, બનાસકાંઠા જિલ્લામાં ૧૦૫ જેટલા વિનામૂલ્યે સદગુરૂ સુપર મેગા નેત્રયજ્ઞ યોજાશે જેનો લાભ લેવા એક યાદીમાં જણાવાયું છે.

ભારતભરમાં નેત્રાયજ્ઞમાં દાખલ થતા દર્દીઓને રણછોડદાસજી ચેરીટેબલ હોસ્પીટલ દ્વારા ફેકો મશીન દ્વારા ટાંકા વગરના સારા સોફટ ફોલ્ડેબલ લેન્સ નેત્રમણી વિનામૂલ્યે ઓપરેશન કરવામાં આવે છે. આજથી ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છમાં નિર્ધારીત તારીખે કેમ્પ યોજાનાર છે.

# રાજકોટના લાખાજીરાજ માર્કેટના રિનોવેશન દરમિયાન વેપારીઓની સમસ્યા ઓ સાંભળતા મનપા પદાધિકારીઓ

## રિનોવેશનની કામગીરી સુચારુ રાખવા અને શકય તેટલી સુવિધા આપવા ખાતરી

રાજકોટ,મહાનગરપાલિકા દ્વારા જ્યુબિલી વિસ્તાટરમાં આવેલી ઐતિહાસીક લાખાજીરાજ માર્કેટના રિનોવેશન માટે હાલ માર્કેટ બંધ કરવામાં આવી છે. રિનોવેશનના કારણે વેપારીઓને પડતી મુશ્કેરલીઓ અને કામગીરીને લગતા પ્રશ્નોની જાણકારી મેળવવા આજે મહાનગર પાલિકાના પદાધિકારીઓ તથા અધિકારીઓએ માર્કેટની રૂબરૂ મુલાકાત લીધી હતી.

પદાધિકારીઓએ માર્કેટના વેપારીઓ સાથે રૂબરૂ સંવાદ કરી રિનોવેશનને કારણે તેમને પડતી મુશ્કોલીઓ, વ્યરવસાયને થતી અસર અને જરૂરી સુવિધાઓ અંગેની રજૂઆતો સાંભળી હતી. વેપારીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા વિવિધ પ્રશ્નોના યોગ્યૂ નિરાકરણ માટે સંબંધિત અધિકારીઓ સાથે સ્થઆળ પર ચર્ચા કરવામાં આવી હતી.

રિનોવેશનની કામગીરી સુચારુ અને ઝડપી રીતે આગળ વધે તેમજ કામ દરમિયાન વેપારીઓને શકય તેટલી સુવિધા મળી રહે તે અંગે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યાં હતાં. લાખાજીરાજ માર્કેટના રિનોવેશન બાદ વેપારીઓ અને નાગરિકોને વધુ સુવિધાયુક્તં, સુરક્ષિત તથા સુવ્યીવસ્થિાત બજાર મળી રહે તે દિશામાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી રહી છે

# રાજકોટ રેલવે ડિવિઝનમાં સ્વચ્છતા અભિયાન યોજાયું



રાજકોટ,પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૬' અંતર્ગત સ્વચ્છતા, જનજાગૃતિ, કર્મચારી આરોગ્ય અને સુરક્ષા, પર્યાવરણ સંરક્ષણ તેમજ રેલવે વારસા સાથે જોડાયેલી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

રાજકોટ, હાપા, ઓખા અને સુરેન્દ્રનગર સહિતની વિવિધ રેલવે કોલોનીઓમાં પણ વિશેષ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું. કર્મચારી આરોગ્ય અને સુરક્ષા અંતર્ગત વાંકાનેર હેલ્થ યુનિટમાં સફાઈ મિત્રો માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરેન્દ્રનગરમાં સફાઈ કર્મચારીઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજીને પીપીઈ (પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ) કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું, જ્યારે જામનગરમાં પણ સફાઈ કર્મચારીઓને પીપીઈ કીટ અર્પણ કરવામાં આવી હતી. રેલવેના વારસાના સંરક્ષણ માટે રાજકોટ અને સુરેન્દ્રનગરમાં આવેલા હેરિટેજ સ્ટીમ એન્જિનોની વિશેષ સાફ-સફાઈ કરવામાં આવી હતી. બીજી તરફ, ઓખા ડેપો ખાતે 'કબાડમાંથી કલા' પહેલ હેઠળ બિનઉપયોગી રેલવે સ્ક્રેપમાંથી આકર્ષક કલાકૃતિઓ તૈયાર કરવામાં આવી હતી. આ પહેલ દ્વારા પુનઃઉપયોગ, સર્જનાત્મકતા, નવીનતા અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# રાજકોટમાં સર વિશ્વે સરૈયાના ૧૬૫મી જન્મજયંતિ "એન્જીન્યર્સ દિવસ પ્રસંગે પ્રશ્નોતરી સ્પર્ધા યોજાઈ




રાજકોટ,
પી એન્ડ ટી.વી શેઠ હાઈસ્કૂલમાં સર વિશ્વેસરૈયાના ૧૬૫મી જન્મજયંતિ એન્જીનીયર્સ દિવસ પ્રસંગે રાજકોટ શહેરની સરકારી પ્રાથમિક ,સરકારી તેમજ ગ્રાન્ટેડ માધ્યમિક શાળાની પ્રશ્નોતરી(કિવઝ ) સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે પ્રાથમિક શાળાઓ માટે પ્રશ્નોતરી કિવઝ સ્પર્ધા યોજવામાં આવી હતી.

# રાજકોટમાં સનશાઈન ગ્રુપ ઓફ ઈન્સ્ટીટ્યુશનમાં ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો




રાજકોટ,
સનશાઈન ગ્રુપ ઓફ ઈન્સ્ટીટ્યુશન ખાતે તાજેતરમાં "ઈમોશનલ ઈન્ટેલિજન્સ ફોર એજ્યુકેટર્સ" વિષય પર એક દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.વર્તમાન સમયમાં ટેકનોલોજી અને છૈં ના વધતા પ્રભાવ વચ્ચે શિક્ષકોમાં લાગણીશીલ વ્યક્તિત્વ અને વિદ્યાર્થીઓની લાગણીઓને સમજવાની ક્ષમતા કેળવાય તે હેતુથી આ સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં સમગ્ર સૌરાષ્ટ્રની ૫૦ થી વધુ શાળાઓ અને કોલેજોના ૧૦૦ થી વધુ ફેકલ્ટી સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# રાજકોટની એઈમ્સ હોસ્પીટલમાં રેસિડેન્ટ ડોક્ટરોની હડતાલ : ધરણા

## નર્સિંગ ઓફિસર દ્વારા મહિલા ડોક્ટર સાથે છેડતીના આક્ષેપથી રોષ

રાજકોટ,
રાજકોટની એઈમ્સ હોસ્પિટલમાં મહિલા રેસિડેન્ટ ડોક્ટર સાથે છેડતીના આક્ષેપને પગલે રેસિડેન્ટ ડોક્ટરોમાં ભારે રોષ ફેલાયો છે. આ ઘટનાના વિરોધમાં આજે અંદાજે ૫૦થી ૬૦ જેટલા રેસિડેન્ટ ડોક્ટરો એઈમ્સ હોસ્પિટલના ઈમરજન્સી-ટ્રોમા સેન્ટર પાસે એકત્ર થઈ હડતાલ પર ઉતર્યા છે.

મળતી માહિતી મુજબ, આક્ષેપિત ઘટના ગઈકાલે રાત્રિના સમયે બની હોવાનું જાણવા મળે છે. એઈમ્સ હોસ્પિટલના કાયમી કર્મચારી અને નર્સિંગ ઓફિસર લલિત દ્વારા મહિલા રેસિડેન્ટ ડોક્ટર સાથે ઈન્ટરફિયર કરી છેડતી કરવામાં આવી હોવાના આક્ષેપને પગલે રેસિડેન્ટ ડોક્ટરોમાં રોષ વ્યાપ્યો હતો. ઘટનાની જાણ થતાં તબીબોએ વિરોધ નોંધાવી જવાબદાર સામે કાર્યવાહી કરવાની માગણી કરી છે.

રેસિડેન્ટ ડોક્ટરો હડતાલ પર ઉતરી ઈમરજન્સી-ટ્રોમા સેન્ટર પાસે બેસી જતા હોસ્પિટલ તંત્રમાં પણ દોડધામ મચી હતી. ડોક્ટરો દ્વારા સમગ્ર મામલે યોગ્ય તપાસ કરી જવાબદાર સામે કડક કાર્યવાહી કરવાની માગણી કરવામાં આવી રહી છે.

દરમિયાન ઘટનાની જાણ થતાં પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલાએ એઈમ્સના ડેપ્યુટી ડાયરેક્ટર અંકુરપ્રતાપસિંહને રજૂઆત કરી હતી. તેમણે મહિલા ડોક્ટર સાથે બનેલી ઘટનાને ગંભીરતાથી લઈ તાત્કાલિક યોગ્ય પગલાં ભરવા માગ કરી હતી.

આ ઉપરાંત એઈમ્સના ઉચ્ચ અધિકારી તથા એક્ઝિક્યુટિવ ડાયરેક્ટરને પણ સમગ્ર મામલે જાણ કરવામાં આવી હતી. એઈમ્સ તંત્ર દ્વારા સમગ્ર મામલે યોગ્ય તપાસ અને જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. હાલ રેસિડેન્ટ ડોક્ટરોની હડતાલને પગલે હોસ્પિટલમાં સ્થિતિ પર તંત્ર દ્વારા નજર રાખવામાં આવી રહી છે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ ૬૫ લાખનો નફો કર્યો

## વાર્ષિક સામાન્ય સભામાં સંસ્થાની કામગીરી તથા હિસાબી સરવૈયા રજુ: આવકવેરા મુક્તિ મળી

રાજકોટ,
સમગ્ર ગુજરાતમાં પ્રતિષ્ઠાભર્યુ સ્થાન ધરાવતી અને વેપારીવર્ગની સાથોસાથ રેલવે-વિમાન જેવા નાગરિકોના પ્રશ્ર્નોએ અવાજ ઉઠાવવામાં અગ્રેસર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ ૬૫ લાખનો વાર્ષિક નફો નોંધાવ્યો છે. આ ઉપરાંત સંસ્થાને આવકવેરા મુક્તિ પણ મળી છે જેથી જરૂર પડયે મહત્વના પ્રોજેકટમાં ડોનેશન મેળવવામાં પણ સરળતા રહેશે.રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સની ૭૧મી વાર્ષિક સભા ગઈકાલે યોજાઈ હતી તેમાં સારી એવી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ પી.પી.વૈષ્ણવે કહ્યું કે સંસ્થા માત્ર રાજકોટ જ નહીં, સૌરાષ્ટ્ર-કચ્છના વેપાર પ્રશ્નોએ પણ સજાગ રહે છે અને સમસ્યાઓનુ નિરાકરણ લાવવા માટે મહત્વની ભૂમિકા ભજવે છે.

સંસ્થાએ સરકારી નીતિઓથી માંડીને તમામ ક્ષેત્રોમાં સક્રીય રસ લેવા સાથે સેમીનાર, મીટીંગ, ઓપન હાઉસ, અવેરનેશ જેવા કાર્યક્રમો યોજીને આગવી ઓળખ



ઉભી કરી છે. સહકારી નીતિ માટે થતા સૂચનોની પણ નોંધ લઈને તેમાં સમાવેશ કરાયા છે. નાના ઉદ્યોગો, જીએસટી, વિજળી, નિકાસ, આવકવેરા સહિતના ક્ષેત્રોના પ્રશ્નોનુ નિરાકરણ લવાય છે. સભ્યોના પ્રશ્નો-સૂચનોનો પણ નિવેડો લાવવામાં આવે છે.

સંસ્થાના મંત્રી નૌતમ બારસીયાએ વર્ષમાં કરેલી કામગીરી રજુ કરી હતી. ખજાનચી વિનોદ કાછડીયાએ વાર્ષિક સરવૈયુ રજુ કરતા જણાવ્યુ હતું કે ૨૦૨૫-૨૬ના નાણાવર્ષમાં ૬૫.૪૩ લાખનો નફો થયાનું જાહેર કર્યુ હતું. નવા નાણાંકીય વર્ષનું બજેટ રજુ કર્યુ હતું.

તેઓએ જાહેર કર્યુ હતું કે સંસ્થાને ૧૨એ તથા ૮૦જીનુ રજીસ્ટ્રેશન પણ મળી ગયુ છે. આ તકે ખાસ ઉપસ્થિત રહેલ ડો.પરસોતમ પીપરીયાએ બેંકમાં કોર્પોરેટ ગેરેન્ટર તથા વ્યક્તિગત ગેરેન્ટરની વ્યાખ્યા સ્પષ્ટ કરીને બેંક ધિરાણમાં તકેદારી વિશે માર્ગદર્શન આપ્યુ હતું. સભ્યોના પ્રશ્ર્નોના જવાબ પણ આપ્યા હતા. સભાના અંતમાં ઉપપ્રમુખ પાર્થ ગણાત્રાએ કહ્યું કે ચેમ્બર ઓફ કોમર્સ વેપારજગતના હિતમાં જ કાર્ય કરે છે અને કોઈપણ સૂચનો-મુશ્કેલી રજુ કરવાનુ આહવાન કર્યું હતું.

# જ્યારે કંઈક થાય ત્યારે તમને કોણ બચાવશે... પાયલટ સ્મિત મચ્છર

## પાયલટ સ્મિત મચ્છરે કોકપિટમાં જીવનું જોખમ ઊભું કરે તેવા સંઘર્ષ-કટોકટી દરમિયાન વિમાનમાં તાલીમબદ્ધ ક્રૂ સભ્યો હોવાના મહત્વ પર ભાર મૂકયો



નવી દિલ્હી,

કોકપિટમાં જીવનું જોખમ ઊભું કરે તેવા સંઘર્ષ દરમિયાન સહ-પાયલટ દ્વારા છરો મારવામાં આવ્યો તેના લગભગ એક વર્ષ પહેલાં, ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મચ્છરે કટોકટીના સમયે શિસ્ત, એકાગ્રતા અને તાલીમબદ્ધ ક્રૂના મહત્વ વિશે વાત કરી હતી. હવે, હવામાં બનેલી આ ઘટના બાદ દુબઈ-તેલ અવીવ ફ્લાઇટને સુરક્ષિત રીતે ઉતારવામાં મદદ કરનાર ફ્લાયદુબઈના આ પાયલટની પોડકાસ્ટમાં આપેલી ટિપ્પણીઓ વાયરલ થઈ છે.

ફ્લાયદુબઈની ફ્લાઇટ FZ૧૦૭૩નું સંચાલન કરી રહેલા સ્મિત મચ્છર ત્યારે ઘાયલ થયા હતા જ્યારે તેમના સહ-પાયલટે કથિત રીતે વિમાનની સિસ્ટમમાં ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. અહેવાલો અનુસાર, તેમણે એલાર્મ વગાડ્યું હતું અને ઘાયલ હોવા છતાં વિમાનને નિયંત્રિત કરવામાં મદદ કરવાનું ચાલુ રાખ્યું હતું.

'જ્યારે કંઈક થાય ત્યારે તમને કોણ બચાવશે...'

ઓક્ટોબર ૨૦૨૫માં રેકોર્ડ કરાયેલા 'બોનાફાઇડ બેન્ટર વિથ ઝલક મહેતા' નામના વિડિયો પોડકાસ્ટમાં, મચ્છરે વાત કરી હતી કે જ્યારે પાયલટો હવામાં અણધારી પરિસ્થિતિઓનો સામનો કરે છે ત્યારે શું થાય છે.

"જ્યારે આપણે હવામાં હોઈએ અને કંઈક બને, ત્યારે તમને કોણ બચાવશે?" તેમણે કટોકટી દરમિયાન વિમાનમાં તાલીમબદ્ધ ક્રૂ સભ્યો હોવાના મહત્વ પર ભાર મૂકતા કહ્યું.

સ્મિત મચ્છરે કહ્યું કે જો વિમાનમાં ડૉક્ટર હોય તો મુસાફરો 'ભાગ્યશાળી' ગણાય, પરંતુ કેબિન ક્રૂને પણ કટોકટીનો સામનો કરવાની તાલીમ આપવામાં આવે છે અને જરૂર પડે ત્યારે તેઓ જીવ બચાવવામાં મદદ કરી શકે છે. "વિમાનમાં ડૉક્ટર હોય તો સારું, પણ જો ન હોય તો પણ ક્રૂ તાલીમબદ્ધ હોય છે—હું એમ નથી કહેતો કે તેઓ સર્જરી વગેરે કરવા માટે તાલીમબદ્ધ હોય છે—પરંતુ તેઓ તમારો જીવ બચાવી શકે છે. ક્રૂ પ્રત્યે લોકોનો દ્રષ્ટિકોણ જેવો છે તે દુર્ભાગ્યપૂર્ણ છે. પરંતુ જ્યારે પરિસ્થિતિ બગડે છે, ત્યારે તમને તેમની જરૂર પડે છે," તેમણે કહ્યું.

સ્મિત મચ્છરે કોકપિટની અંદર જરૂરી શિસ્ત વિશે પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે પાયલટો ઊંડી ચર્ચાઓમાં પડવાનું ટાળે છે કારણ કે ફ્લાઇટ દરમિયાન વાતચીત ધ્યાન ભટકાવી શકે છે. "અમે ઊંડી ચર્ચાઓમાં ન પડવાનો પ્રયાસ કરીએ છીએ, કારણ કે જ્યારે તમે ઊંડી ચર્ચામાં પડો છો ત્યારે તમારું ધ્યાન ભટકી શકે છે," તેમણે કહ્યું.

તેમણે સમજાવ્યું કે પાયલટો પાસે મહત્વપૂર્ણ ક્ષણો માટે 'સ્વિચ-ઓન' મોડ હોય છે અને તેમણે વાવાઝોડા દરમિયાન ભારે ટર્બ્યુલન્સ (હવાના જોરદાર ઝાપટાં) વચ્ચે વિમાન ઉડાવ્યાનો અનુભવ પણ યાદ કર્યો હતો. "જ્યારે અમે વાત નથી કરતા, ત્યારે તેનો અર્થ એ નથી કે અમે ડરી ગયા છીએ," તેમણે પડકારજનક પરિસ્થિતિઓમાં જરૂરી એકાગ્રતા વિશે વાત કરતા કહ્યું.

# વિઝાના દુરુપયોગનો ખુલાસો કરનારા અમેરિકનોને મોતની ધમકીઓ મળી

વોશિંગ્ટન,

શ્રમ વિભાગના ઈન્સ્પેક્ટર જનરલ એન્થોની ડી'એસ્પોસિટોએ જણાવ્યું હતું કે સરકારી અધિકારીઓ અને અમેરિકનોને આ મુદ્દા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે, ત્યારબાદ ટ્રમ્પ વહીવટીતંત્ર એવા લોકોને ચેતવણી આપી રહ્યું છે જેઓ કથિત વિઝા દુરુપયોગ, છેતરપિંડી અને કામદારોના શોષણ વિશે બોલે છે, તેમને ડરાવવા નહીં.

ડી'એસ્પોસિટોએ ઠ પર એક પોસ્ટમાં ચેતવણી જારી કરી હતી, જેમાં કહ્યું હતું કે સરકારી અધિકારીઓ અથવા અમેરિકનો સામે "છેતરપિંડી, શોષણ અને વિઝા દુરુપયોગ દ્વારા ગુમાવેલી નોકરીઓ" વિશે બોલવાની ધમકીઓ "ક્યારેય સ્વીકાર્ય નથી".

"મોતની ધમકીઓ ક્યારેય સ્વીકાર્ય નથી - સરકારમાં આપણામાંથી જેઓ અથવા વિઝા દુરુપયોગ દ્વારા ગુમાવેલી છેતરપિંડી, શોષણ અને નોકરીઓ વિશે બોલતા અમેરિકનો સામે. ડરશો નહીં. અમે આગળ આવનારાઓને ટેકો આપવા માટે સંસાધનો રજૂ કરી રહ્યા છીએ," ડી'એસ્પોસિટોએ લખ્યું.

શ્રમ વિભાગના ઈન્સ્પેક્ટર જનરલ કાર્યાલય વિદેશી-કામદારોના વિઝા કાર્યક્રમો સાથે સંકળાયેલા કથિત છેતરપિંડી અને શોષણની તપાસનો વિસ્તાર કરી રહ્યા છે ત્યારે આ ચેતવણી આપવામાં આવી છે.

ઓગસ્ટમાં, ડી'એસ્પોસિટોએ જણાવ્યું હતું કે ૈ એ ડલ્લાસમાં સેંકડો મંજૂર ૐ-૧ૠ અરજીઓ ધરાવતી કંપનીઓ સાથે જોડાયેલા સ્થળોએ ફિલ્ડ ચેકિંગ હાથ ધર્યું હતું. એજન્સીના જણાવ્યા અનુસાર, તપાસકર્તાઓને ઘણી ઓફિસો મળી જે નિષ્ક્રિય દેખાતી હતી.

૧૮ સપ્ટેમ્બરના રોજ, શ્રમ વિભાગના ૈ એ જણાવ્યું હતું કે તપાસકર્તાઓએ વિદેશી-શ્રમ છેતરપિંડીની તપાસના ભાગ રૂપે ડઝનેક સમન્સ જારી કર્યા હતા અને સર્ચ વોરંટનો અમલ કર્યો હતો.

વિભાગે એમ પણ કહ્યું હતું કે કોગ્નિઝન્ટ અને ક્લાઉડેરા તરફથી વિઝા અરજીઓ ફોજદારી તપાસ બાકી હોવાથી સસ્પેન્ડ કરવામાં આવી હતી.

# આસામમાં ૯ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ, નકલી ભારતીય ઓળખપત્રો મળી આવ્યા

બોંગાઈગાંવ,

એક સંયુક્ત કાર્યવાહીમાં, આસામના બોંગાઈગાંવ જિલ્લાના ન્યૂ બોંગાઈગાંવ રેલ્વે સ્ટેશન પરથી નવ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી.

પત્રકારો સાથે વાત કરતા બોંગાઈગાંવના એસએસપી (SSP) નુમાલ મહત્તાએ કહ્યું, "અમે એક સંયુક્ત અભિયાન દરમિયાન ન્યૂ બોંગાઈગાંવ રેલ્વે સ્ટેશન પરથી નવ બાંગ્લાદેશી નાગરિકોને ઝડપી લીધા છે. પૂછપરછ દરમિયાન અમને જાણવા મળ્યું કે તે તમામ નવેય બાંગ્લાદેશના નાગરિકો હતા. તેમની પાસેથી બાંગ્લાદેશી રાષ્ટ્રીય ઓળખપત્રો મળી આવ્યા છે."એસએસપીએ કહ્યું, "અમને તેમની પાસેથી છ મોબાઈલ ફોન, એક બાંગ્લાદેશી પાસપોર્ટ, ત્રણ શંકાસ્પદ નકલી ભારતીય આધાર કાર્ડ અને પાંચ રેલ્વે ટિકિટ પણ મળી આવી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે તેઓ પાડોશી રાજ્ય થઈને આસામમાં પ્રવેશ્યા હતા અને ન્યૂ બોંગાઈગાંવ રેલ્વે સ્ટેશનથી બહાર જવાની યોજના બનાવી રહ્યા હતા."

તેમણે વધુમાં ઉમેર્યું, "શરૂઆતમાં અમે છ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી હતી અને ત્યારબાદ અન્ય ત્રણની ધરપકડ કરવામાં આવી હતી. તેમની સામે કાયદેસરની તમામ કાર્યવાહી કરવામાં આવશે. તેઓ કામ માટે બહાર જવાની યોજના બનાવી રહ્યા હતા."આ કાર્યવાહી બોંગાઈગાંવ પોલીસ દ્વારા ન્યૂ બોંગાઈગાંવ જીઆરપી (GRP) ના સહયોગથી હાથ ધરવામાં આવી હતી.

# ટ્રાફિક દંડ ન ભરનારાઓ માટે ઓનલાઈન અને વાહન સંબંધિત સેવાઓ સ્થગિત કરવાનો નિર્દેશ

## અધિકારીઓ દંડ વસૂલવામાં સક્ષમ ન હોય ત્યાં સુધી ફક્ત હજારો કે લાખો ઈ-ચલણ જારી કરવાનો કોઈ હેતુ નથી

નવીદિલ્હી,

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પાસે આશરે ૨૦,૦૦૦ કરોડના ટ્રાફિક ઈ-ચલણો બાકી છે. સોમવારે, સુપ્રીમ કોર્ટે આ રકમ વસૂલવા માટે આવા ટ્રાફિક ચલણોને વીજળી બિલ સાથે જોડવાનું સૂચન કર્યું. આ પછી, સુપ્રીમ કોર્ટે ગુરુવારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ટ્રાફિક દંડ ન ભરનારાઓ માટે ઓનલાઈન અને વાહન સંબંધિત સેવાઓ સ્થગિત કરવાનો નિર્દેશ આપ્યો.એક અહેવાલ મુજબ, સુપ્રીમ કોર્ટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ટ્રાફિક દંડ ન ભરનારા વાહનો માટે નોંધણી નવીકરણ, ફિટનેસ અને પ્રદૂષણ નિયંત્રણ હેઠળ પ્રમાણપત્ર જારી કરવા, માલિકી ટ્રાન્સફર કરવા અને ડ્રાઈવિંગ લાઈસન્સ રિન્યૂ કરવાનું સ્થગિત કરવાનો નિર્દેશ આપ્યો છે. આ પગલું માર્ગ સલામતી કાયદાઓના ઈલેક્ટ્રોનિક અમલીકરણને વધુ અસરકારક



બનાવવાના રાષ્ટ્રવ્યાપી પ્રયાસનો એક ભાગ છે.જસ્ટિસ જે.બી. પારડીવાલા અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે એ પણ નિર્દેશ આપ્યો હતો કે બાકી ઈ-ચલણવાળા વાહનોને સેન્ટ્રલ ટ્રાન્સપોર્ટ પોર્ટલ પર બ્લેકલિસ્ટ કરવામાં આવે, તેમના વેચાણ અથવા ટ્રાન્સફરને અવરોધિત કરવામાં આવે, અને બાકી ટ્રાફિક દંડ ચૂકવવામાં ન આવે ત્યાં સુધી કોઈપણ કેન્દ્ર સરકારને પીયુસી પ્રમાણપત્ર જારી કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં. બહુવિધ ઉલ્લંઘનોના કિસ્સાઓમાં, અધિકારીઓને ડ્રાઈવિંગ લાઈસન્સ રિન્યૂ અટકાવવા અને હાલના લાઈસન્સ સસ્પેન્ડ કરવા માટે પગલાં લેવા કહેવામાં આવ્યું છે.બેન્ચે કહ્યું કે જ્યાં સુધી અધિકારીઓ દંડ વસૂલવામાં સક્ષમ ન હોય ત્યાં સુધી ફક્ત હજારો કે લાખો ઈ-ચલણ જારી કરવાનો કોઈ હેતુ નથી. કોર્ટને જાણ કરવામાં આવી હતી કે તાજેતરના ભૂતકાળમાં જારી કરાયેલા ઈ-ચલણ પર આશરે ૪૯,૧૯૪.૦૫ કરોડ બાકી હતા, જેમાંથી અત્યાર સુધીમાં ૨૬,૧૭૫.૦૫ કરોડ વસૂલ કરવામાં આવ્યા છે.અહેવાલ મુજબ, સોમવારે, ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને કે.વી. વિશ્વનાથનની બેન્ચને કહેવામાં આવ્યું હતું કે મોટી સંખ્યામાં ટ્રાફિક ચલણ જારી કરવામાં આવ્યા હોવા છતાં, ખૂબ ઓછા દંડ વસૂલવામાં આવી રહ્યા છે.

# ફ્લાયદુબઈએ ઈઝરાયેલ આવતી-જતી ફ્લાઈટ્સ સ્થગિત કરી

દુબઈ,

દુબઈ સ્થિત એરલાઇન 'ફ્લાયદુબઈ' દ્વારા બુધવારે (૩૦ સપ્ટેમ્બર) ફ્લાઇટ હ્લઢ૧૦૭૩ સાથે સંકળાયેલી ઘટના બાદ ઈઝરાયેલ આવતી અને ત્યાંથી જતી તમામ ફ્લાઈટ્સ કામચલાઉ ધોરણે સ્થગિત કરી દીધી છે. એરલાઇને આ વાતની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, આ નિર્ણય સંબંધિત સત્તાવાળાઓ સાથેના સંકલનમાં લેવામાં આવ્યો છે કારણ કે આ ઘટનાની તપાસ હજુ ચાલુ છે. આ સ્થગિતતા કામચલાઉ છે અને જ્યાં સુધી સત્તાવાળાઓ ફ્લાઇટ દરમિયાન શું થયું હતું તે નક્કી ન કરે ત્યાં સુધી તે અમલમાં રહેશે. ફ્લાયદુબઈએ કહ્યું કે તે તપાસમાં સહકાર આપી રહી છે અને સરકારી સત્તાવાળાઓ, નિયમનકારો અને એરપોર્ટના હિતધારકો સાથે સંપર્કમાં છે.

એરલાઇન મુસાફરોની સુરક્ષાને પ્રાથમિકતા આપે છે

પોતાના નિવેદનમાં, ફ્લાયદુબઈએ કહ્યું કે તેના મુસાફરો અને ક્રૂની સુરક્ષા અને સુખાકારી તેમજ તેની ફ્લાઈટ્સનું સુરક્ષિત સંચાલન તેની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. એરલાઇને જણાવ્યું હતું કે સેવાઓ સ્થગિત કરવાથી સત્તાવાળાઓને ઘટનાની તપાસ કરવા અને હકીકતો જાણવા માટે વધારાનો સમય મળશે.

"અમે ચાલુ તપાસને સમર્થન આપવા અને અમારા સમગ્ર નેટવર્કમાં સુરક્ષાના ઉચ્ચતમ ધોરણો જાળવી રાખવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છીએ," તેમ એરલાઇને જણાવ્યું હતું. ફ્લાયદુબઈએ ઉમેર્યું હતું કે વધુ માહિતી ઉપલબ્ધ થતાં તે સ્થગિતતા અંગે સમીક્ષા કરવાનું ચાલુ રાખશે.

# અમદાવાદ શ્રેણીબદ્ધ વિસ્ફોટોમાં દોષિત અબુ અબુબકર બરેલવીની મૃત્યુદંડની સજા પર કામચલાઉ રોક

## બરેલવીએ ગુજરાત હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો

નવીદિલ્હી,

ગુજરાતના અમદાવાદમાં ૨૦૦૮માં થયેલા શ્રેણીબદ્ધ વિસ્ફોટોના કેસમાં દોષિત અબ્બુ અબુબકર બરેલવીને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી. સુપ્રીમ કોર્ટેતેમની મૃત્યુદંડની સજા પર સ્ટે મુકી દીધો છે. કોર્ટે તેમની સજાને પડકારતી બરેલવીની અરજી પર નોટિસ જારી કરી હતી, જેમાં કહેવામાં આવ્યું હતુંકે તેમની મૃત્યુદંડની સજા હાલ પૂરતો અમલમાં મૂકવામાં આવશે નહીં. તેમણે ગુજરાત હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે.

સુપ્રીમ કોર્ટે દોષિત અહેમદ બાવા અબુ અબુબકર બરેલવીની અરજી પર નોટિસ જારી કરી છે. બરેલવીએ ગુજરાત હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે, જેમાં તેમની સજા અને મૃત્યુદંડની સજાને સમર્થન આપવામાં આવ્યું છે.બરેલવીના વકીલે જસ્ટિસ વિક્રમ નાથની બેન્ચને જણાવ્યું હતું કે તેમને ફક્ત કાવતરાના આધારે દોષિત ઠેરવવામાં આવ્યા છે. તેમણે ગુજરાત કોર્ટના ચુકાદાના અનુવાદ માટે અરજી પણ દાખલ કરી હતી, કારણ કે ટ્રાયલ કોર્ટના દસ્તાવેજો સ્થાનિક ભાષામાં છે. જસ્ટિસ નાથે જવાબ આપ્યો, "ઠીક છે, ફાંસી પર સ્ટે રહેશે." કોર્ટે આ મામલે જવાબ માંગતી તપાસ એજન્સીને પણ નોટિસ જારી કરી.૭ જુલાઈ, ૨૦૨૬ ના રોજ, ગુજરાત હાઈકોર્ટે સ્પેશિયલ કોર્ટના નિર્ણયને સમર્થન આપ્યું, જેમાં ૩૮ લોકોની મૃત્યુદંડની સજાને સમર્થન આપ્યું. કોર્ટે ૧૧ દોષિતોની આજીવન કેદની સજાને પણ સમર્થન આપ્યું. અમદાવાદ શ્રેણીબદ્ધ વિસ્ફોટ કેસમાં, નીચલી કોર્ટે ફેબ્રુઆરી ૨૦૨૨ માં તેની સજા જાહેર કરી હતી, જેમાં ૪૯ આરોપીઓમાંથી ૩૮ ને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી.૨૬ જુલાઈ, ૨૦૦૮ ના રોજ, અમદાવાદમાં ૨૧ સ્થળોએ બોમ્બ વિસ્ફોટ થયા હતા, જેમાં ૫૬ લોકો માર્યા ગયા હતા અને ૨૫૦ થી વધુ ઘાયલ થયા હતા. ઈન્ડિયન મુજાહિદ્દીનએ આ વિસ્ફોટોની જવાબદારી સ્વીકારી હતી. આ વિસ્ફોટો સાંજે ૬:૩૦ થી ૮:૧૫ વાગ્યાની વચ્ચે ૨૦ સ્થળોએ થયા હતા. સરકારી હોસ્પિટલો અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને ન્યૂહોસ્પિટલ, બસ સ્ટેન્ડ, બજારો અને પાર્કિંગ લોટ સહિત ભીડવાળા વિસ્તારોમાં સાયકલ અને કારમાં ટિફિન બોમ્બ મૂકવામાં આવ્યા હતા અને તે વિસ્ફોટ થયા હતા.

# પટાવાળા હોય કે મુખ્ય સચિવ, કાયદાની એક સમાન નજરમાં બધા સમાન : સુપ્રીમ કોર્ટ

## દરેક વ્યક્તિને ન્યાય મેળવવાનો સમાન અધિકાર

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે કહ્યું કે કાયદાની નજરમાં બધા સમાન છે. સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી અલ્હાબાદ હાઈકોર્ટમાં ભૂતપૂર્વ જિલ્લા ન્યાયાધીશને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી કાઢી મૂકવાના આરોપને પડકારતી અરજીની પ્રાથમિકતા સુનાવણીનો નિર્દેશ આપવાનો ઈનકાર કરતી વખતે કરી હતી. બેન્ચે કહ્યું હતું કે વ્યક્તિ બસ પટાવાળા હોય કે રાજ્યના મુખ્ય સચિવ, તેનાથી કોઈ ફરક પડતો નથી. દરેક વ્યક્તિને ન્યાય મેળવવાનો સમાન અધિકાર છે.

કોર્ટે જણાવ્યું હતું કે બંધારણીય સમાનતાના આ ક્ષેત્રમાં, તે વ્યક્તિગત ધોરણે કોઈ પણ વ્યક્તિ સાથે ભિન્ન વર્તન કરી શકતી નથી. ભૂતપૂર્વ જિલ્લા ન્યાયાધીશે દલીલ કરી હતી કે તેમની અરજી અલ્હાબાદ હાઈકોર્ટમાં પેન્ડિંગ છે અને કોર્ટના ભારે કેસલોડને કારણે સુનાવણીમાં લાંબો સમય લાગી રહ્યો છે. આ અંગે સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે હાઈકોર્ટને પ્રાથમિકતા પર કેસ સાંભળવાનો નિર્દેશ આપવો એ તેમના વારાની રાહ જોઈ રહેલા અન્ય અરજદારો માટે અન્યાયી હશે.

બેન્ચે શરૂઆતમાં સંકેત આપ્યો હતો કે આ મામલો મુખ્ય ન્યાયાધીશની આગેવાની હેઠળની બેન્ચ સમક્ષ વધુ વિચારણા કરી શકાય છે, પરંતુ મુખ્ય ન્યાયાધીશ આજે હાજર નહોતા.

# મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળના ટીએમસીના ચાર બેંક ખાતાઓ અનફ્રીઝ કરવાનો સુપ્રીમ કોર્ટે ઈનકાર કર્યો

## કોલકાતા હાઈકોર્ટના અગાઉના આદેશમાં દખલ કરવાનો પણ ઈનકાર

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે ગુરુવારે મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળના તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) જૂથને મોટો ફટકો આપ્યો. સુપ્રીમ કોર્ટે તેના ચાર ડેબિટ-ફ્રોઝન બેંક ખાતાઓ ચલાવવાની પરવાનગી માંગતી ટીએમસીની અરજી ફગાવી દીધી. કોર્ટે આ માંગણીને નકારી કાઢતા કોલકાતા હાઈકોર્ટના અગાઉના આદેશમાં દખલ કરવાનો પણ ઈનકાર કર્યો હતો.



સુનાવણી દરમિયાન, ન્યાયાધીશ એમ.એમ. સુંદરેશ અને પી.બી. વરાલેની બેન્ચે જણાવ્યું હતું કે ચૂંટણી પંચે પક્ષના ચૂંટણી ચિહ્નને સ્થિર કરી દીધું છે અને ખાતાઓમાં રહેલા ભંડોળનો હકદાર માલિક કોણ છે તે મહત્વપૂર્ણ પ્રશ્ન હજુ પણ કોર્ટ સમક્ષ પેન્ડિંગ હોવાથી, તેઓ આ મામલામાં ઊંડાણપૂર્વક તપાસ કરશે નહીં.સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે તે કેસના ગુણદોષમાં ઊંડા ઉતરવા માંગતી નથી અને કલમ ૧૩૬ હેઠળ તેની સત્તાઓનો ઉપયોગ કરવાના પક્ષમાં નથી. અમે કોલકત્તા હાઈકોર્ટને આ કેસની સુનાવણી ઝડપી બનાવવા વિનંતી કરીએ છીએ.ટીએમસીએ જાહેર ક્ષેત્રની બેંકોમાં તેના ચાર ખાતાઓ ચલાવવાની પરવાનગી માંગી હતી જે પશ્ચિમ બંગાળ પોલીસે ફ્રીઝ કરી દીધા હતા. પક્ષે દલીલ કરી હતી કે આ ખાતાઓ ફ્રીઝ કરવા સંબંધિત એફઆઈઆરમાં પ્રક્રિયાગત ખામીઓ હતી.૨૭ ઓગસ્ટના રોજના તેના આદેશમાં, કોલકત્તા હાઈકોર્ટેઆશરે ૮૦૪ કરોડ ધરાવતા ચાર બેંક ખાતાઓના સંચાલનને મંજૂરી આપવાનો ઈનકાર કર્યો હતો.

# સેવોક ખાતે એનએચ-૧૦ પર ૧,૧૭૬ કરોડના ખર્ચે તિસ્તા નદી પર સિક્સલેન પુલ બનાવવામાં આવશે

## સિલિગુડી, સિક્કિમ અને ઉત્તરપૂર્વ વચ્ચે મુસાફરો અને માલસામાનની અવરજવરને સરળ બનશે

નવીદિલ્હી,

સિક્કિમ અને ઉત્તરપૂર્વની મુસાફરી કરતા પ્રવાસીઓ માટે મોટા સમાચાર આવ્યા છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે તિસ્તા નદી પર ૧,૧૭૬ કરોડના ખર્ચે નવા છ-લેન પુલના નિર્માણને મંજૂરી આપી છે. આ પુલ પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ જિલ્લામાં સેવોક ખાતે એનએચ-૧૦ પર બનાવવામાં આવશે. આ આશરે ૬.૯ કિલોમીટર લાંબો પ્રોજેક્ટ, જેમાં તેનો એપ્રોચ રોડ પણ શામેલ છે, સિલિગુડી અને સિક્કિમ વચ્ચે અને ઉત્તરપૂર્વમાં કનેક્ટિવિટીને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે તિસ્તા નદી પર નવા છ-લેન પુલ માટે ૧,૧૭૬ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આ પુલ પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ જિલ્લામાં સેવોક ખાતે એનએચ-૧૦ પર બનાવવામાં આવશે. એપ્રોચ રોડ સહિત તેની કુલ લંબાઈ આશરે ૬.૯ કિલોમીટર હશે. દ્ગૐ-૧૦ એ સિલિગુડીથી સિક્કિમને જોડતા મુખ્ય રસ્તાઓમાંનો એક છે. પ્રવાસન, વેપાર, સ્થાનિક અવરજવર અને અન્ય આવશ્યક પરિવહનને કારણે આ માર્ગ પર સતત ટ્રાફિક રહે છે.

નવા પુલથી મુસાફરો અને માલસામાનને ફાયદો થવાની શક્યતા છે. હાલના રોડ નેટવર્કમાં ભારે ટ્રાફિક જામ થઈ રહ્યો છે. નવા છ-લેન પુલના નિર્માણથી વધારાની વાહન ક્ષમતા મળશે અને સેવોકની આસપાસ ટ્રાફિક જામ ઓછો કરવામાં મદદ મળશે. આનો હેતુ સિલિગુડી, સિક્કિમ અને ઉત્તરપૂર્વ વચ્ચે મુસાફરો અને માલસામાનની અવરજવરને સરળ બનાવવાનો છે. સુધારેલ રોડ કનેક્ટિવિટી સ્થાનિક વ્યવસાયો અને પર્યટનને પણ લાભ પહોંચાડવાની અપેક્ષા છે.સિલિગુડી કોરિડોરને ઘણીવાર "ચિકન નેક" તરીકે ઓળખવામાં આવે છે. તે ઉત્તરપૂર્વને દેશના બાકીના ભાગ સાથે જોડતો એક મહત્વપૂર્ણ ભૂમિ માર્ગ છે. ટ્રાફિક, હવામાન અથવા અન્ય કારણોસર આ સાંકડા વિસ્તારમાં ટ્રાફિક વિક્ષેપ સમગ્ર ઉત્તરપૂર્વમાં રોડ કનેક્ટિવિટીને અસર કરી શકે છે. તેથી, સેવોક ખાતે એક મજબૂત અને વધુ સક્ષમ પુલ બનાવવાને આ મહત્વપૂર્ણ માર્ગની રોડ ક્ષમતા વધારવા તરફ એક પગલું માનવામાં આવે છે.આ પ્રોજેક્ટ ૬૧,૫૦૦ કરોડના કોરિડોર સાથે પણ જોડાશે. તિસ્તા બ્રિજ એકમાત્ર મોટો પ્રોજેક્ટ નથી. ગડકરીએ અગાઉ ૬૧,૫૦૦ કરોડના ખર્ચે ૬૩૦ કિલોમીટર લાંબા સિલિગુડી-ગુવાહાટી-શિલોંગ હાઈવે કોરિડોરની જાહેરાત કરી હતી. ઉત્તર પ્રદેશમાં સિલિગુડીથી ગોરખપુરને જોડતો એક એક્સપ્રેસવે પણ વિકસાવવામાં આવી રહ્યો છે. આસામમાં હાલમાં આશરે ૪,૭૦૦ કિલોમીટરના ૨૬૫ રોડ પ્રોજેક્ટ્સ નિર્માણાધીન છે, જેનો કુલ ખર્ચ આશરે ૨ લાખ કરોડ છે. પરિણામે, તિસ્તા બ્રિજને ઉત્તરપૂર્વમાં ચાલી રહેલા મુખ્ય રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તરણનો મુખ્ય ભાગ ગણી શકાય.

### મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને ઘેરવાની તૈયારી

# કેરળની કોંગ્રેસ સરકારે ૨૦ વર્ષ જૂનો આત્મહત્યાનો કેસ ફરીથી ખોલ્યો

## કેરળના ગૃહ વિભાગે ૨૦ વર્ષ પહેલાં મલેશિયન એન્જિનિયરની આત્મહત્યા સંબંધિત ફાઈલોની વિનંતી કરી

નવીદિલ્હી,

સમગ્ર વિપક્ષ હાલમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યો છે. તેમની સામે વિવિધ સ્થળોએ વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. રેલીઓ થઈ રહી છે, પોસ્ટર વોર થઈ રહી છે, તેમના પુતળા દહન કરવામાં આવી રહ્યા છે, અને તેમના રાજીનામાની માંગણીઓ થઈ રહી છે... આ બધા વચ્ચે, કેરળમાંથી બહાર આવતા સમાચાર વધુ ચોંકાવનારા છે. કેરળમાં કોંગ્રેસ સરકાર જ્ઞાનેશ કુમાર સામે ૨૦ વર્ષ જૂના આત્મહત્યા કેસને ફરીથી ખોલવાની તૈયારી કરી રહી છે. કેરળના ગૃહ વિભાગે ૨૦ વર્ષ પહેલાં મલેશિયન એન્જિનિયરની આત્મહત્યા



સંબંધિત ફાઈલોની વિનંતી કરી છે.

તેઓએ (કેરળના ગૃહ વિભાગે) ૨૦૦૬ માં વિજિલન્સ અને ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રારંભિક તપાસમાંથી ફાઈલોની વિનંતી કરી છે. તે સમયે, જ્ઞાનેશ કુમાર કેરળમાં જાહેર બાંધકામ વિભાગના સચિવ તરીકે પોસ્ટ કરવામાં આવ્યા હતા. ઝઈઝ સામે આ કાર્યવાહી એવા સમયે કરવામાં આવી છે જ્યારે ઈન્ડિયા બ્લોક એસઆઈઆરમાં કથિત ગેરરીતિઓ અંગે જ્ઞાનેશ કુમાર સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યું છે. કોંગ્રેસ દેશભરના લગભગ એક ડઝન રાજ્યોમાં તેમના વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરી રહી છે. કોંગ્રેસનો આરોપ છે કે જીંઇ માં ગેરરીતિઓ થઈ છે અને જ્ઞાનેશ કુમાર ઈસીમાં મનસ્વી રીતે વર્તી રહ્યા છે.

તત્કાલીન નાણામંત્રી અને સીપીએમ નેતા ટીએમ થોમસ આઈઝેક દ્વારા સોશિયલ મીડિયા પોસ્ટ પછી આ ૨૦ વર્ષ જૂનો કેસ ફરી ચર્ચામાં આવ્યો. તેમણે પોતાની પોસ્ટમાં આ ૨૦ વર્ષ જૂના કેસનો ઉલ્લેખ કર્યો. ઈસાકે યાદ કર્યું કે મલેશિયાના અધિકારી લી બીન સીનની સુસાઈડ નોટમાં તત્કાલીન સચિવ (પીડબ્લ્યુડી) જ્ઞાનેશ કુમારનું નામ પણ હતું.

### રાજકોટના શિક્ષણ જગતને કલંક લગાડતી ઘટના

# મેથ્સમાં નાપાસ કરવાની ધમકી આપી છાત્રા પર શિક્ષકનું દુષ્કર્મ





## પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી નરાધમ શિક્ષક મોહિત ટાંક (ઉ.વ.૩૮)ની ધરપકડ કરી

રાજકોટ :

રાજકોટના શિક્ષણ જગતને કલંક લગાડતી અને વાલીઓ માટે ચિંતાજનક અને ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. શહેરની એક સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષક મોહિત ટાંકે ધો. ૮માં અભ્યાસ કરતી છાત્રાને મેથ્સમાં નાપાસ કરવાની ધમકી આપી સ્કૂલમાં જ તેની સાથે અવાર-નવાર અડપલાં કર્યા બાદ એક દિવસ પોતાના ફ્લેટે લઈ જઈ દુષ્કર્મ ગુજાર્યું હતું. જેની જાણ થતાં ચોંકી ઉઠેલા વાલીઓએ રાજકોટ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી નરાધમ શિક્ષક મોહિત ટાંક (ઉ.વ.૩૮)ની ધરપકડ કરી હતી.

ભોગ બનનાર છાત્રાની માતાએ પોલીસને જણાવ્યું કે તેની પુત્રી ૨૦૨૩થી લઈ ૨૦૨૬ સુધી એમ ત્રણ વર્ષ ધો. ૬થી ૮માં સરકારી શાળામાં અભ્યાસ કરતી હતી. હાલ બીજી શાળામાં અભ્યાસ કરે છે. ગઈ તા. ૨૩ના રોજ તે ઘરે હતી ત્યારે પુત્રીને ગુમસુમ જોઈ ચિંતા થઈ હતી. હિંમત આપી પૂછતા કહ્યું કે મમ્મી, હું ગત જાન્યુઆરી માસમાં જ્યારે ધો. ૮માં અભ્યાસ કરતી હતી ત્યારે મેથ્સનો પિરિયડ લેવા આવતા મોહિત ટાંક સરે મને એક દિવસ કહ્યું કે હું તને મેથ્સમાં સારા માર્ક્સ આપી પાસ કરાવી દઈશ, તું મને બહુ ગમે છે.

ત્યારબાદ ક્લાસમાં કોઈ ન હોય ત્યારે તેને હગ અને કિસ કરતા હતા. તે વિરોધ કરે તો મેથ્સમાં ફેઈલ કરવાની ધમકી આપતા હતા, જેને કારણે કોઈને કાંઈ કહી શકતી નહતી. ગત જાન્યુઆરી માસમાં સવારે સ્કૂલે પહોંચી ત્યારે ઓફિસમાં બેઠેલા મોહિત સરે તેને બોલાવી કહ્યું કે આપણે ઘરે જવું છે, જેનો તેણે ઈન્કાર કરતા તેની પાછળ આવી તેની બેગ ખેંચવા લાગ્યા હતા અને કહ્યું કે તને કોઈ પૂછે તો કહેજે બૂક ઘરે ભૂલી ગઈ છું, એટલે સર મને ઘરે મુકવા આવે છે, જો તું તેમ નહી કરે તો તને મેથ્સમાં ફેઈલ કરી દઈશ, ભણતરમાં આગળ નહીં વધવા દઉં.

આ ધમકીને કારણે ડરી જતાં સાથે જવા સિડીથી ઉતરતી હતી ત્યારે અન્ય છાત્રાઓ અને તેના વાલીઓ તેને જોઈ ગયા હતા. પૂછ્યું ક્યાં જાય છે તો કહ્યું કે બૂક ઘરે ભૂલી ગઈ છું એટલે મોહિત સર મને ઘરે મુકવા આવે છે તેવું બહાનું બતાવ્યું હતું. આ પછી મોહિત સર તેને પોતાની કારમાં મવડી રોડ પરના સ્વામિનારાયણ ચોકની આજુબાજુ આવેલા ફ્લેટે લઈ ગયા હતા. તેને બેડરૂમમાં લઈ હગ અને કિસ શરૂ કરી દીધી હતી. તેણે પુછ્યું સર આ શું કરો છો તો કહ્યું કે મેથ્સમાં પાસ થવું છે ને, આગળ વધવું છે ને તો કોઈને આ વાત કહીશ તો મેથ્સમાં ફેઈલ કરી દઈશ. આ પછી તેની ઉપર દુષ્કર્મ ગુજાર્યું હતું.

આ પછી તેને પોતાની કારમાં બેસાડી સ્કૂલે ઉતારી દીધી હતી. આ ઘટનાક્રમ પછી પણ તેને ખાલી ક્લાસમાં બોલાવી અવારનવાર હગ અને કિસ કરતા હતા. તેમ પણ કહેતા કે જો હું કહું તેમ નહીં કરવા દે તો તને મેથ્સમાં ફેઈલ કરી દઈશ, હું મારી જાતે હાથમાં છરકા મારી દઈશ. પુત્રીની આપવીતી જાણ્યા બાદ ચોંકી ઉઠેલા વાલીઓએ રાજકોટ તાલુકા પોલીસ મથકના પીઆઈ એસ.આર. મેઘાણીનો સંપર્ક કરતા તત્કાળ પોક્સો સહિતની કલમો નોંધી શિક્ષક મોહિતની અટકાયત કરી ધનિષ્ટ પૂછપરછ શરૂ કરી છે.

# શાપરમાં કારખાનામાં ગેટ ફિટ કરતી વખતે કરંટ લાગ્યો

## હાઈટેન્શન લાઈન અડકતા બે યુવકોના મોત, ક્રેન ચાલકનો આબાદ બચાવ; પોલીસ તપાસ શરૂ





રાજકોટ:રાજકોટ જિલ્લાના શાપર-વેરાવળ પંથકમાં એક હ્રદયદ્રાવક દુર્ઘટના સામે આવી છે. શાપરથી રીબડા સાઈડ પર આવેલા ન્યારા પેટ્રોલ પંપ અને રીબડા પાણીના ટાંકા વચ્ચેના કાચા રોડ પર એક નિર્માણાધીન કારખાનામાં શેડનો ગેટ ફિટ કરવાની કામગીરી ચાલી રહી હતી.

આ દરમિયાન ક્રેન હાઈટેન્શન વીજલાઈનના સંપર્કમાં આવી જતાં કરંટ લાગવાથી બે યુવકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં છે.જ્યારે ક્રેનચાલકનો આબાદ બચાવ થયો છે. આ અચાનક બનેલી ઘટનાથી સમગ્ર પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ૧ ઓક્ટોમ્બર ૨૦૨૬ ગુરૂવારે સાંજે પોણા છ વાગ્યાના આસપાસ હિતેશભાઈના નિર્માણાધીન કારખાનામાં રીબડાની 'શિવ ક્રેન' ની મદદથી ગેટ ફિટ કરવાની કામગીરી ચાલી રહી હતી. આ કામગીરી દરમિયાન ઉપરથી પસાર થતી જીવલેણ હાઈટેન્શન વીજલાઈન ક્રેન અથવા ગેટના સંપર્કમાં આવી ગઈ હતી, જેના કારણે ભારે વીજશોક લાગતા બંને વ્યક્તિઓ ગંભીર રીતે ઝપેટમાં આવી ગયા હતા અને સ્થળ પર જ પ્રાણપંખેરું ઉડી ગયા હતા.આ ગમખ્વાર અકસ્માતમાં મૃત્યુ પામનાર હિરેનભાઈ અરવિંદભાઈ રાઠોડ ઉ.વ. ૩૫, રહે. કોઠારીયા (રાજકોટ) દિપેશભાઈ હરિભાઈ હરસોડા ઉ.વ.૩૮ રહે. કોઠારીયા (રાજકોટ) નું મોત નીપજ્યું છે. મૃતક હિરેનભાઈ તેમની માતાના એકના એક દીકરા હોવાનું જાણવા મળ્યું છે, જેના કારણે તેમના અકાળ અવસાનથી માતા પર દુ:ખનો મોટો પહાડ તૂટી પડ્યો છે. જ્યારે દિપેશભાઈના પરિવારમાં માતા, પિતા અને પત્ની છે, જેમના અચાનક ચાલ્યા જવાથી પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે.

# કાલાવડ રોડ પર અને તરઘડી પાસે લાખેણી બે કાર એકાએક સળગી ઉઠી : જાનહાની ટળી





## ફાયરબ્રિગેડની ટીમોએ આગ પર કાબુ તો મેળવ્યો પણ બંને કાર આગમાં ખાખ

રાજકોટ:રાજકોટના કાલાવડ રોડ અને તરઘડી ગામ પાસે બે અલગ-અલગ કારમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠવાની ઘટનાઓ સામે આવી છે. સદનસીબે બંને દુર્ઘટનાઓમાં સમયસૂચકતા વાપરવાના કારણે મોટી જાનહાની ટળી ગઈ છે.

જો કે, આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં બંને લક્ઝરી કાર બળીને સંપૂર્ણપણે ખાખ થઈ ગઈ હતી. ફાયરબ્રિગેડની ટીમોએ ઘટનાસ્થળે પહોંચીને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

પ્રથમ આગની ઘટના કાલાવડ રોડ પર કટારીયા ચોકડી પાસે આવેલ રંગોલી પાર્કમાં બની હતી. ત્યાં પાર્ક કરેલ એક હેરિયર કાર નં. જીજે-૦૩-જીએ-૧૭૫૫માં અચાનક શોર્ટસર્કિટના કારણે બોનેટના ભાગમાંથી ધુમાડા નીકળવા લાગ્યા હતા. મિનિટોમાં આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગની ઘટનાથી થોડા સમય માટે અફરાતફરી મચી ગઈ હતી.

જે બાદ કાર માલિકે ફાયરબ્રિગેડની ટીમને જાણ કરતાં દોડી આવેલ ફાયરની ટીમે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. બીજી ઘટના રાજકોટ નજીક આવેલા તરઘડી ગામ પાસે હાઈવે પર ઘટી હતી. જ્યાં તરઘડી ગામના કુરજીભાઈ મોલિયાની હોટલ જામનગર હાઈવે પર આવેલ છે. તેમની કાર તેમના સંબંધી લઈ ગયાં હતાં. જેઓ ગઈકાલ બપોરે કાર લઈ હોટલ પરત આવ્યાં ત્યારે કારમાં શોર્ટ સર્કિટ થતાં એકાએક આગ ફાટી નીકળી હતી.

ડ્રાઈવરે સમય સૂચકતા વાપરીને ગાડીને રોડની એક બાજુએ ઉભી રાખી દીધી હતી અને તમામ મુસાફરો તાત્કાલિક નીચે ઉતરી ગયા હતા. હાઈવે પર કાર ભડભડ સળગવા લાગતા દૂર-દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતી.

જે ઘટના અંગે કાર માલીકે ફાયરબ્રિગેડની ટીમને જાણ કરતાં તાત્કાલિક વોટર બ્રાઉઝર અને ફાયર ફાઈટર સાથે ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવીને આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં બંને કારનો માત્ર લોખંડનો સાંચો જ બચ્યો હતો. પ્રાથમિક અનુમાન મુજબ, શોર્ટ સર્કિટ અથવા એન્જિનમાં ટેકનિકલ ખામીને કારણે આ આગ લાગી હોવાનું મનાઈ રહ્યું છે.

# તબીબી બેદરકારીના કારણે મહિલાનું મોત થયાનો આક્ષેપ

## રાજકોટની શિવ હોસ્પિટલમાં લિગામેન્ટની સર્જરી સમયે તબિયત લથડી, તબીબે "રેર" કેસ ગણાવ્યો! 'એનેસ્થેસિયાનું ઈન્જેકશન આપ્યાની ૫ મિનિટમાં દર્દીની હાલત ગંભીર બની'








રાજકોટ:રાજકોટમાં તબીબની બેદરકારીના લીધે ૩૯ વર્ષીય મહિલાનું મૃત્યુ થયાના આક્ષેપની ઘટનાએ ચકચાર મચી છે. શાપર વેરાવળમાં રહેતા ઈલાબેન નેના પડી ગયા હોવાથી ડાબા ગોઠણની લીગામેન્ટ સર્જરી કરાવવાની હોવાથી શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આવેલી શિવ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે તેમને એનેસ્થેસિયાનું ઈન્જેક્શન આપ્યા બાદ એન્ટિબાયોટિક આપ્યા બાદ રીએક્શન સ્વરૂપે દર્દીને છાતીમાં દુખાવો થયો અને તે પછી બ્લડ પ્રેશર લો થતા દર્દી કોમામાં ચાલ્યુ ગયું. જે પછી અન્ય હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવતા દર્દીનું મૃત્યુ નિપજ્યું. ઓપરેશન તો ન થયું પરંતુ પરિવારજનોને મેડિકલનો રૂ.૧૦ લાખ જેટલો ખર્ચ થઈ ગયો. જેથી પરિવારજનોએ ન્યાયની માંગણી કરી છે તો ડોક્ટરે દવાનું રિએક્શન હોવાનું કહીને આ કેસને રેર ગણાવ્યો છે.

મૃતક ઈલાબેન નેનાના સગા રાહુલભાઈ ચિત્રોડાએ જણાવ્યું હતું કે, મારા વાઈફના મોટા બેન ઈલાબેન શૈલેષભાઈ નેના છે. જેમની ઉંમર ૩૯ વર્ષની છે. એમને ડાબા પગમાં થોડો પ્રોબ્લેમ હતો. બે મહિના પહેલા ગાડીમાંથી પડી ગયા હતા. જેથી ગાદીમાં ક્રેક જેવું હશે. જેના લીધે નોર્મલ દુખાવો હતો. જેથી શિવ હોસ્પિટલમાં ગત ૨૮ સપ્ટેમ્બરના સવારે ૧૧ વાગ્યા આસપાસ એડમિટ થયા. એડમિટ થયા બાદમાં તેમને એનેસ્થેસિયાનું ઈન્જેકશન આપ્યું તેની ૫ મિનિટમાં જ પેશન્ટની હાલત ગંભીર થઈ ગઈ અને પેશન્ટ કોમામાં જ જતું રહ્યું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોઈપણ ઓપરેશન થાય. માઈનર હોય કે મેજર તો એમાં નોર્મલી બીપી, ડાયાબિટીસ, લંગ્સ આ બધા નોર્મલ રિપોર્ટ તો કરવાના હોય જ. જે આ લોકોએ કરેલા જ હતા. પેશન્ટ એકદમ હેલ્ધી હતું, પેશન્ટ પોતે ચાલતું હતું. એવું નથી કે પથારીવશ હતું. પેશન્ટની ઉંમર ૯૦ વર્ષની પણ નહોતી કે આપણે એવું માની શકીએ કે પેશન્ટની ઉંમર વધારે હતી તો એની એટલી કેપેસિટી નથી કે આ એનેસ્થેસિયાનો ડોઝ સહન કરવાની. પેશન્ટની ઉંમર ૩૯ વર્ષની હતી. પેશન્ટ એકદમ હેલ્ધી હતું તો એનેસ્થેસિયાના ડોઝ પછી જ એને પાંચ જ મિનિટમાં કેમ કોમામાં જતા રહ્યા? અને કોમામાં જતા રહ્યા એ પછી અમને એ લોકોએ આખો દિવસ રાખ્યા ત્યાં. પછી રાતે ૧૦ વાગ્યે એ લોકોએ કીધું કે આપણી પાસે ઈકમો મશીન નથી.જેથી મેડિકેર હોસ્પિટલમાં શિફ્ટ કર્યા. જ્યાં બે દિવસ રાખ્યા અને ગઈકાલે રાતે ૧૧ વાગ્યે મૃત જાહેર કર્યા. શિવ હોસ્પિટલમાં લિગામેન્ટની જે સર્જરી કરવાના હતા એ કૌશલ પટેલ હતા. પણ એનેસ્થેસિયાનો ડોઝ કોણે આપ્યો એ ખબર નથી.

શિવ હોસ્પિટલમાં રૂ.૯૮ હજાર તો મેડિકેરમાં રૂ.૯ લાખનો ખર્ચ થયો. મારા સાઢુભાઈની કેપેસિટી એટલી બધી નથી કે આટલા બધા ખર્ચા કરી શકે. તે રૂ.૩૫ હજારમાં નોર્મલ કારખાનામાં જોબ કરે છે અને એનો દીકરો અત્યારે ભણે છે. જેની રૂ.૧૨ લાખ MBBSની ફી છે. ફર્સ્ટ યરમાં તેને એડમિશન લીધું છે. જેના માટે જે પૈસા બચાવેલા હતા એ બધા પૈસા આમાં જ જતા રહ્યા.અમારી માંગ એ જ છે કે બીજા કોઈ સાથે આવી ઘટના ન બને અને આ પરિવારને ન્યાય મળે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવે એની રાહ જોઈએ છીએ. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવશે એમાં જો કંઈ આવશે તો અમે યોગ્ય કાયદેસરની કાર્યવાહી ૧૦૦% કરશું. શિવ હોસ્પિટલ પર કરશું. આ ઉપરાંત પોલીસમાં એફઆઈઆર દાખલ કરશું.

# નિષ્ઠુર માતાએ નિર્જન નદી કાંઠે ફૂલ જેવી બાળકીને ત્યજી દીધી

રાજકોટ :

રાજકોટની ભાગોળે કાલાવડ રોડ પર આવેલા વિરડા વાજડી ગામ પાસે નદી કિનારે આજે સવારે માનવતાને હચમચાવી નાખે તેવી ઘટના સામે આવી હતી. માત્ર ૭ દિવસની નવજાત બાળકીને કોઈ નિષ્ઠુર માતાએ નદી કિનારે ત્યજી દીધી હતી. જીવનની શરૂઆતના સાતમા જ દિવસે મોતના ભરોસે મૂકાયેલી આ બાળકીની જાણ થતાં જ ૧૦૮ ઈમરજન્સી સેવાને જાણ કરવામાં આવી હતી.

સવારે આશરે ૮.૨૪ કલાકે જાણ મળતાં જ મેટોડા ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. સ્થળ પર પહોંચતા બાળકીની સ્થિતિ અત્યંત ગંભીર હોવાનું જણાયું હતું. લાંબા સમય સુધી ખુલ્લામાં પડી રહેવાને કારણે બાળકીના શરીરનું તાપમાન ખૂબ જ ઘટી ગયું હતું. તબીબી ભાષામાં આ સ્થિતિને હાઈપોથર્મિયા કહેવામાં આવે છે. એટલું જ નહી, બાળકી યોગ્ય રીતે રડી પણ શકતી ન હતી. પરિસ્થિતિની ગંભીરતા પારખીને ઈએમટી મનીષા પરમારે સમય બગાડયા વિના નવજાત પુનર્જિવન સારવાર (ન્યુબોર્ન રિસસિટેશન), બાળકની સફાઈ અને શરીરનું તાપમાન સામાન્ય જાળવવાની સારવાર શરૂ કરી હતી.

પ્રાથમિક સારવાર દરમિયાન બાળકીમાં જીવનના સંકેતો સુધરવા લાગ્યા અને જરૂરી સ્ટિમ્યુલેશન બાદ તે રડવા લાગી! જાણે મોતના મુખમાંથી જીવન તરફ પાછી ફરી હોય તેમ બાળકીની સ્થિતિમાં સુધારો જોવા મળ્યો. ત્યારબાદ વધુ સારવાર અને તબીબી દેખરેખ જરૂરી હોવાથી સુરક્ષિત રીતે જનાના હોસ્પિટલ ખાતે ખસેડી હતી.

# રાજસ્થાની ટ્રક ડ્રાઈવરને રીક્ષામાં બેસાડી લૂંટી લેનાર જંગલેશ્વરનો કુખ્યાત શખ્સ ઝડપાયો

## મોરબી રોડ પર રૈયાણી કલીનીક સામે ઉતારી રીક્ષા ચાલકે બેફામ મારમારી મોબાઈલ - રોકડની લૂંટ ચલાવી, તી



રાજકોટ:માધાપર ચોકડીથી બેસેલ રાજસ્થાની ટ્રક ડ્રાઈવરને રીક્ષામાં બેસાડ્યા બાદ મોરબી રોડ પર રૈયાણી કલીનીક સામે ઉતારી રીક્ષા ચાલકે બેફામ મારમારી મોબાઈલ અને રોકડની લૂંટ ચલાવી નાસી છુટેલ કુખ્યાત શખ્સને ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી પાડી તમામ મુદ્દામાલ રિકવર કર્યો હતો.

બનાવ અંગે રાજસ્થાનના બાડમેર જિલ્લામાં રહેતાં તરુણકુમાર ઉમેદારામ પજ્ઞુ (ઉ.વ.૨૧) એ નોંધાવેલ ફરીયાદમાં અજાણ્યા શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તે ડ્રાઈવીગ કામ કરે છે. ગઈ તા.૨૭ ના રોજ તે રાજસ્થાનથી ટ્રેકટરનુ ડ્રાઈવીગ કામ કરવા શેઠ હરીભાઈ સોલંકીએ ધ્રોલ બોલાવતા તે ધ્રોલ આવેલો હતો. ત્યા પહોંચતા શેઠ હરીભાઈને ફોન કરતા તેમણે જણાવેલ કે હવે ધ્રોલ કામ નથી. તમે ગોંડલ રૂપાવટી ખાતે આવી જાવ તેમ શેઠે જણાવતા તે ધ્રોલથી ઈકો ગાડીમાં માધાપર ચોકડી પહોચેલો અને ત્યાંથી એક રીક્ષામાં બેસી ગ્રીનલેન્ડ ચોકડી ખાતે આવવા રવાના થયેલો હતો.

બાદમા રીક્ષા ડ્રાઈવરે મોરબી રોડ જકાતનાકાથી અંદર જુના મોરબી રોડ બાજુ રીક્ષા લઈને ગીરીરાજ પાર્ટી પ્લોટ સામે આવેલા ક્રાંતી માનવ સેવા વાળા રોડ પર રીક્ષા જવા દીધેલી અને તે રોડ પર આવેલ રૈયાણી ડેન્ટલ એન્ડ સ્કીન કલીનીક સામે રોડ પર રીક્ષા ચાલકે રીક્ષા ઉભી રાખી યુવકને નીચે ઉતારી રીક્ષા ચાલકે મારમારી ફોન તથા રોકડ મળી કુલ રૂ.૨૩૫૦૦ ની મતાની લૂંટી ચલાવી ત્યાથી નાશી ગયેલો હતો.

બનાવ અંગે બી ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયા બાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ ગુનાનો ભેદ ઉકેલવા સક્રિય થઈ હતી. દરમિયાન પીએસઆઈ વી.ડી.ડોડીયાની ટીમના એએસઆઈ અમિતકુમાર અગ્રાવત, હેડ કોન્સ્ટેબલ ગોપાલભાઈ બોળીયા તથા રાજેશભાઈ જળુને મળેલ હકીકત આધારે આરોપી સંજય શંકરલાલ રાજાણી (ઉ.વ.૫૧, રહે. જંગલેશ્વર શેરી નં.૧૫, હુશેની ચોક) ને શિતલ પાર્ક મેઈન રોડ પરથી દબોચી લુંટમાં ગયેલ રોકડ અને મોબાઈલ કબ્જે કરી કાર્યવાહી કરી હતી. ઉલ્લેખનીય છે કે, આરોપી વિરુદ્ધ અગાઉ પણ અલગ અલગ પોલીસ મથકમાં અનેક ગુના નોંધાયેલ હોવાનું પણ સામે આવ્યું છે.

# પડાણાથી કોલસો ભરી સોનગઢ જતી ટ્રકનો રાજકોટની ભાગોળે અકસ્માત: ચાલકનું મોત

રાજકોટ:રાજકોટની ભાગોળે આવેલી બેડી ચોકડી પાસે ગઈકાલે મોડી રાત્રે બે ટ્રક વચ્ચે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં એક ટ્રકચાલકનું કરુણ મોત નીપજ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના જામદેવળિયા ગામના વતની ધરમશીભાઈ શામરાભાઈ પંડિત (ઉં.વ.૩૫) પોતાની ટ્રક લઈને પડાણાથી કોલસો ભરીને તાપીના સોનગઢ જઈ રહ્યા હતા ત્યારે આ કાળમુખો અકસ્માત સર્જાયો હતો. બનાવ અંગે રાજકોટ બી-ડિવિઝન પોલીસે ટ્રકચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મૃતક ધરમશીભાઈ તેમના મિત્ર દેવાભાઈ દેવશીભાઈ આંબલિયા (ઉં.વ.૩૯)નો ટ્રક નંબર GJ 24 V 9887 ભાગીદારીમાં ચલાવતા હતા. મંગળવારે રાત્રે ૧૧:૩૦ વાગ્યા આસપાસ ધરમશીભાઈએ ધ્રોલ પહોંચી ફાસ્ટેગમાં બેલેન્સ પૂરું થતાં દેવાભાઈને ફોન કરી બેલેન્સ નંખાવ્યું હતું. ત્યારબાદ રાત્રે દોઢ વાગ્યાના સુમારે બેડી ચોકડી પાસે સામેથી આવી રહેલી ટ્રક નંબર GJ 12 BY 5482ના ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી ધરમશીભાઈની ટ્રક સાથે જોરદાર ટક્કર મારી હતી.આ અકસ્માતમાં ધરમશીભાઈને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું સારવાર મળે તે પહેલાં મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડ્યો હતો. મૃતકના મિત્ર દેવાભાઈ આંબલિયાની ફરિયાદના આધારે બી-ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રૈયાધારમાં નામીચા ભવદીપ ઉર્ફે હાંડા આણી ટોળકીનો આતંક : યુવક પર હુમલો, કારમાં તોડફોડ

## કુખ્યાત શખ્સોને પોલીસનો ભય જ ન હોય તેમ બેખૌફ બન્યાં, યુવકને ટોળકીએ પાઈપ અને પથ્થર વડે માર મારતાં ઈજાગ્રસ્ત થયો

રાજકોટ:રૈયાધારમાં કુખ્યાત ભવદીપ ઉર્ફે હાંડા આણી ટોળકીએ રાત્રિના સમયે આતંક મચાવ્યો હતો. નામીચા શખ્સે યુવાનની કારમાં પથ્થરનો ઘા ઝીકી કાચ ફોડી નાખ્યો હતો. જે મામલે ટપારવા ગયેલા યુવાનને ગાળો ભાંડી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી ચાર શખ્સોની ટોળકીએ પાઈપ અને પથ્થર વડે માર માર્યો હતો. આટલેથી નહિ અટકતા લુખ્ખા તત્વોએ યુવાનના ઘરે ધસી જઈ ઈંટના છૂટા ઘા કર્યા હતા. સમગ્ર મામલે યુનિવર્સીટી પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

બનાવ અંગે રામાપીર ચોકડી નજીક બાર માળીયા આર.એમ.સી. ક્વાર્ટર બ્લોક નં ૬૦૧/૬૧૦ માં રહેતા ૨૮ વર્ષીય યુવાન આનંદભાઈ ઉર્ફે બાબુભાઈ રણછોડભાઈ પરમારે આરોપી તરીકે કુખ્યાત ભવદીપ ઉર્ફે હાંડો પરેશ ડાભી, બંટી પ્રતાપ સોલંકી, અરમાન ઉર્ફે અનુ ચમન સોઢા અને આશિષ ઉર્ફે દેવલો રમેશ રાવળદેવનું નામ આપી જણાવ્યું હતું કે, ગઈ તા. ૨૯ ના રોજ રાત્રીના અગિયાર વાગ્યે તે રાણીમાં રૂડીમાં ચોકમાં ઠાકરધણી હોટલે ચા પાણી તથા પાન મસાલો ખાવા માટે મારી પાસે છેલ્લા ત્રણ વર્ષથી રહેલ મિત્ર ચીરાગ વાગડીયાની વર્ના કાર નંબર જીજે-૦૩-કેએચ-૦૦૪૬ લઈ ગયેલ હતો. કાર સાઈડમાં પાર્ક કરી તે ઠાકરધણી હોટલની અંદર ચા પીતો હતો, તે વખતે મીત્ર રવિ પરમારે અંદર આવી વાત કરેલ કે, ભવદીપ ઉર્ફે હાંડાએ પથ્થર મારી તારી કારનો પાછળનો કાચ ફોડી નાખેલ છે. જેથી દુકાનની બહાર નીકળી જોયું તો વર્ના કારના કાચ તુટેલ અને કાર પાસે ભવદીપ ઉર્ફે હાંડો ડાભી ઉભેલ હતો. જેથી ભવદીપને પૂછેલું કે, તને મારી સાથે શું દુશ્મની છે? કે તે મારી ગાડી ના કાચ તોડી નાખ્યા? જે સાંભળી ભવદીપ ગાળો આપવા લાગેલ હતો. બંટી પ્રતાપ સોલંકી પણ ભવદીપ સાથે હાજર હોય તે બંને શખ્સો ગાળો આપવા લાગેલ હતા.

દરમિયાન યુવાને કોઈ મોટો ઝઘડો ન થાય તે માટે ૧૧૨ માં ફોન કરતા ભવદીપે કહેલ કે, તે પોલીસમાં કેમ ફોન કરેલ તેમ કહી ઢીકા-પાટુનો માર મારવા લાગેલ હતો. ભવદીપના હાથમાં પાઈપ હોય તેના બે ઘા પડખામાં મારી દીધેલ હતાં. બંટી પ્રતાપ સોલંકીએ ગાળો આપી પથ્થરના છુટ્ટા ઘા મારેલ હતા. દરમિયાન ભવદીપ ઉર્ફે હાન્ડાના મિત્રો અરમાન ઉર્ફે અનુ ચમન સોઢા તથા આશીષ ઉર્ફે દેવલો રમેશ રાવળદેવએ ગાળો આપી જાતિ પ્રત્યે અપશબ્દો ઉચ્ચાર્યા હતા. દરમિયાન ત્યાં હાજર લોકોએ યુવાનને વધુ મારમાંથી બચાવ્યો હતો. બાદમાં યુવાનને સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. દરમિયાન ભવદીપ ઉર્ફે હાંડાએ યુવાનના ઘરે જઈ ઈંટના છુટા ઘા કરી ઘરના દરવાજામાં નુકસાન કરેલ હતું. જેથી સમગ્ર મામલે યુવાને ફરિયાદ આપતાં યુની. પોલીસે ચારેય શખ્સો સામે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# ભાયાવદરમાં જુગાર રમતા ૭ શખ્સો ઝડપાયા

## રોકડ, જુગારનું સાહિત્ય સહિત રૂ. ૩.૩૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત



રાજકોટ:ભાયાવદર પોલીસે જુગારધામ પર દરોડો પાડી ૭ શખ્સોને પકડ્યા છે. પોલીસે તેમની પાસેથી રૂ. ૩.૩૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હડિયાસર ગામની ખારા વાળી સીમમાં દરોડો પાડવામાં આવ્યો હતો.

અહી દેવેનસિંહ ઉર્ફે દિગુભા સહિત કુલ ૭ શખ્સો જુગાર રમતા પકડાયા હતા. પોલીસે તેમની પાસેથી રોકડ, જુગારનું સાહિત્ય, મોબાઈલ ફોન અને મોટરસાયકલો સહિત રૂ. ૩,૩૧,૯૦૦/-નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.